અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૦ એપ્રિલ ૨૦૨૫, ગુરુવાર
વિક્રમ સંવત ૨૦૮૧, ચૈત્ર સુદ ૧૩

વર્ષ : ૧૬
અંક : ૨૭૭

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### સાત ધાતુની નિકાસ રાતોરાત બંધ કરી

## ડોનાલ્ડ ટ્રમ્પના ટેરિફ વોર સામે ચીનનું મેટલ વોર

### આ એવી ધાતુઓ છે જે ચીનમાં પુષ્કળ માત્રામાં મળી આવે છે અને વિશ્વમાં એની સૌથી વધુ નિકાસ ચીન જ કરે છે

। (એજન્સી) બેઈજીંગ, તા.૯ ।

ટ્રમ્પના ટેરિફ યુદ્ધથી વિશ્વ ખળભળી ઊઠ્યું છે. અન્ય દેશો સહિત ટ્રમ્પે ચીન પર આકરો ટેરિફ લાદી દીધો છે અને એમાં હજુ વધારો કરવાની ચીમકી આપી છે. એવામાં ડ્રેગન શાંત બેસી રહે એ તો કેમ બને? ટ્રમ્પના ટેરિફ વોરની સામે ચીને મેટલ વોર છેડી દીધું છે. આજના ટેક્નોલોજીકલ જમાનામાં જેના વિના પ્રગતી અટકી પડે એવી અત્યંત મહત્ત્વની ૭ દુર્લભ ધાતુઓની નિકાસ ચીને બંધ કરી દીધી છે. આ એવી ધાતુઓ છે જે ચીનમાં પુષ્કળ માત્રામાં મળી આવે છે અને વિશ્વમાં એની સૌથી વધુ નિકાસ ચીન જ કરે છે.

ચીને જે સાત ધાતુઓની નિકાસ બંધ કરી દીધી છે તે છે ગેડોલિનિયમ, ટર્બિયમ, સમેરિયમ, ડિસપ્રોસિયમ, સ્કેન્ડિયમ, યટ્રીયમ અને લ્યુટેટીયમ. આ તમામ ધાતુના નામ તમે કદાચ પહેલીવાર સાંભળી રહ્યા હશો. અજાણી લાગતી આ ધાતુઓ આપણા જીવનમાં મહત્ત્વનો ભાગ ભજવે છે, કેમ કે તેમનો ઉપયોગ એવી ચીજવસ્તુઓ બનાવવામાં થાય છે જેને આપણે રોજબરોજની જિંદગીમાં વાપરતા હોઈએ છીએ. કેટલાય એવા ઉદ્યોગો છે જે આ ધાતુઓના અભાવે ઠપ થઈ જાય. ચીન આ ધાતુઓનું મોટામાં મોટું નિકાસકાર હોવાથી તેની આ ચાલથી વિશ્વના તમામ દેશોને અસર પડશે.

**કઈ ધાતુ કેવા કામમાં આવે છે?**

૧. ગેડોલિનિયમ : આ ધાતુનો ઉપયોગ ચુંબક બનાવવામાં થાય છે. તેનો ઉપયોગ ઈલેક્ટ્રોનિક સામાન અને ડેટા સ્ટોરેજ ઉપકરણોમાં પણ થાય છે. સ્ટીં સ્કેન કરતી વખતે ગેડોલિનિયમ કેન્સરગ્રસ્ત ગાંઠો શોધવામાં મદદ કરે છે. પરમાણુ રિએક્ટરમાં પણ તેની હાજરી જરૂરી છે.

૨. ટર્બિયમ : આ ધાતુનો ઉપયોગ ઈલેક્ટ્રિક બલ્બ અને પારાના લેમ્પમાં થાય છે. તે એક્સ-રેને સલામત અને સ્વચ્છ બનાવવામાં મદદ કરે છે.

૩. સમેરિયમ : આ ધાતુનો ઉપયોગ હેડફોન અને પર્સનલ સ્ટીરિયો જેવી વસ્તુઓમાં થાય છે. ઓપ્ટિકલ લેસર અને ન્યુક્લિયર રિએક્ટરમાં પણ તેનો ઉપયોગ થાય છે.

૪. ડિસ્પ્રોસિયમ : આ ધાતુ પવનચક્કીઓ અને ઈલેક્ટ્રિક વાહનોમાં મજબૂત ચુંબક બનાવવા માટે વપરાય છે. તેનો ઉપયોગ પરમાણુ રિએક્ટરના કન્ટ્રોલર રોડમાં પણ થાય છે.

૫. સ્કેન્ડિયમ : આ ધાતુનો ઉપયોગ હલકી પણ મજબૂત વસ્તુઓ બનાવવા માટે થાય છે. ફાઈટર જેટ વિમાન, હાઈ-એન્ડ સાયકલ ફ્રેમ અને બેઝબોલ બેટ જેવી અનેક ચીજોને મજબૂતી આપવા માટે અને વજન ન વધે એ રીતે બનાવવા માટે આ ધાતુઓ ઉપયોગ થાય છે.

૬. યટ્રીયમ : આ ધાતુનો ઉપયોગ એલઈડી લાઈટ, લેસર, કેમેરા લેન્સ અને સુપરકન્ડક્ટર બનાવવામાં થાય છે. તે કેન્સરની સારવારમાં પણ ખૂબ મદદરૂપ છે.

૭. લ્યુટેટિયમ : આ ધાતુ તેલ સાફ કરવામાં મદદ કરે છે. તેલ રિફાઈનરીઓમાં હાઈડ્રોકાર્બનને તોડવા માટે તેનો ઉપયોગ થાય છે.

ઉદ્યોગો માટે ખૂબ જ જરૂરી એવી દુર્લભ ધાતુઓની નિકાસ પર રોક લગાવીને ચીને અમેરિકા સહિત દુનિયાભરના દેશોનું નાક દબાવવાનો પેંતરો અજમાવ્યો છે, કેમ કે ચીન આ ધાતુઓનું સૌથી મોટું ઉત્પાદક છે અને એના વિના ફોન, વાહનો, ઈલેક્ટ્રિક ઉપકરણો, વિમાન, શસ્ત્રો જેવી કંઈકેટલીય ચીજોનું ઉત્પાદન કરવું મુશ્કેલ થઈ જાય છે. દુનિયાને પોતાની શરતો પર ચલાવવાની આ ચાલ ચાલીને ચીને વૈશ્વિક વેપાર યુદ્ધમાં પોતાની મહત્તા સાબિત કરી છે. રશિયા-યુક્રેન યુદ્ધ સમાપ્ત કરવાની ખાતરી આપીને અમેરિકાએ યુક્રેન પાસેથી એની ભૂમિમાં રહેલા દુર્લભ ખનીજો હસ્તગત કરવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. ગ્રીનલેન્ડને ગળી જવા પાછળ પણ અમેરિકાનો ડોળો ત્યાંના ખનીજ-સમૃદ્ધ પેટાળ પર જ છે. આના પરથી ખ્યાલ આવે છે કે આજે ખનીજો અને ધાતુઓની દુનિયાને કેટલી જરૂર છે. દરેક દેશ આવી ધાતુઓ અને ખનીજોનો સંગ્રહ કરીને આધુનિકતાની દોડમાં આગળ નીકળી જવા માંગે છે.

દુર્લભ ધાતુઓની વાત આવે તો ચીન એનો સૌથી મોટો ઉત્પાદક દેશ છે.

યુએસ જીઓલોજિકલ સર્વેના અહેવાલમાં જણાવાયું છે કે, ૨૦૨૪માં તેણે ૨,૭૦,૦૦૦ ટન ધાતુઓનું ઉત્પાદન કર્યું. એની સરખામણીમાં અમેરિકાએ પાંચ ગણું ઓછું, ફક્ત ૪૫,૦૦૦ ટન ધાતુઓનું ઉત્પાદન કર્યું. ગયા વર્ષે વિશ્વમાં ઉત્પાદિત થયેલી બધી દુર્લભ ધાતુઓમાંથી ૭૦ % એકલા ચીનની હતી.

ચીન ધાતુઓ સમગ્ર વિશ્વમાં વેચીને મબલખ નાણાં કમાય છે. અમેરિકા તેની જરૂરિયાતોની ૭૦ % ધાતુઓ ચીન પાસેથી જ ખરીદે છે. અમેરિકા મલેશિયા પાસેથી ૧૩ %, જાપાન પાસેથી ૬ % અને ઈસ્ટોનિયા પાસેથી ૫ % ધાતુઓ ખરીદે છે. ૨૦૨૪માં અમેરિકાએ કુલ ૧૭૦ મિલિયન ડોલરની કિંમતની ધાતુઓની આયાત કરી હતી.

ચીન ઉપરાંત બીજા દેશો પણ ઉપરોક્ત ધાતુઓનું ઉત્પાદન કરે છે, પરંતુ તેનું પ્રમાણ ખૂબ ઓછું છે. ૨૦૨૪માં ભારતે ૨,૯૦૦ ટન દુર્લભ ધાતુઓનું ઉત્પાદન કર્યું હતું. તો ઓસ્ટ્રેલિયા અને થાઈલેન્ડમાં ૧૩-૧૩ હજાર ટન ઉત્પાદન થયું હતું. ચીનની સરખામણીમાં આ પ્રમાણ ઘણું ઓછું છે.



**ચીન જો ધાતુઓ વેચવાનું જ બંધ કરી દે તો અમેરિકાના ઉદ્યોગોને કેવા તાળાં વાગે?**

**વિશ્વના બાકીના દેશો પણ અમેરિકાની ધાતુની જરૂરિયાત પૂરી કરી શકે એમ નથી. તેથી ચીનનું આ પગલું અમેરિકાના અર્થતંત્રને બહુ ખરાબ બૂચ મારી દે એમ બની શકે. ચીને જે પરિસ્થિતિ સર્જી છે એનો ફાયદો ભારત ઉઠાવી શકે એમ છે. એ માટે આપણે ખાણકામનું પ્રમાણ વધારવું પડે. એ તો થતું થશે, હાલ તો દુનિયા ચીનના આ પગલાંને કેવી રીતે હેન્ડલ કરે છે, એ જોવું રસપ્રદ રહેશે.**

### RBIએ લોકોને આપી મોટી રાહત

## ભારતીય રિઝર્વ બેન્કે રેપો રેટમાં ૨૫ બેસિસ પોઈન્ટનો ઘટાડો કર્યો

### રેપો રેટ એ દર છે જેના પર RBI બેન્કોને લોન આપે છે, તેના ઘટાડાને કારણે તમારી હોમ લોન, પર્સનલ લોન અને કાર લોનનો હપ્તો ઓછો થઈ જાય છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

ભારતીય રિઝર્વ બેન્કે રેપો રેટમાં ૨૫ બેસિસ પોઈન્ટનો ઘટાડો કર્યો છે. રેપો રેટમાં સતત બીજી વખત ઘટાડો કરવામાં આવ્યો છે. આ પહેલા ફેબ્રુઆરીમાં પણ રેપો રેટમાં ૨૫ બેસિસ પોઈન્ટનો ઘટાડો કરવામાં આવ્યો હતો. લગભગ પાંચ વર્ષમાં રેપો રેટમાં આ પ્રથમ ઘટાડો હતો.

આજના ઘટાડા સાથે રેપો રેટ હવે ૬ ટકા થઈ ગયો છે. રેપો રેટ એ દર છે જેના પર RBI બેન્કોને લોન આપે છે. તેના ઘટાડાને કારણે તમારી હોમ લોન, પર્સનલ લોન અને કાર લોનનો હપ્તો ઓછો થઈ જાય છે.

રેપો રેટમાં ઘટાડો કરવાનો નિર્ણય RBIની નાણાકીય નીતિ સમિતિની બેઠકમાં લેવામાં આવ્યો હતો. આરબીઆઈ ગવર્નર સંજય મલ્હોત્રાએ બેઠકમાં લેવાયેલા નિર્ણયો વિશે માહિતી આપી હતી. નવા નાણાકીય વર્ષમાં RBIની MPC ની આ પહેલી બેઠક હતી.

RBI MPC ની ૫૪મી બેઠક અને નવા નાણાકીય વર્ષ FY26ની પ્રથમ બેઠકના પરિણામોની જાહેરાત કરતી વખતે, ભારતીય રિઝર્વ બેન્કના ગવર્નર સંજય મલ્હોત્રાએ ગ્લોબલ ઈકોનોમિક ટેન્શન અને ટ્રેડ પર ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું કે આ પડકારજનક વાતાવરણમાં, કેન્દ્રીય બેન્કે રેપો રેટમાં ૨૫ બેસિસ પોઈન્ટનો ઘટાડો કરવાની જાહેરાત કરી છે અને આ પછી રેપો રેટ ઘટીને ૬ ટકા થઈ ગયો છે. વર્ષ ૨૦૨૫માં આ સતત બીજી વખત છે જ્યારે કેન્દ્રીય બેન્કે મોટી રાહત આપી છે. અગાઉ ફેબ્રુઆરીમાં યોજાયેલી બેઠકમાં રેપો રેટમાં ૦.૨૫ ટકાનો ઘટાડો કરવામાં આવ્યો હતો, જે પછી તે ઘટીને ૬.૨૫ ટકા થઈ ગયો. આ ઘટાડો પાંચ વર્ષના લાંબા અંતરાલ પછી કરવામાં આવ્યો છે.

ટેરિફ વોર અને બજારમાં મંદીના દબાણ વચ્ચે રિઝર્વ બેન્કે એક મોટો નિર્ણય લીધો છે અને લોકોને મોટી રાહત આપી છે. તાજેતરના ઘટાડા પછી રેપો રેટ હવે ઘટીને ૬ ટકા થઈ ગયો છે. ઘણા રિપોર્ટ્સમાં એવો અંદાજ લગાવવામાં આવી રહ્યો હતો કે પોલિસી રેટમાં ઘટાડો થઈ શકે છે. બેન્ક ઓફ અમેરિકા (BOFA) ગ્લોબલ રિસર્ચે તેના રિપોર્ટમાં આગાહી કરી હતી કે ભારતીય અર્થતંત્રને ધ્યાનમાં લેતા કેન્દ્રીય બેન્ક સતત બીજી વખત રેપો રેટમાં ઘટાડો કરીને મોટી રાહત આપી શકે છે. આમાં રેપો રેટમાં ૦.૨૫ ટકાનો ઘટાડો અંદાજવામાં આવ્યો હતો.



ઉલ્લેખનીય છે કે આ પહેલા ફેબ્રુઆરીમાં યોજાયેલી MPC બેઠકમાં રિઝર્વ બેન્કે એક મોટો નિર્ણય લીધો હતો અને પાંચ વર્ષના લાંબા સમયગાળા પછી રેપો રેટ (RBI રેપો રેટ કટ) માં ૨૫ બેસિસ પોઈન્ટનો ઘટાડો કર્યો હતો. આ પછી રેપો રેટ ઘટીને ૬.૨૫ ટકા થઈ ગયો હતો. અગાઉ રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (RBI) એ મે ૨૦૨૦ માં રેપો રેટમાં ઘટાડો કર્યો હતો. જોકે તે પછી તેને ધીમે ધીમે ૬.૫ ટકા સુધી વધારવામાં આવ્યો હતો. છેલ્લે ફેબ્રુઆરી ૨૦૨૩માં રેપો રેટમાં વધારો કરવામાં આવ્યો હતો.

રેપો રેટ બેન્ક લોન લેતા ગ્રાહકો સાથે સીધો જોડાયેલો છે. તેના ઘટાડાને કારણે લોનનો EMI ઘટે છે અને તેના વધારાને કારણે તે વધે છે. વાસ્તવમાં રેપો રેટ એ દર છે જેના પર દેશની કેન્દ્રિય બેન્ક ભંડોળની અછતના કિસ્સામાં વાણિજ્યિક બેંકોને નાણાં ઉછીના આપે છે. રેપો રેટનો ઉપયોગ નાણાકીય સત્તાવાળાઓ ફુગાવાને નિયંત્રિત કરવા માટે કરે છે.

### મહાવીર જન્મ કલ્યાણકની શુભકામના પાઠવતા મુખ્યમંત્રી

। ગાંધીનગર, તા.૯ ।

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જૈન અને જૈનેતર સમાજના સૌ નાગરિકોને પ્રભુ મહાવીરના જન્મ કલ્યાણકના પર્વની શુભકામના પાઠવી છે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું છે કે, કરૂણા અને અહિંસાના તત્વ ચિંતનને ભગવાન મહાવીર સ્વામીએ જીવન આચરણથી હંમેશા આત્મસાત કરાવ્યું છે. આ દિવસે જૈન ધર્મના પાયામાં રહેલા કરુણા અને અહિંસાના વ્રતોને આત્મસાત કરવાનો સંકલ્પ સૌ કોઈ લે તે જરૂરી છે. મહાવીર સ્વામીએ પ્રબોધેલા કરૂણા, જીવદયા અને અહિંસાના માર્ગે ચાલીને સમરસ, સૌહાર્દપૂર્ણ સમાજના નિર્માણ માટે સૌ સંકલ્પબદ્ધ થઈએ એમ પણ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે મહાવીર જનકલ્યાણકની શુભેચ્છાઓ પાઠવતા જણાવ્યું છે.

### તમારા સચિવને કહો, અહીં આવીને સ્પષ્ટતા આપે : સુપ્રીમ

## કેન્દ્ર સરકારે કેશલેશ સારવાર યોજનામાં બેદરકારી દાખવતા સુપ્રીમ કોર્ટ ખફા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

સુપ્રીમ કોર્ટે મોટર અકસ્માત પીડિતો માટે કેશલેસ સારવાર યોજના બનાવવામાં વિલંબ બદલ કેન્દ્ર સરકારની ઝાટકણી કાઢી છે. આ ઉપરાંત કોર્ટે માર્ગ પરિવહન મંત્રાલયના સચિવને આ મામલે સ્પષ્ટતા માટે સમન્સ પાઠવવામાં આવ્યું છે. ન્યાયાધીશ અભય એસ. ઓકા અને ઉજ્જ્વલ ભુઈયાની બેન્ચે વાંધો વ્યક્ત છે કે, ૮ જાન્યુઆરીએ આદેશ અપાયો છતાં કેન્દ્ર સરકાર દ્વારા આ સંદર્ભમાં કોઈ પાલન કરાયું નથી. બેન્ચે કહ્યું કે, 'કેન્દ્ર સરકારને આપવામાં આવેલો સમય ગયા મહિને ૧૫ માર્ચે સમાપ્ત થઈ ગયો છે. કેન્દ્ર સરકારે કોર્ટના આદેશની ગંભીર અવગણા કરી છે, સાથે જ ખૂબ જ ફાયદાકારક કાયદાના અમલીકરણમાં પણ બેદરકારી દાખવી છે. કોર્ટે કહ્યું કે, 'અમે માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયના સચિવને વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા હાજર થવા તેમજ અમે આપેલા આદેશનું પાલન કેમ કરવાનું આવ્યું નથી, તે જણાવવા આદેશ આપીએ છીએ.



સુનાવણી દરમિયાન કેન્દ્ર સરકાર વતી આવેલા એડિશનલ સોલિસિટર જનરલ વિક્રમજીત બેનરજીએ કહ્યું કે, તેઓ અવરોધોનો સામનો કરી રહ્યા છે. દલીલ પર નારાજગી વ્યક્ત કરતા બેંચે કહ્યું કે, 'આ તમારો પોતાનો કાયદો છે. કેશલેશ સારવારની કોઈ સુવિધા ન હોવાથી, લોકો અકસ્માતોમાં જીવ ગુમાવી રહ્યા છે. આ સામાન્ય લોકોના ફાયદા માટેની સુવિધા છે. અમે તમને (સચિવ) નોટિસ મોકલી રહ્યા છીએ. અમે અવમાનના હેઠળ કાર્યવાહી કરીશું. તમે તમારા સચિવને કહો કે, તેઓ અહીં આવીને સ્પષ્ટતા આપે.'

## જમ્મુ-કાશ્મીર વિધાનસભામાં વક્ફ બિલ મુદ્દે ધારાસભ્યો વચ્ચે મારામારી

। (એજન્સી) જમ્મુ, તા.૯ ।

જમ્મુ અને કાશ્મીર વિધાનસભામાં ફરી એકવાર મોટો હોબાળો થયો છે. ભાજપ અને આમ આદમી પાર્ટીના ધારાસભ્યો વચ્ચે વક્ફ સંશોધન કાયદા મુદ્દે ઉગ્ર બોલાચાલી થઈ હતી. વિવાદ એટલી હદે વધી ગયો હતો કે, બંને પક્ષના નેતાઓ મારામારી પર ઉતરી આવ્યા હતા. બીજી બાજુ નેશનલ કોન્ફરન્સના ધારાસભ્યોએ પણ વક્ફ કાયદા વિરૂદ્ધ સુત્રોચ્ચાર કર્યા હતા. એનસીના ધારાસભ્યોએ પણ વક્ફ કાયદા પર ચર્ચાની માગ કરતાં સદનમાં દેખાવો કર્યા હતા.

નેશનલ કોન્ફરન્સે પણ વક્ફ કાયદા મુદ્દે ચર્ચાની માગ કરી છે. ભાજપે તેનો વિરોધ કરતાં હોબાળો મચ્યો હતો. જેના લીધે જમ્મુ-કાશ્મીર વિધાનસભા ત્રણ કલાક માટે સ્થગિત કરી દેવામાં આવી હતી. વિધાનસભાની બહાર



પ્રવેશ દ્વાર પર જ ભાજપ અને આમ આદમી પાર્ટીના ધારાસભ્યો વચ્ચે ઝપાઝપી થઈ હતી. તેઓએ ધક્કા-મુક્કી અને મારામારી કરી હતી. ભાજપના નેતાઓએ AAP પર આરોપ મૂક્યો હતો કે, તેમણે વિધાનસભાની અંદર વિવાદાસ્પદ ટીપ્પણીઓ કરી હતી. જ્યારે AAPએ ભાજપ આરોપ લગાવ્યો હતો કે, તેઓએ હોબાળો કરતાં અમારા પર હુમલો કર્યો. ભાજપના ધારાસભ્યે જણાવ્યું હતું કે, તેઓ મીડિયા સાથે વાતચીત દરમિયાન હિન્દુઓ વિરૂદ્ધ અપમાનજનક ભાષાનો ઉપયોગ કરી રહ્યા હતાં. વિધાનસભાની કાર્યવાહી જોવા આવેલા પીડીપીના કાર્યકરોએ પણ મુફ્તી મોહમ્મદ સૈયદ પર વિવાદાસ્પદ ટીપ્પણી કરતાં તેમણે પણ AAP ના ધારાસભ્યો સાથે મારામારી કરી હતી. જ્યારે આમ આદમી પાર્ટીના ધારાસભ્ય મેહરાજ મલિકે કહ્યું કે, આ લોકો મને જણાવશે કે, તેઓ બહાર તમાશો કેમ કરી રહ્યા હતા, ભાજપના લોકોએ હુમલો કર્યો હતો.

ભાજપના ધારાસભ્ય વિક્રમ રંધાવાએ નિવેદન આપ્યું હતું કે, બે કોડીના ધારાસભ્ય હિન્દુઓને ગાળો આપશે, આજે તેમને બતાવવું પડશે. જ્યારે AAPના ધારાસભ્યે કહ્યું કે, હિન્દુ તિલક લગાવી દારૂ પીવે છે, ચોરી કરે છે.

### પ.બંગાળમાં વક્ફ (સુધારા) બિલ લાગુ નહીં થાય : મમતા

। કોલકાતા, તા.૯ ।

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ આજે મોટું એલાન કર્યું છે. તેમણે કહ્યું કે, કેન્દ્રનો વક્ફ બિલ કાયદો પશ્ચિમ બંગાળમાં લાગુ કરવામાં નહીં આવે. હું લઘુમતી લોકો અને તેમની સંપત્તિનું રક્ષણ કરીશ. કોલકાતામાં જૈન સમુદાયના એક કાર્યક્રમમાં મમતા બેનરજીએ કહ્યું કે, મને ખબર છે કે તમે વક્ફ કાયદાના અમલીકરણથી દુઃખી છો.

### ચપ્પુના ઘા મારી કરી નાખી મિત્રની હત્યા

## ઓસ્ટ્રેલિયામાં ગુજરાતી જ બન્યો ગુજરાતીનો દુશ્મન

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

મૂળ નવસારીના બીલીમોરાના યુવાનની ઓસ્ટ્રેલિયામાં તેના જ રૂમ પાર્ટનરે હત્યા કરી નાખ્યાના સમાચાર સામે આવ્યા છે. ઓસ્ટ્રેલિયાના મેલબોર્ન શહેરના પૂર્વ બરવૂડ ખાતે રહેતા મૂળ બીલીમોરાના મિહિર દેસાઈની ચપ્પુના ઘા મારી હત્યા કરવામાં આવી છે. પોલીસે હત્યા કરનાર ૪૨ વર્ષના ગુજરાતીની અટકાયત કરીને પૂછપરછ કરવામાં આવી રહી છે. જોકે, આ હત્યા પાછળનું કારણ હજી સામે આવ્યું નથી. નવસારીના મિહિર દેસાઈ ઓસ્ટ્રેલિયાના મેલબોર્ન શહેરના પૂર્વ બરવૂડ ખાતે અન્ય એક ગુજરાતી સાથે એક રૂમમાં રહેતા હતા. ૮મી એપ્રિલના રોજ મંગળવારે કોઈ અગમ્ય કારણોસર મિહિરની તેના ભાઈબંધ સાથે બોલાચાલી થઈ હતી. તે બાદમાં આ બોલાચાલી હિંસક અથડામણમાં ફેરવાઈ ગઈ હતી. વિવાદના કારણે મિહિરના રૂમમેટે ચાકુના ઘા કરી તેને મોતને ઘાટ ઉતારી દીધો હતો.

### વિદેશ મંત્રી જયશંકરનું મહત્વનું નિવેદન

## હાલના સમયમાં ટેરિફની અસરનું આકલન કરવું એ ઉતાવળ રહેશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની નવી ટેરિફ પોલીસીએ દુનિયાભરના બજારોમાં ભારે ભૂકંપ સર્જી દીધો છે. ટ્રમ્પે હાલમાં જ ૬૦થી વધુ દેશોથી આવતા આયાતી સામાન પર ટેક્સ લગાવવાની જાહેરાત કરી જેમાં ભારત, ચીન, અને યુરોપીયન યુનિયન પણ સામેલ છે. આ બધા વચ્ચે ભારત શરૂઆતથી જ તેના પર તોલીને પ્રતિક્રિયા આપી રહ્યું છે. ભારતના વિદેશ મંત્રી એસ જયશંકરે બુધવારે પહેલીવાર આ મુદ્દે સ્પષ્ટ પ્રતિક્રિયા આપી. તેમણે કહ્યું કે હાલના સમયમાં ટેરિફની અસરનું આકલન કરવું એ ઉતાવળ રહેશે પરંતુ ભારતે રણનીતિ તરીકે અમેરિકાની સાથે વર્ષના અંત સુધીમાં દ્વિપક્ષીય વેપાર સમજૂતિ (BTA) કરવાની યોજના ઘડી છે. જયશંકરે કહ્યું કે ભારત કદાચ એકમાત્ર એવો દેશ છે જેણે ટ્રમ્પના બીજીવાર રાષ્ટ્રપતિ બન્યા બાદ અમેરિકા સાથે વેપાર સમજૂતિ માટે સૈદ્ધાંતિક સ્તર પર સહમતિ સુધી પહોંચ બનાવી છે. એક ખાનગી ટીવી ચેનલના કાર્યક્રમમાં વાતચીત દરમિયાન તેમણે કહ્યું કે અમે નક્કી કર્યું છે કે આ મુદ્દે ટ્રમ્પ પ્રશાસન સાથે જલદી વાતચીત કરવામાં આવશે.

### IRCT એ રાખ્યું આટલું ભાડું

## કેદારનાથ હેલિકોપ્ટર સેવાનું બુકિંગ પાંચ મિનિટમાં ફુલ

। (એજન્સી) કેદારનાથ, તા.૯ ।

ઉત્તરાખંડની ચારધામ યાત્રાની શરુઆત ૩૦ એપ્રિલથી થઈ રહી છે. જો કે, કેદારનાથ ધામના કપાટ ૨ મે ના રોજ ખુલી જશે. પરંતુ તેના માટે મંગળવારથી હેલીકોપ્ટર બુંકિગ સેવા શરુ કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, શ્રદ્ધાળુઓને હેલિકોપ્ટરથી પણ દર્શન કરવા માટે કેદારનાથ લઈ જવામાં આવે છે. પરંતુ મહત્ત્વની વાત એ છે, જેવી હેલિકોપ્ટર બુકિંગ સેવાની શરુઆત થઈ તેની પાંચ જ મિનિટમાં ૩૫ હજાર ટિકિટ બુક થઈ ગઈ હતી. પહેલીવાર ઉત્તરાખંડના પુષ્કર સિંહ ધામી સરકારે IRCTC એ હેલિકોપ્ટર ટિકિટ બુકિંગની જવાબદારી આપવામાં આવી છે. અત્યાર સુધી ટિકિટ ફક્ત હેલિકોપ્ટર કંપનીઓ પાસેથી જ બુકિંગ કરાવી શકાતી હતી. મંગળવારના રોજ ૧૨ વાગે હેલિકોપ્ટર બુંકિંગની સેવાની શરુઆત થઈ હતી અને ૧૨:૦૫ વાગ્યે સ્ક્રીન પર નો રૂમ' જોવા મળ્યું હતુ.

# લૂ લાગવાથી બચીએ, તકેદારીના પગલાં લેવા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીનો અનુરોધ

## પૂરતા પ્રમાણમાં પાણી પીતા રહેવું, પ્રવાહીની માત્રા ઓછી ન થાય તે માટે ઓ.આર.એસ. દ્રાવણ અથવા છાશ, લસ્સી, લીંબુ પાણી સહિતના પીણાનો ઉપયોગ મહત્તમ કરવો

। (એજન્સી) આણંદ, તા.૯ ।

ચાલુ વર્ષની શરૂઆતમાં જ દિવસના તાપમાનમાં વધારો થઈ રહયો છે. ગરમીના વધારાના કારણે શરીરમાં લુ લાગવા (સન સ્ટ્રોક)ના કેસો નોંધાતા હોય છે. જેમાં સમયસરની સારવાર લેવામાં ન આવે તો તે જીવલેણ સાબિત થઈ શકે છે.

લુ લાગવા (સન સ્ટ્રોક)ના કેસોમાં સામાન્ય રીતે શરીરનું તાપમાન ખુબ વધી જાય છે. વાતાવરણનું તાપમાન ઉંચુ હોવાથી પરસેવો ખુબ વધારે થાય છે અને જેના કારણે શરીરનું તાપમાન ઘટી શકતું નથી. જે વ્યકિતના આરોગ્ય ઉપર વિપરીત અસરો કરે છે.

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી, આણંદ ના જણાવ્યા મુજબ આણંદ જિલ્લામાં સિવિલ હોસ્પિટલ, પેટલાદ અને આણંદ તથા ૧૪ - સામુહિક આરોગ્ય કેન્દ્રમાં હિટસ્ટ્રોકના કારણે બિમાર દર્દીઓની સારવાર કરવા વ્યવસ્થા કરવામાં આવી છે, આ ઉપરાંત આણંદ જિલ્લાના તમામ પ્રા.આ.કેન્દ્ર ખાતે પ્રાથમિક સારવારની વ્યવસ્થા અને ખાસ તાલીમ આરોગ્ય વિભાગના કર્મચારીઓને આપવામાં આવી છે.

હિટસ્ટ્રોક (લું) ના લક્ષણોમાં શરીર અને હાથ પગમાં અસહય દુ:ખાવો, ખુબ તરસ લાગવી, ગભરામણ થવી, ચકકર આવવા, શ્વાસ ચઢવો, હૃદયના ધબકારા વધી જવા જેવા લક્ષણો દેખાય તો તરત જ નજીકના આરોગ્ય કેન્દ્ર ખાતે જઈને સારવાર મેળવવા અનુરોધ કરવામાં આવ્યો છે.

હિટ સ્ટ્રોક (લું) થી બચવા જાહેર જનતા એ તકેદારીઓ રાખવી, જેમાં ગરમીમાં બને ત્યાં સુધી બહાર જવાનું ટાળવું, ઉનાળાની



ઋતુ દરમ્યાન ખુલતા સફેદ સુતરાઉ કપડા પહેરવા જોઈએ, નાના બાળકો, સગર્ભા માતાઓ વૃધ્ધો તથા અશકત વ્યકિતઓએ તડકામાં ફરવું નહી, દિવસ દરમ્યાન પુષ્કાળ પ્રમાણમાં પાણી, પ્રવાહી પીવું શક્ય હોય તો લીબુંનું શરબત બનાવીને પીવું જોઈએ, ભીના કપડાથી માથું ઢાંકી રાખવું અને જરૂર જણાયે અવાર નવાર ભીના કપડાથી શરીર લુછવું, ગરમીની ઋતુ દરમ્યાન બને ત્યાં સુધી ભુખ્યા ન રહેવું, માથાનો દુખાવો, બેચેની, ચકકર, ઉબકા કે તાવ આવે તો તુર્તજ નજીકના દવાખાના / પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કે હોસ્પિટલમાં ડોકટરની સલાહ અને સારવાર લેવી જોઈએ.

હીટવેવથી થતી અસરોથી બચવા પાણી પુષ્કળ પીવો, બહાર નીકળવાનું થાય તો પાણીની બોટલ, લીંબુ પાણી/છાસ/ઓ.આર. એસ.નું પાણી સાથે રાખો અને વારંવાર લેતા રહો, વધારે ગરમી હોય તો માથું ભીના કપડાથી ઢાંકો, જોખમ ધરાવતા લોકો જેવા કે, વૃધ્ધો, બાળકો, સગર્ભા અને ધાત્રી માતાઓ, હૃદય, કીડની, કેન્સર, ડાયાબીટીસ, બી.પી.ના દર્દીઓએ બપોરના સમયે ઘરની બહાર નીકળવાનું ટાળવું, હીટવેવ દરમ્યાન બહારનો ખુલ્લો તથા દૂધની બનાવટો ખાવાનું બને ત્યાં સુધી ટાળવું, પાણી શુધ્ધ હોય તેવું પીવું અન્યથા ગરમીના કારણે પાણીજન્ય રોગો જેવા કે, ઝાડા-ઉલ્ટી, ટાઈફોઈડ, મરડો, કોલેરા જેવા રોગ થવાની શકયતા રહેલી છે. ગરમીના દિવસો દરમિયાન ઓ.આર.એસ. નો મહત્તમ ઉપયોગ કરવો જોઈએ જે આશા બહેનો, સબ સેન્ટર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામુહિક આરોગ્ય કેન્દ્રો પર વિનામૂલ્યે ઉપલબ્ધ છે.

૧- લીટર પીવાના પાણીમાં ૧ - ઓ. આર.એસ. પેકેટ ઓગાળી આ પાણીનો વારંવાર પીવામાં ઉપયોગ કરવો, જેથી ગરમીથી શરીરની ચામડી-પરસેવા વાટે પાણી ઓછું થતુ અટકાવે છે અને હીટવેવની અસરને ઓછી કરે છે, તેમ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી એ વધુમાં જણાવ્યું છે.

## PMJAY યોજના હેઠળની રાજ્યની ૫ હોસ્પિટલો સસ્પેન્ડ

। (એજન્સી) અમદાવાદ, તા.૯ ।

તાજેતરમાં પ્રધાનમંત્રી જન આરોગ્ય- મા યોજના અંતર્ગત ગેરરીતિ આચરવામાં આવતી હોવાની ઘટનાનો સામે આવી છે. ત્યારે રાજ્યના આરોગ્ય વિભાગે આ પ્રકારને હોસ્પિટલ્સ અને ડોકટર્સ સામે કડક કાર્યવાહી હાથ ધરી છે. જેના પગલે પાટણ જિલ્લાની હિર ચિલ્ડ્રન હોસ્પિટલ, નિષ્કા ચિલ્ડ્ર્ન હોસ્પિટલ અને નિયોનેટલ કેર, દાહોદ જિલ્લાની સોનલ હોસ્પિટલ, અમદાવાદ જિલ્લાની સેન્ટારા ઓર્થોપેડિક હોસ્પિટલ અને અરવલ્લી જિલ્લાની શ્રી જલારામ ચિલ્ડ્રન હોસ્પિટલમાં વિવિધ ત્રુટીઓ અને ગેરરીતિ જણાઈ આવતા PMJAY-મા યોજનામાંથી સસ્પેન્ડ કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે જેના અંતર્ગત ગત અઠવાડિયામાં ૨ ડિસેમ્બર થી ૮ ડિસેમ્બર સુધીમાં રાજ્યમાં વિવિધ જિલ્લાઓમાં ૫ હોસ્પિટલ અને ૨ ડૉક્ટરની ગેરરીતિઓ સામે આવી છે.

## પાલનપુરમાં ફટાકડાના વેચાણના

# લાયસન્સના નિયમનો ભંગ કરાતાં ૧૧ દુકાનોને સીલ કરવામાં આવી

### ડીસાની ફટાકડા ફેક્ટરીમાં થયેલા બ્લાસ્ટની ઘટના બાદ તંત્ર દ્વારા તપાસનો ધમધમાટ શરૂ કરાયો છે

। (એજન્સી) પાલનપુર, તા.૯ ।

ડીસાની ફટાકડા ફેક્ટરીમાં થયેલા બ્લાસ્ટની ઘટના બાદ તંત્ર દ્વારા તપાસનો ધમધમાટ શરૂ કરાયો છે. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્ર દ્વારા ફટાકડાઓની દુકાનોમાં ગોડાઉનમાં તપાસ હાથ ધરી પગલાં લેવાઈ રહ્યા છે.

જેમાં પાલનપુરમાં પ્રાંત અધિકારી તેમજ મામલતદારની ટીમ દ્વારા ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં ફટાકડાની ૧૬ પૈકીની ૧૧ દુકાનોને સીલ કરવામાં આવી છે. જ્યારે



પાંચ દુકાનોના વેપારીઓએ પોતાના લાયસન્સ જમા કરાવી દીધા હતા. ડીસામાં તાજેતરમાં એક ફટાકડાના ગોડાઉનમાં આગ લાગતાં ૨૨ મજૂરોના મોત નીપજ્યાં હતા જેને લઈ બનાસકાંઠા કલેક્ટર મિહિર પટેલ દ્વારા જિલ્લામાં જુદી જુદી ટીમો બનાવી ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે. જેમાં પાલનપુરમાં કુલ ૧૬ લાયસન્સ આપવામાં આવેલા હતા. જેમાંથી પાંચ વેપારીઓએ પોતાના લાયસન્સ જમા કરાવી ફટાકડાનો વેપાર ધંધો બંધ કરી દીધો છે. જ્યારે ૧૧ જેટલી દુકાનોના વેપારીઓ દ્વારા ફટાકડાનું લાયસન્સ લેવામાં આવ્યું હતું. પરંતુ તેનું નીતિ-નિયમ મુજબ પાલન કરાતું ન હોવાથી પ્રાંત અધિકારી તેમજ મામલતદારની ટીમ દ્વારા ચકાસણી કરાઈ હતી જેનો રિપોર્ટ ઉચ્ચકક્ષાએ મોકલવામાં આવ્યો હતો.

## વન વિભાગની દોડધામ

# અમરેલીના જંગલમાં સિંહોના વિસ્તારમાં વિકરાળ આગ લાગી

### રામપરા નજીક બાવળની ઝાડીઓમાં આગ લાગતાં વન્યજીવોના જીવ જોખમમાં મુકાયા

। (એજન્સી) અમરેલી, તા.૯ ।

રાજુલા તાલુકાના રામપરા ગામ નજીક સિંહોના વસવાટવાળા વિસ્તારમાં ભીષણ આગ ફાટી નીકળી હતી. બાવળની ઝાડીઓમાં લાગેલી આ આગે થોડી જ વારમાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું, જેના કારણે વન વિભાગ અને ફાયર બ્રિગેડના જવાનો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયા હતા.મળતી માહિતી મુજબ, રાજુલા તાલુકાના રામપરા ગામ નજીક આજે સવારે ૧૦ થી ૧૧ વાગ્યાની વચ્ચે અચાનક આગ ભભૂકી ઊઠી હતી. આ વિસ્તાર સિંહો, દીપડા અને હરણ જેવાં અનેક વન્યજીવોનું ઘર હોવાથી વન વિભાગની ચિંતામાં વધારો થયો હતો. આગને કાબૂમાં લેવા માટે પીપાવાવ પોર્ટ, અલ્ટ્રાટેક કોવાયા પાવર પ્લાન્ટ, સિન્ટેક્સઅનેશ્વાનએનર્જીકંપનીસહિતઆસપાસની



કંપનીઓના ફાયર વિભાગની ટીમોએ ભારે જહેમત ઉઠાવી હતી.રાજુલાના રામપરા નજીક ટોરેન્ટ કંપનીની ૧૦૦૦ વીઘાથી વધુ જમીન આવેલી છે, જે પડતર હાલતમાં હોવાથી ત્યાં મોટા પ્રમાણમાં બાવળ ઊગી નીકળ્યા છે. આ બાવળોની ઝાડીઓમાં સિંહો ઉપરાંત અનેક વન્યજીવો વસવાટ કરે છે.

## રાજકોટમાં ગૃહ ઉદ્યોગમાં ફૂડ વિભાગનું ચેકિંગ કરાયુ

। (એજન્સી) રાજકોટ, તા.૯ ।

રાજકોટ મહાનગરપાલિકનું ફૂડ વિભાગ એક્શન મોડમાં આવ્યું છે અને શહેરમાં વિવિધ જગ્યાઓ પર ચેકિંગ હાથ ધરી રહ્યું છે. ત્યારે શહેરમાં આવેલા નેન્સી ગૃહ ઉદ્યોગમાં ફૂડ વિભાગે ચેકિંગ હાથ ધર્યુ છે. ફૂડ વિભાગની તપાસ દરમિયાન ૧૧૦ કિલો અખાદ્ય હિંગના જથ્થાનો નાશ કરવામાં આવ્યો છે. આ સિવાય હિંગ, મરચું પાઉડર, હળદર, જીરૂ, રાઈ, ધાણી, મેથી સહિતના નમૂના લેવામાં આવ્યા છે. ફૂડ વિભાગ દ્વારા જે વસ્તુઓના નમૂના લેવામાં આવ્યા છે, તેમાંથી ૨ નમૂના તપાસમાં ફેલ સાબિત થયા છે.

## સાયબર ક્રાઈમનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો

# બેંકમાં KYC અપડેટ કરવાના બહાને ગઠિયો પાંચ લાખ ચાઉં કરી ગયો

। (એજન્સી) રાજકોટ, તા.૯ ।

શહેરના દોશી હોસ્પિટલ પાસે રહેતા અને કન્સ્ટ્રક્શનના વ્યવસાય સાથે સંકળાયેલા ૪૮ વર્ષીય કેતન ખોલીયા નામના વ્યક્તિ દ્વારા સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન રાજકોટ શહેર ખાતે બીએનએસની કલમ ૩૧૬ (૨), ૩૧૮(૪) તેમજ આઈટી એક્ટની કલમ અંતર્ગત whatsapp મોબાઈલ નંબર ધારક તેમજ તપાસમાં ખુલે તે તમામ વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી છે. અજાણ્યા મોબાઈલ નંબર પરથી કેતન ખોલીયાને આરોપી દ્વારા ફિશિંગ લિંક મોકલવામાં આવી હતી. તેમજ આરોપી દ્વારા પોતાની ઓળખ ICICI બેંકના કર્મચારી તરીકે આપી કેવાયસી અપડેટ કરવાના બહાને ડેબિટ કાર્ડની માહિતી મેળવી લેવામાં આવી હતી. કેવાયસી વેરિફિકેશન કરવાના બહાને ઓટીપી મેળવી કેતન ખોલીયાના ડેબિટ કાર્ડના માધ્યમથી અલગ અલગ ટ્રાન્જેક્શન કરી કુલ ૫,૬૨,૮૭૪ રૂપિયાની છેતરપિંડી આચરવામાં આવી હોવાનું સામે આવ્યું છે. પોલીસને આપેલી ફરિયાદમાં કેતન ખોલીયા દ્વારા જણાવવામાં આવ્યું છે કે, ૨૦ ફેબ્રુઆરી ૨૦૨૫ ના રોજ મને અજાણ્યા નંબર પરથી એક લિંક મોકલવામાં આવી હતી.

## બાળકોનું ભવિષ્ય ખોરવાઈ રહ્યું છે

# ધ્રોલમાં શાળામાં કાયમી શિક્ષક નહીં, વિદ્યાર્થીઓનું ભાવિ અધ્ધરતાલ

। (એજન્સી) જામનગર, તા.૯ ।

જામનગર જિલ્લાના ધ્રોલમાં આવેલી વાડી શાળા નંબર ૨માં કાયમી શિક્ષક ના હોવાથી વિદ્યાર્થીઓ રામ ભરોસે છે. આ શાળામાં ૫૮ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. પરંતુ કાયમી શિક્ષકની નિમણુક ન હોવાથી આજુબાજુની શાળાના શિક્ષકો અભ્યાસ કરાવા માટે આવે છે. તેમજ શાળાના પૂર્વ વિદ્યાર્થીઓ આ શાળાએ વિદ્યાર્થીઓનો અભ્યાસ ન બગડે તે માટે સેવા આપવા માટે આવે છે. સરકાર દ્વારા 'ભણશે ગુજરાત આગળ વધશે ગુજરાત' જેવા સ્લોગનો લગાવવામાં આવી રહ્યા છે, પરંતુ જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકામાં શિક્ષકોની મોટી ઘટ હોવાનું સામે આવ્યું છે. ધ્રોલમાં આવેલી વાડી શાળા નંબર ૨માં એક પણ શિક્ષક ન હોવાથી વિદ્યાર્થીઓનું ભવિષ્ય રામ ભરોસે છે.

વાલીઓ દ્વારા શિક્ષણ અધિકારી સહિત ઉચ્ચ કક્ષાએ રજૂઆતો કરવા છતાં હજુ સુધી આ શાળામાં કાયમી શિક્ષકની નિમણૂક ન કરાતા રોજ આજુબાજુની શાળાના એક એક શિક્ષકો આવીને વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવી રહ્યા છે. ત્યારે મોટો સવાલ તો એ સામે આવે છે કે ગતરોજ જે શિક્ષકે અભ્યાસ કરાવ્યો હોય તો બીજા દિવસે બીજા શિક્ષક કોઈ અલગ જ અભ્યાસ કરાવે છે. જેને લઈને વિદ્યાર્થીઓનું ભવિષ્ય રામ ભરોસે હોય તેવું લાગી રહ્યું છે. ધ્રોલમાં આવેલી વાડી શાળા નંબર ૨માં શાળા છે, વિદ્યાર્થીઓ પણ છે પણ શિક્ષક નથી તો બીજી તરફ આ જ શાળામાં બાલમંદિરની હાલત કફોડી જોવા મળી રહી છે. બાલમંદિરની છતમાંથી પોપડા પડતા હોવાનું વાલીઓ દ્વારા જણાવવામાં આવ્યું હતું તેમજ શિક્ષકોને પણ બાળકોને રૂમની બદલે બહાર મેદાનમાં બેસાડવાની ફરજ પડી રહી હોવાનું પણ જણાવ્યું હતું. વધુમાં જણાવ્યું હતું કે બાલમંદિરની ગ્રાન્ટ ઘણા લાંબા સમયથી આવી ગઈ છે, પરંતુ તંત્ર દ્વારા નવું બાલમંદિર ક્યારે બનાવવામાં આવશે તે એક સવાલ છે. સ્થાનિક વાલીઓએ આ અંગે જામનગર જિલ્લા શિક્ષણ અધિકારીને લેખિત તેમજ મૌખિક અનેક રજૂઆતો કરી છે.

## રાજકોટમાં પાણીકાપથી મહિલાઓમાં ભારે રોષ

। (એજન્સી) રાજકોટ, તા.૯ ।

ઉનાળો શરૂ થાય અને પાણીનો પોકાર ઉઠે...જોકે રાજકોટને પીવાનું પાણી પૂરતા પ્રમાણમાં આપવાની જાહેરાત સરકારે કરી છે. પરંતુ રાજકોટ મહાનગરપાલિકાના શાસકો પાણી વિતરણની વ્યવસ્થા કરવામાં ઉણાં ઉતર્યા હોઈ તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. ઉનાળામાં જ રાજકોટ મહાનગર પાલિકાને યાદ આવ્યું કે પ્રિ-મોન્સૂનની કામગીરી કરવી જોઈએ. જેથી પમ્પિંગ સ્ટેશનો અને પાણીના ટાંકા સાફ કરવા પડશે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા જોયા જાણ્યા વગર જ જાહેરાત કરી દીધી કે, મંગળવારે ૫ વોર્ડના ૧૭૬ વિસ્તારમાં પાણી વિતરણ બંધ રાખવામાં આવશે.

## 'વિશ્વ નવકાર મહામંત્ર દિવસ' પર પ્રકાશિત વિશેષ આવરણ દ્વારા તેનો દેશ-વિદેશમાં થશે વ્યાપક પ્રચાર-પ્રસાર : પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણકુમાર યાદવ

# ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે 'વિશ્વ નવકાર મહામંત્ર દિવસ' પર વિશેષ ડાક આવરણ અને વિરુપણ બહાર પાડ્યું





विश्व नवकार महामंत्र दिवस
Vishwa Navkar Mahamantra Diwas

। અમદાવાદ ।

૯ એપ્રિલ, ૨૦૨૫ ના રોજ અમદાવાદના GMDC ગ્રાઉન્ડ ખાતે આયોજિત "વિશ્વ નવકાર મહામંત્ર દિવસ" નિમિત્તે, ભારતીય ડાક વિભાગ દ્વારા જૈન ઈન્ટરનેશનલ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન (JITO) વતી ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા એક વિશેષ આવરણ અને વિરુપણનું વિમોચન કરવામાં આવ્યું. ઉત્તર ગુજરાત પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે મુખ્યમંત્રીને વિશેષ આવરણની પ્રથમ નકલ ભેટ આપી. આ વિશેષ આવરણ પર 'ભગવાન પાર્શ્વનાથના ૨૮૦૦મા નિર્વાણ કલ્યાણક' વિષય પર બહાર પડેલ ડાક ટિકિટ ચોંટાડીને અનોખી રીતે વિરૂપણ કરવામાં આવ્યું. આ કાર્યક્રમનું આયોજન જૈન સમુદાય દ્વારા વિશ્વ શાંતિ અને અહિંસાનો સંદેશ ફેલાવવાના ઉદ્દેશ્યથી કરવામાં આવ્યું. આ દરમિયાન સવારે ૮:૦૧ થી ૯:૩૬ વાગ્યા સુધી ૨૫ હજારથી વધુ લોકોએ સામૂહિક રીતે નવકાર મંત્રનો જાપ કર્યો.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ નવી દિલ્હીના વિજ્ઞાન ભવન ખાતે આયોજિત કાર્યક્રમમાંથી સમગ્ર ભારતને વર્ચ્યુઅલી સંબોધિત કર્યું. પ્રધાનમંત્રી શ્રી મોદીએ નવકાર મંત્રનો પોતાનો ઊંડો આધ્યાત્મિક અનુભવ શેર કર્યો અને મનમાં શાંતિ અને સ્થિરતા લાવવાની તેની ક્ષમતા વિશે ચર્ચા કરી. તેમણે કહ્યું, "નવકાર મહામંત્ર માત્ર એક મંત્ર નથી. આ આપણી શ્રદ્ધાનું કેન્દ્ર છે. આપણા જીવનનો મૂળ સ્વર અને તેનું મહત્વ ફક્ત આધ્યાત્મિક નથી. "આ સ્વયં થી લઈને સમાજ સુધી સૌને માર્ગ દર્શાવે છે, તે જન થી જગ સુધીની યાત્રા છે. આ મંત્રનો દરેક શબ્દ જ નહીં, પરંતુ દરેક અક્ષર પોતે જ એક મંત્ર છે." પ્રધાનમંત્રીએ સામૂહિક નવકાર મંત્રના જાપ પછી સૌને નવ સંકલ્પ લેવાની અપીલ પણ કરી. ગુજરાતના ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી પણ અમદાવાદમાં આયોજિત કાર્યક્રમમાં વર્ચ્યુઅલી જોડાયા હતા. પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે 'વિશ્વ નવકાર મહામંત્ર દિવસ' પર વિશેષ આવરણને એક વિશિષ્ટ પ્રતીક રૂપે તૈયાર કરવામાં આવ્યું છે. તેમાં નવકાર મંત્ર "નમો અરીહંતાણં, નમો સિદ્ધાણં, નમો આયરિયાણં, નમો ઉવજ્ઝાયાણં, નમો લોએ સવ્વસાહૂણં, એશો પંચ નમુક્કારો, સવ્વ પાવપ્પણાસણો, મંગલાણં ચ સવ્વેસિમ, પઢમં હવઈ મંગલમ" દર્શાવવામાં આવ્યું છે. આવી સ્થિતિમાં, યુવા પેઢી એક પ્રતિષ્ઠિત સાંસ્કૃતિક પ્રતીક તરીકે પ્રકાશિત થયેલા આ વિશેષ આવરણ દ્વારા તેમની સંસ્કૃતિ અને વારસાથી વાકેફ થઈ શકશે. આ વિશેષ આવરણ ફિલેટલીનો એક અદ્ભુત હિસ્સો બની ડાક ટિકિટ સાથે દેશ-વિદેશમાં પણ પહોંચશે, જ્યાં નવકાર મહામંત્રની ગાથાને લોકો સુધી ફેલાવશે અને તેનું દેશ-વિદેશમાં વ્યાપક પ્રચાર-પ્રસાર શક્ય બનાવશે. આ પ્રસંગે ટોરેન્ટ ગ્રુપના ચેરમેન શ્રી સુધીર મહેતા, JITO - અમદાવાદ યુનિટના પ્રમુખ શ્રી ઋષભ પટેલ, JITO ના ચીફ સેક્રેટરી શ્રી મનીષ શાહ, કન્વીનર શ્રી આસિત શાહ, વાઈસ ચેરમેન શ્રી વૈભવ શાહ, શ્રી પ્રકાશભાઈ સંઘવી, શ્રી ગણપતરાજ ચૌધરી, અમદાવાદ જીપીઓના ડેપ્યુટી ચીફ પોસ્ટ માસ્તર શ્રી અલ્પેશ શાહ તેમજ જૈન સમાજના વિવિધ પંથો જેમ કે શ્વેતાંબર, દિગંબર, તેરાપંથી, સ્થાણકવાસી વગેરેના સાધુ-સાધ્વી, આચાર્ય અને ગચ્છાધિપતિઓએ આ ભવ્ય આયોજનમાં હાજરી આપી.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# ટ્રાફિક નિયમ તોડતાં વિદ્યાર્થીઓના પણ વિઝા રદ કરવામાં આવ્યાં

## અમેરિકન શિક્ષણ જગતમાં ટ્રમ્પ સરકારના મનસ્વી નિર્ણયોએ વિદેશી વિદ્યાર્થીઓને ભયભીત કરી નાંખ્યા છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે બીજા કાર્યકાળમાં સત્તા સંભાળતા જ ગેરકાયદે પ્રવાસીઓને દેશની બહાર કાઢવા માટે આકરાં પગલાં લીધા હતા. ત્યાર પછી ટ્રમ્પના ટેરિફે દુનિયાભરમાં ભારે હોબાળો મચાવ્યો છે. આવા સમયે ટ્રમ્પ સરકાર હવે ટ્રાફિક ભંગ જેવા નજીવા કારણોસર પણ અચાનક જ વિદ્યાર્થીઓના એફ-૧ વિઝા રદ કરીને દેશ છોડવા આદેશ આપી દીધો છે. ટ્રમ્પના આ વીઝા ટેરરથી ભારત સહિતના વિદેશી વિદ્યાર્થીઓ ફફડી ઊઠયા છે. બીજી બાજુ ટ્રમ્પ સરકારે દેશનિકાલના આદેશ છતાં અમેરિકા નહીં



છોડનારા લોકો પર દૈનિક ૧૦૦૦ ડોલર જેટલો આકરો દંડ નાંખવાની તૈયારી શરૂ કરી છે. દુનિયાભરના અર્થતંત્રોમાં ટ્રમ્પના ટેરિફથી હાહાકાર મચ્યો છે. તેવા સમયે અમેરિકન શિક્ષણ જગતમાં ટ્રમ્પ સરકારના મનસ્વી નિર્ણયોએ વિદેશી વિદ્યાર્થીઓને ભયભીત કરી નાંખ્યા છે. ટ્રમ્પ સરકાર અચાનક જ અનેક વિદેશી વિદ્યાર્થીઓના એફ-૧ વિઝા રદ કરી રહી છે અને તેમને દેશ છોડી જતા રહેવા કહી દેવાયું છે. મીડિયા રિપોર્ટ મુજબ ટ્રમ્પ સરકારે અંદાજે ૧૪૭ જેટલા વિદેશી વિદ્યાર્થીઓને અમેરિકા છોડી દેવા આદેશ આપી દીધો છે.ટેક્સાસ, મિસૌરી અને નેબ્રાસ્કાની યુનિવર્સિટીઝમાં અભ્યાસ કરતા ભારતીય વિદ્યાર્થીઓ પર ટ્રમ્પની આ તલવાર ચાલી છે. જે વિદ્યાર્થીઓના વિઝા રદ કરાયા છે તેમના વિરુદ્ધ ઓવર-સ્પીડિંગ, ટ્રાફિક નિયમોનો ભંગ કરવો, નાની-મોટી ચોરી અથવા દારૂ સંબંધિત નજીવા કેસો હોવાનું જણાવાઈ રહ્યું છે. હાર્વર્ડ, સ્ટેનફોર્ડ, મિશિગન યુનિવર્સિટી, યુસીએલએ અને ઓહાયો સ્ટેટ જેવી યુનિવર્સિટીઓના અધિકારીઓનું કહેવું છે કે વિદ્યાર્થીઓના એફ-૧ સ્ટેટસ અચાનક રદ થવા અંગે તેઓ અજાણ હતા અને તેનાથી તેઓ આશ્ચર્યચકિત છે. કેટલાક કિસ્સામાં તો ઈમિગ્રેશન ડેટાબેઝની તપાસ કર્યા પછી જ તેમને આ બાબતની જાણ થઈ હતી. અનેક કિસ્સામાં તો ટ્રમ્પ સરકારે યુનિવર્સિટીઓને વિદ્યાર્થીઓના વિઝા રદ કરવા અંગે કોઈ કારણ પણ જણાવ્યું નથી. આ યુનિવર્સિટીઓના અધિકારીઓએ ભારત સહિતના વિદેશી વિદ્યાર્થીઓને ઈ-મેલ મોકલીને જણાવ્યું છે કે તેમના એસઈવીઆઈએસ (વિદેશી વિદ્યાર્થી માહિતી સિસ્ટમ) રેકોર્ડ ખતમ કરી દેવાયા છે. જેના પગલે તેમનું આઈ-૨૦ ફોર્મ, વર્ક પરમીટ અને અમેરિકામાં કાયદાકીય રોકાણ હવે કાયદેસર રહ્યા નથી. ઈ-મેલમાં લખાયું છે કે તમારા વિઝા રદ થઈ ગયા હોય તો હવે તેમના પાસપોર્ટ પર લાગેલો વિઝા કાયદેસર નથી. તમારી પાસે હવે અમેરિકામાં કામ કરવાનો અધિકાર નથી. તમારે અમેરિકા છોડવાની તુરંત તૈયારી કરી દેવી જોઈએ.ઈમિગ્રેશન વકીલોનું કહેવું છે કે ટ્રાફિક નિયમોના ભંગ જેવા મામૂલી ગુનાઓ પર વિઝા રદ કરી દેવા એ ખૂબ જ અસામાન્ય બાબત છે. ટેક્સાસના વકીલ ચંદ પરવથનેનીએ કહ્યું કે રેડ લાઈટ પાર કરવી અથવા ટ્રેઈનિંગ ડ્રાઈવિંગ લાઈસન્સ પર ગાડી ચલાવવી જેવી બાબતો પર સામાન્ય રીતે એસઈવીઆઈએસ રદ થતા નથી.અનેક વિદ્યાર્થીઓએ તો એવી પણ ફરિયાદ કરી છે કે તેમના કેસ જૂના હતા અને કાયદાકીય રીતે તે ઉકેલાઈ ગયા હતા. એક વિદ્યાર્થીએ કહ્યું કે તેણે બે વર્ષ પહેલાં ઓવર-સ્પીડિંગનો દંડ ભર્યો હતો. તેની ધરપકડ થઈ નહોતી તેમ છતાં તેના વિઝા રદ કરી દેવાયા. અમેરિકામાં કેટલીક કોલેજોમાં ભારત સહિત વિદેશી વિદ્યાર્થીઓના વિઝા રદ થવાનું પ્રમાણ વધી ગયું છે. કેટલાક કિસ્સામાં તો વિદ્યાર્થીઓને તેમણે કયા કાયદાનો ભંગ કર્યો તે પણ ખ્યાલ નથી.

### ન્યૂઝ બ્રિફ

### CSKએ ફિફ્ટી મારનાર બેટ્સમેનને ચાલુ મેચમાં કર્યો મેદાનની બહાર



। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

થોડા દિવસો પહેલા જ મુંબઈ ઈન્ડિયન્સનો બેટ્સમેન તિલક વર્મા IPLમાં લખનૌ સુપર જાયન્ટ્સ સામે રિટાયર્ડ આઉટ થયા બાદ ડગઆઉટમાં પરત ફરતો જોવા મળ્યો હતો, જે બાદ ઘણો હોબાળો થયો હતો. તિલક IPL ઈતિહાસમાં રિટાયર્ડ આઉટ થનાર ચોથો ખેલાડી બન્યો હતો. જો કે હવે આ યાદીમાં વધુ એક નામ જોડાયું છે. પંજાબ કિંગ્સ અને ચેન્નાઈ સુપર કિંગ્સ વચ્ચેની મેચમાં ન્યૂઝીલેન્ડનો બેટ્સમેન ડેવોન કોનવે પણ રિટાયર્ડ આઉટ થઈને પેવેલિયન પરત ફર્યો હતો. ચેન્નાઈ સુપર કિંગ્સની ઈનિંગની ૧૮મી ઓવરમાં ડેવોન કોનવે રિટાયર્ડ આઉટ થયો હતો. ઓવરના પાંચમા બોલ પર એમએસ ધોનીએ સિક્સ ફટકાર્યા બાદ કોનવે રિટાયર્ડ આઉટ થયો હતો. તેના સ્થાને રવિન્દ્ર જાડેજા બેટિંગ કરવા આવ્યો હતો અને ૫ બોલમાં ૯ રન બનાવીને અણનમ રહ્યો હતો. કોનવે ૪૯ બોલમાં ૬૯ રન બનાવીને ડગઆઉટમાં પરત ફર્યો હતો. જ્યારે તે મેદાન છોડી રહ્યો હતો ત્યારે ચેન્નાઈ કેમ્પ તેને તાળીઓથી વધાવી રહ્યો હતો. કોનવે બોલને યોગ્ય રીતે ટાઈમ કરી શકતો નહોતો, જેના કારણે ચેન્નાઈએ આ નિર્ણય લીધો હતો. જો કે ચેન્નાઈએ આ નિર્ણય લેવામાં થોડો સમય લીધો હતો. પંજાબ કિંગ્સ અને ચેન્નાઈ સુપર કિંગ્સ વચ્ચે હાઈ સ્કોરિંગ મેચ હતી.

### પંજાબ કિંગ્સના સ્ટારને BCCIએ ફટકાર્યો મોટો દંડ



। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

પંજાબ કિંગ્સના ઓલરાઉન્ડર ગ્લેન મેક્સવેલને મોટો દંડ ફટકારવામાં આવ્યો છે. ચેન્નાઈ સુપર કિંગ્સ સામેની મેચ દરમિયાન આઈપીએલ આચાર સંહિતાનું ઉલ્લંઘન કરવા બદલ દોષી સાબિત થતાં BCCIએ મેક્સવેલ સામે કાર્યવાહી કરી હતી. ગ્લેન મેક્સવેલ પર મેચ ફીના ૨૫ ટકા દંડ ફટકારવામાં આવ્યો છે અને IPL આચાર સંહિતાનું ઉલ્લંઘન કરવા બદલ ડિમેરિટ પોઈન્ટ પણ આપવામાં આવ્યો છે. ૩૬ વર્ષીય મેક્સવેલે કલમ ૨.૨ હેઠળ લેવલ ૧નો ગુનો કબૂલ કર્યો છે, જે ન્યૂ પીસીએ સ્ટેડિયમમાં રમાયેલી મેચ દરમિયાન ફિક્સર અને ફિટિંગના દુરુપયોગ સાથે સંબંધિત છે. BCCIએ એક ઈમેલમાં જણાવ્યું હતું કે, ‘‘પંજાબ કિંગ્સના ઓલરાઉન્ડર ગ્લેન મેક્સવેલને મંગળવારે ન્યૂ પીસીએ સ્ટેડિયમ, ન્યૂ ચંદીગઢમાં ચેન્નાઈ સુપર કિંગ્સ સામેની તેની ટીમની મેચ દરમિયાન આઈપીએલ આચાર સંહિતાનો ભંગ કરવા બદલ તેની મેચ ફીના ૨૫ ટકા દંડ અને એક ડીમેરિટ પોઈન્ટ આપવામાં આવ્યો છે.’’

### પીએમ મોદીએ વક્ફ કાયદા પર ઘણા ઉદાહરણો આપ્યા

# એક નોટિસ આવતી હતી અને લોકો હલી જતા હતા

## હવે એક અદ્ભુત કાયદો બનાવવામાં આવ્યો છે, આ દેશ અને મુસ્લિમ સમુદાયના હિતમાં છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

વક્ફ બોર્ડ એક્ટની રચના અંગે પીએમ નરેન્દ્ર મોદીએ કહ્યું કે આ પાસ માંદા મુસ્લિમો, મહિલાઓ અને ગરીબોના હિતમાં કામ કરશે. તેમણે કહ્યું કે અત્યાર સુધી દેશ તુષ્ટિકરણની રાજનીતિથી ચાલતો આવ્યો છે અને આપણે તેનું પરિણામ ભોગવવું પડ્યું છે. પીએમ મોદીએ કહ્યું કે તુષ્ટિકરણની કોઈ રાજનીતિ નથી. તેના બીજ સ્વતંત્રતા સંગ્રામ દરમિયાન જ વાવવામાં આવ્યા હતા. વડાપ્રધાને કહ્યું, ‘‘ભારત ઘણા અન્ય દેશોની સાથે સ્વતંત્ર થયું, પરંતુ કોની સ્વતંત્રતાની શરત વિભાજન હતી?’’ આવું ફક્ત ભારત સાથે જ કેમ બન્યું? આનું કારણ એ છે કે તે સમયે સત્તાનો લોભ રાષ્ટ્રીય તેમણે કહ્યું કે પાસમંદા મુસ્લિમો અને મહિલાઓ પણ આ તુષ્ટિકરણની રાજનીતિનો ભોગ બની





છે. કોંગ્રેસે તેને વોટ બેંકની રાજનીતિનું હથિયાર બનાવ્યું. ૨૦૧૩માં વક્ફ બોર્ડમાં કરવામાં આવેલ સુધારો કટ્ટરપંથીઓ અને જમીન માફિયાઓને ખુશ કરવા માટેનો કાયદો હતો. વક્ફ કાયદાએ બંધારણનું પણ ઉલ્લંઘન કર્યું. પરિસ્થિતિ એવી બની કે જમીન માફિયાઓનું મનોબળ વધી ગયું. કેરળમાં ખ્રિસ્તી સમુદાયના લોકોની જમીન પર દાવો, હરિયાણામાં ગુરુદ્વારાઓની જમીન પર વિવાદ. આ ઉપરાંત, તેમણે કર્ણાટકના એક કેસનો પણ ઉલ્લેખ કર્યો. મંદિર હોય, ચર્ચ હોય, ગુરુદ્વારા હોય, ખેતર હોય કે સરકારી જમીન હોય, કોઈને પણ ખાતરી નહોતી કે તેમની જમીન તેમની જ રહેશે. બસ એક નોટિસ આવતી અને લોકો પોતાના ઘરના કાગળો શોધવા લાગતા. છેવટે, આ કેવો કાયદો હતો, જેનાથી ભય પેદા થયો? હવે એક અદ્ભુત કાયદો બનાવવામાં આવ્યો છે. આ દેશ અને મુસ્લિમ સમુદાયના હિતમાં છે. આ વકફની પવિત્ર ભાવનાનું પણ રક્ષણ કરશે. આ ઉપરાંત, ગરીબ, પાસમંદા મુસ્લિમો અને તેમના બાળકોના હિતોનું રક્ષણ કરવામાં આવશે. વક્ફ પરની ચર્ચા બીજી સૌથી લાંબી ચર્ચા હતી. જેપીસીએ ગૃહમાં પાછું લાવતા પહેલા ૩૮ બેઠકો યોજી હતી. આ બતાવે છે કે ભારતમાં લોકશાહી કેટલી અસરકારક છે. પીએમ મોદીએ કહ્યું કે વક્ફ બોર્ડની શક્તિ એટલી બધી હતી.

### આરોપી પતિ ફરાર, પોલીસે તપાસ હાથ ધરી

# કેન્દ્રીય મંત્રીની પૌત્રીની ધોળે દહાડે ગોળી મારીને હત્યા


## બુધવારે સવારે લગભગ નવ વાગ્યે કેન્દ્રીય મંત્રી જીતન રાન માંઝીની પૌત્રીની ધોળાદહાડે હત્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

અતરી પોલીસ સ્ટેશનના ટેટુઆ ટાડ પર બુધવારે સવારે લગભગ નવ વાગ્યે કેન્દ્રીય મંત્રી જીતન રાન માંઝીની પૌત્રીની ધોળાદહાડે ગોળી મારી હત્યા કરવામાં આવી હતી. આ ગોળી તેના જ પતિએ મારી હતી. આરોપી પતિ હાલ ફરાર છે. એમએસએમઈના કેન્દ્રીય મંત્રીની પૌત્રીની હત્યા બાદ તેની નાની બહેન હેતબાઈ ગઈ હતી. મૃતક સુષ્મા કુમારી ટેટુઆ પંચાયતની વિકાસ મિત્ર હતી. તેને સામુદાયિક સ્વાસ્થ્ય કેન્દ્રમાં ખસેડવામાં આવી હતી. જ્યાં ડોક્ટર્સે તેને મૃત જાહેર કરી હતી. સમગ્ર ઘટનાની સૂચના મળતાં અતરી પોલીસ સ્વાસ્થ્ય કેન્દ્ર પહોંચી હતી. પોલીસે આરોપીની ધરપકડ માટે તપાસ હાથ ધરી છે. શબને પોસ્ટમોર્ટમ માટે મગધ મેડિકલ



કોલેજમાં ખસેડવામાં આવ્યું છે. હત્યામાં વપરાયેલ બંદૂક જપ્ત કરવામાં આવી છે. પોલીસે જણાવ્યું હતું કે, સુષ્મા દેવી (ઉ.વ. ૩૨)નો પતિ રમેશ સિંહ બુધવારે ઘરે પરત ફર્યો હતો. તે ઘરે આવી સુષ્માને જબરદસ્તીપૂર્વક રૂમમાં ઢસેડી ગયો હતો. અને રૂમ બંધ કરી દીધો હતો. બાદમાં ઝઘડો કરી સુષ્માની છાતી પર ગોળી ધરબી દીધી હતી. જ્યાં સુષ્માનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. અમે એફએસએલ અને ટેક્નિકલ સેલની મદદ સાથે તપાસ હાથ ધરી છે. મૃતકની બહેન પુનમ કુમારીએ જણાવ્યું હતું કે, રમેશ બહારથી આવ્યો અને મારી બહેનને રૂમમાં ઢસેડીને લઈ ગયો. ત્યાં રૂમ બંધ કરી તેને ગોળી મારી બહાર આવ્યો અને ફરાર થઈ ગયો. તેને આકરી સજા થવી જોઈએ. રમેશ મારી બહેન પર શંકા કરતો હતો. જેના લીધે અવારનવાર તેની સાથે ઝઘડા કરતો હતો. જો કે, પોલીસે હત્યા પાછળના કારણ મુદ્દે હાલ કોઈ સ્પષ્ટતા કરી નથી.



સ્લોવાકિયાના બ્રાતિસ્લાવામાં ભારત અને સ્લોવાક વચ્ચે સંયુક્ત પ્રેસ નિવેદનમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને સ્લોવાકના રાષ્ટ્રપતિ પીટર પેલેગ્રિની ઉપસ્થિત રહ્યા હતાં.

### ચોમાસાને લઈને સારા સમાચાર

# ચોમાસાની સિઝનમાં દેશભરમાં સારો અને સામાન્ય વરસાદ થશે



। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

દેશભરમાં આકરી ગરમી પડી રહી છે અને એપ્રિલ મહિનામાં જ ગરમીથી લોકો પરેશાન થવા લાગ્યા છે. એપ્રિલ, મે અને જૂન એમ ત્રણ મહિનામાં સામાન્ય કરતાં વધુ ગરમીની આગાહી કરવામાં આવી હતી, જે સાચી સાબિત થઈ રહી છે, પરંતુ ચોમાસાને લઈને સારા સમાચાર પણ આવ્યા છે. ખાનગી હવામાન એજન્સી સ્કાયમેટે ચોમાસાને લઈને પ્રારંભિક અપડેટ આપી છે. એવી આગાહી કરવામાં આવી છે કે ચોમાસાની સિઝન ૨૦૨૫માં દેશભરમાં સારો અને સામાન્ય વરસાદ થશે. જો કે મેમાં પ્રવેશ્યા બાદ જૂનમાં ચોમાસું ધીમુ રહેશે, પરંતુ જુલાઈથી સપ્ટેમ્બર વચ્ચે સારો વરસાદ થશે. વર્ષ ૨૦૨૫માં ચોમાસું સામાન્ય કરતાં ૪૦ ટકા, સામાન્ય કરતાં ૩૦ ટકા વધુ અને ૧૦ ટકા વધુ રહેવાની ધારણા છે. ૧ જૂન અને ૩૦ સપ્ટેમ્બરની વચ્ચે, ૮૯૫ મીમી (૧૦૩%) વરસાદ થઈ શકે છે. તમને જણાવી દઈએ કે ચોમાસાના ૪ મહિનામાં ૯૬ થી ૧૦૪% સુધીનો વરસાદ સામાન્ય માનવામાં આવે છે, તેથી વર્ષ ૨૦૨૫ની ચોમાસુ સિઝન સામાન્ય રહેશે, જે ખેડૂતો માટે સારા સમાચાર છે. સ્કાયમેટ એજન્સીના વડા જીપી શર્માના જણાવ્યા અનુસાર લા નીનાની સ્થિતિ બદલાઈ ગઈ છે. તેથી, આગામી ચોમાસાની મોસમ છેલ્લી વખત કરતાં ૫% વધુ અથવા ઓછી હોઈ શકે છે. સામાન્ય અથવા સામાન્યથી વધુ વરસાદની ૮૦% શક્યતા છે. ચોમાસું સામાન્ય કરતાં ઓછું રહેવાની ૧૫ ટકા સંભાવના છે અને દુષ્કાળની શક્યતા લગભગ ૫ ટકા છે. સ્કાયમેટના વૈજ્ઞાનિક મહેશ પલાવતે જણાવ્યું હતું કે જૂનમાં 165.3 mm 96% (158.7 mm), જુલાઈમાં 280.5 mm 102% (286.1 mm), ઓગસ્ટમાં 254.9 mm 108% (275.3 mm) અને 74.61 mm (74.61 mm) વરસાદ પડવાની ધારણા છે. મીમી) સપ્ટેમ્બરમાં. કેરળ, કર્ણાટક, કોંકણ, ગોવામાં જૂનમાં સામાન્ય કરતાં વધુ વરસાદ પડી શકે છે. મધ્ય ભારતમાં સામાન્ય વરસાદની અપેક્ષા છે. તે ઉત્તર ભારતમાં જૂનના છેલ્લા સપ્તાહમાં એટલે કે નિર્ધારિત સમય કરતાં મોડું પહોંચશે. પશ્ચિમ ભારતમાં જુલાઈમાં સામાન્ય કરતાં વધુ એટલે કે ભારે વરસાદ થઈ શકે છે. ઓગસ્ટમાં મધ્ય અન પૂર્વોત્તર રાજ્યોમાં સામાન્ય કરતાં ઓછો વરસાદ પડશે. ઉત્તર અને દક્ષિણ ભારતમાં ઓગસ્ટમાં સામાન્ય વરસાદ થઈ શકે છે. સપ્ટેમ્બરમાં પશ્ચિમ અને મધ્ય ભારતમાં વધુ વરસાદ પડી શકે છે. સ્કાયમેટના એમડી જતિન જૈનનું કહેવું છે કે આ વખતે ચોમાસાની સિઝન શરૂઆતમાં થોડી ધીમી પડી શકે છે. જૂનમાં વરસાદ ઘટી શકે છે. જુલાઈ-ઓગસ્ટમાં ચોમાસું ઝડપી બનશે, તેથી ઓગસ્ટ અને સપ્ટેમ્બરમાં વધુ વરસાદ થઈ શકે છે. પશ્ચિમ અને દક્ષિણ ભારતમાં સારા વરસાદની આશા ઓછી છે.

# ઈન્ડિયન નેવી માટે ફ્રાન્સ પાસેથી ૨૬ રાફેલ મરીન ફાઇટર જેટ ખરીદશે ભારત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

ભારતે ફ્રાન્સ પાસેથી ૨૬ રાફેલ મરીન ફાઈટર જેટ ખરીદવાના મેગા ડીલને મંજૂરી આપી દીધી છે. બંને દેશોની સરકારો ટૂંક સમયમાં ૬૩,૦૦૦ કરોડ રૂપિયાથી વધુના આ સંરક્ષણ સોદા પર હસ્તાક્ષર કરશે, જે હેઠળ ભારતીય નૌકાદળને ૨૨ સિંગલ-સીટર અને ચાર ટ્વીન-સીટર રાફેલ મરીન જેટ મળશે. ડીલ પૂર્ણ થયા પછી રાફેલ મરીન એરક્રાફ્ટની ડિલિવરી ૨૦૨૯ના અંતથી શરૂ થશે અને ૨૦૩૧ સુધીમાં ભારતીય નૌકાદળને બધા ૨૬ એરક્રાફ્ટ મળી જશે. આ વિમાનોનું ઉત્પાદન ફ્રાન્સની પ્રાઈવેટ એવિએશન કંપની દસોલ્ટ એવિએશન દ્વારા કરવામાં આવશે. આ



રાફેલ-એમ વિમાનોને INS વિક્રાંત અને INS વિક્રમાદિત્ય જેવા વિમાનવાહક યુદ્ધ જહાજો પર તૈનાત કરવામાં આવશે. અત્યાર સુધી ભારતીય નૌકાદળના આ બંને જહાજો જૂના મિગ ૨૯-કે ફાઈટર પ્લેન સાથે તેમના મિશન પૂર્ણ કરે છે. રાફેલ-એમ વિમાનોનો કાફલો જૂના થઈ રહેલા મિગ-૨૯કે વિમાનોના કાફલાનું સ્થાન લેશે.

# કંગના રનૌતના મનાલી ખાતે આવેલા ઘરનું ૧ લાખ રૂપિયા લાઈટ બિલ આવ્યું

। (એજન્સી) શીમલા, તા.૯ ।

હિમાચલ પ્રદેશના મંડીથી ભાજપના સાંસદ અને બોલિવૂડ અભિનેત્રી કંગના રનૌત ફરી એકવાર ચર્ચામાં છે. આ વખતે ૧ લાખના વીજળીના બિલના કારણે તેઓ ચર્ચામાં, મનાલી ખાતે આવેલા તેમના ઘરનું ૧ લાખ રૂપિયા વીજળીનું બિલ આવતા તેમણે રાજ્યની કોંગ્રેસ સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. બલ્હ વિધાનસભા ક્ષેત્રના પ્રવાસ દરમિયાન કંગના રનૌતે સુખ્ખુ સરકારને આડે હાથ લીધી હતી. તેમણે કહ્યું કે, તેઓ તે ઘરમાં વધારે સમય રહેતા પણ નથી, છતાં પણ આટલું મોટું વીજળીનું બિલ આવ્યું છે, જે સ્પષ્ટ રીતે સરકારની



બેદરકારી અને ભ્રષ્ટ વ્યવસ્થાને દર્શાવે છે. કંગના રનૌત આટલેથી ન અટક્યા, તેમણે સમોસા પર તપાસ બેસાડવા જેવા મુદ્દાઓ ઉઠાવીને સરકારની પ્રાથમિકતાઓ પર પણ સવાલો ઉભા કર્યા. ફરી એકવાર, પોતાના બેબાક અંદાજમાં કંગના રનૌતે વિક્રમાદિત્ય સિંહ અને રાજ્ય સરકારના કામકાજ પર ગંભીર સવાલો ઉઠાવ્યા છે.

# દિલ્હીમાં મુખ્યમંત્રી રેખા ગુપ્તા હજુ રહેઠાણ શોધે છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

દિલ્હી સરકારના મંત્રીઓ માટે બંગલાની શોધ પૂર્ણ થઈ ગઈ છે. વિપક્ષના નેતા આતિશી માર્લેનાનું સરનામું પણ બદલાવાનું છે. તેમને નવો બંગલો પણ મળવાનો છે. જોકે, મુખ્યમંત્રી રેખા ગુપ્તા કયા બંગલામાં રહેશે તે હજુ સુધી નક્કી થયું નથી. દિલ્હી સરકારના શિક્ષણ મંત્રી આશિષ સૂદ અને આરોગ્ય મંત્રી પંકજ સિંહ માલચા રોડ ચાણક્યપુરી ખાતે રહેશે. પીડબ્લ્યુડી મંત્રી પ્રવેશ વર્મા વિન્ડસર રોડ પરના હાલના બંગલામાં રહેશે.



તેમને આ બંગલો સાંસદ તરીકે મળ્યો હતો. તેમણે ૨૦૨૪ માં લોકસભા ચૂંટણી લડી ન હતી, પરંતુ તેઓ નિયમો મુજબ ભાડું ચૂકવીને તે જ બંગલામાં રહેતા હતા. ફરી એકવાર આ બંગલો તેમના નામે ફાળવવામાં આવ્યો છે. કાયદા મંત્રી કપિલ મિશ્રા અને સમાજ કલ્યાણ મંત્રી રવિન્દ્ર ઈન્દ્રરાજને સિવિલ લાઈન્સમાં બંગલા ફાળવવામાં આવ્યા છે. મોહન સિંહ બિષ્ટને આપ સરકારના પર્યાવરણ મંત્રી ગોપાલ રાયનો બંગલો આપવામાં આવ્યો છે. તે સિવિલ લાઈન્સમાં રાજનિવાસ માર્ગ પર સ્થિત છે. ભૂતપૂર્વ મુખ્યમંત્રી આતિશીના પદની જેમ, તેમનું સરનામું પણ હવે બદલાઈ ગયું છે. હવે તેમને દરિયાગંજના ૧૧૫ અંસારી રોડ ખાતે સરકારી નિવાસસ્થાન મળ્યું છે. આ બંગલો તેમને વિરોધ પક્ષના નેતા તરીકે ફાળવવામાં આવ્યો છે. મંત્રી તરીકે તેમને મથુરા રોડ પર એક બંગલો આપવામાં આવ્યો હતો. બાદમાં તેમને અરવિંદ કેજરીવાલ જ્યાં રહેતા હતા તે બંગલો પણ ફાળવવામાં આવ્યો. જોકે, તે ત્યાં શિફ્ટ થઈ શક્યા નહીં. મુખ્યમંત્રી રેખા ગુપ્તા ક્યાં રહેશે તે પ્રશ્ન હજુ પણ યથાવત છે. મળતી માહિતી મુજબ લુટિયન્સ ઝોનમાં ક્યાંક મુખ્યમંત્રીના નિવાસસ્થાનની શોધ કરવામાં આવી રહી છે. રેખા ગુપ્તાએ પહેલાથી જ સ્પષ્ટ કરી દીધું છે કે તેઓ એ બંગલામાં નહીં રહે જ્યાં અરવિંદ કેજરીવાલ મુખ્યમંત્રી તરીકે રહેતા હતા. ભાજપ તેને શીશમહલ કહે છે.

## તંત્રી લેખ...

### ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, રાજસ્થાન અને દિલ્હીમાં હીટવેવ

દેશના મધ્ય અને પશ્ચિમ વિસ્તારમાં કાળઝાળ ગરમીએ કેર વરતાવી દીધો છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ, ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશના ૨૭ મથકો પર તાપમાન ૪૩ ડિગ્રી કે તેથી વધુ નોંધાયુ હતું. જેમાંથી ૧૯ સ્થળ પર હીટ વેવની અસર વધુ જોવા મળી હતી. દેશમાં સૌથી વધુ ગરમી રાજસ્થાનના બાડમેરમાં નોંધાઈ હતી, ૪૬.૪ ડિગ્રી સેલ્સિયસ તાપમાન સાથે બાડમેર અગનભઠ્ઠીમાં શેકાયુ હતું. દિલ્હીમાં તાપમાન ૪૦.૪થી ૪૧ ડિગ્રી જોવા મળ્યુ હતું. દેશમાં સૌથી વધુ ગરમી રાજસ્થાનના બાડમેરમાં જોવા મળી હતી. સામાન્ય કરતાં ૭.૬ ડિગ્રી વધુ તાપમાન સાથે પારો ૪૬.૪ ડિગ્રી નોંધાયો હતો. જેસલમેરમાં ૪૫ ડિગ્રી, ચિત્તોડગઢમાં ૪૪.૫ ડિગ્રી, બિકાનેરમાં ૪૪.૪ ડિગ્રી અને શ્રી ગંગાનગરમાં ૪૪.૨ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયુ હતું. આ સ્થળોએ તાપમાન સામાન્ય કરતાં ૭થી ૯ ડિગ્રી વધારે હતું. ગુજરાતમાં સુરેન્દ્રનગરમાં ૪૪.૮ ડિગ્રી, રાજકોટમાં ૪૪ ડિગ્રી, અમરેલીમાં ૪૩.૮ ડિગ્રી, મહુવા અને કંડલામાં ૪૩.૪ ડિગ્રી સેલ્શિયસ તાપમાન નોંધાયુ હતું. મહુવામાં તાપમાન સામાન્ય કરતાં ૮.૩ ડિગ્રી વધારે નોંધાયુ હતું. મહારાષ્ટ્રના અકોલામાં ૪૪.૧ ડિગ્રી, નંદુરબારમાં ૪૩.૫ ડિગ્રી, જલગાંવમાં ૪૩.૩ ડિગ્રી અને અમરાવતીમાં ૪૩ ડિગ્રી તાપમાન જોવા મળ્યુ હતું. મધ્યપ્રદેશના ગુના અને રતલામમાં ૪૩.૪ ડિગ્રી અને ૪૩.૨ ડિગ્રી તાપમાન હતું. હવામાન ખાતાના અનુમાન મુજબ, દેશના ઉત્તર-પશ્ચિમ વિસ્તારોમાં ૧૦ એપ્રિલથી ગરમીમાં રાહત મળશે, જ્યારે ગુજરાત અને મધ્યપ્રદેશમાં ૧૧ એપ્રિલથી ગરમી ઘટી શકે છે. મેદાની વિસ્તારમાં ૪૦ ડિગ્રી કે તેથી વધુ, દરિયાઈ વિસ્તારમાં ૩૦ ડિગ્રી કે તેથી વધુ અને પર્વતીય વિસ્તારોમાં ૩૭ ડિગ્રી કે તેથી વધુ તાપમાન નોંધાય ત્યારે હવામાન વિભાગ દ્વારા હીટ વેવ જાહેર કરવામાં આવે છે. અગાઉ હવામાન વિભાગે એપ્રિલથી જૂન મહિના દરમિયાન દેશભરમાં ગરમી વધારે રહેવાની આગાહી વ્યક્ત કરી હતી. ક્લાઈમેટ ચેન્જના કારણે હિટ વેવના દિવસો વધી રહ્યા હોવાનું વિજ્ઞાનીઓ માની રહ્યા છે.

### રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ પોર્ટુગલના પ્રધાનમંત્રી અને એસેમ્બલીયા દા રિપબ્લિકાના રાષ્ટ્રપતિને મળ્યા



#### પોર્ટુગલમાં ભારતીય સમુદાયના સભ્યોને એક સામુદાયિક સ્વાગત સમારંભમાં સંબોધિત કર્યા

પોર્ટુગલની તેમની મુલાકાતના અંતિમ દિવસે ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુ લિસ્બનમાં એસેમ્બલીયા દા રિપબ્લિકા (પોર્ટુગીઝ સંસદ) ના પ્રમુખ મહામહિમ જોસ પેડ્રો અગુઆર-બ્રાક્રોને મળ્યા હતા. તેઓ સંમત થયા હતા પોર્ટુગલમાં ભારતીય સમુદાયના સભ્યોને એક સામુદાયિક સ્વાગત સમારંભમાં સંબોધિત કર્યા, કે ભારત અને પોર્ટુગલની સંસદો વચ્ચે નિયમિત આદાનપ્રદાનથી બંને દેશો વચ્ચેના લોકો-થી-લોકોના સંબંધોને વેગ મળશે. રાષ્ટ્રપતિએ લિસ્બનમાં પોર્ટુગલના પ્રધાનમંત્રી મહામહિમ શ્રી લુઈસ મોન્ટેનેગ્રો સાથે પણ મુલાકાત કરી અને વાતચીત કરી. આ મુલાકાત દરમિયાન, બંને નેતાઓએ દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત બનાવવા માટે આગળ વધવાના માર્ગો પર ચર્ચા કરી. તેઓ સંમત થયા કે વેપાર અને વાણિજ્ય, સંરક્ષણ, વિજ્ઞાન અને ટેકનોલોજી અને ઉર્જા જેવા ઘણા ક્ષેત્રોમાં સહયોગ માટે વધુ તકો છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, રાષ્ટ્રપતિ માર્સેલો રેબેલો ડી સોસા સાથે, લિસ્બનમાં ચંપાલીમોદ ફાઉન્ડેશનની મુલાકાત લીધી અને ન્યુરોસાયન્સ, ઓક્રોલોજી, પ્રાયોગિક ક્લિનિકલ સંશોધન અને ઓટોમેટેડ મેડિસિન ડિલિવરી સહિત વિવિધ સંશોધન અને વિકાસ પહેલો જોઈ. રાષ્ટ્રપતિએ ફાઉન્ડેશન અને પોર્ટુગલની અન્ય સંસ્થાઓમાં કામ કરતા ભારતીય સંશોધકો અને વિદ્વાનો સાથે જીવંત વાર્તાલાપ પણ કર્યો. તેમણે ઉભરતી તકનીકો અને વૈજ્ઞાનિક સંશોધનમાં ભારત-પોર્ટુગલ સહયોગને વધુ ગાઢ બનાવવામાં ભારતીય વિદ્વાનોની ભૂમિકા બદલ પ્રશંસા કરી. ચંપાલીમોદ સેન્ટર ફોર ધ અનનોન એક અત્યાધુનિક તબીબી, વૈજ્ઞાનિક અને તકનીકી સંસ્થા છે. જ્યાં લાગુ સંશોધન પ્રવૃત્તિઓ અને અદ્યતન શિક્ષણ કાર્યક્રમો સાથે આંતરશાખાકીય ક્લિનિકલ સંભાળ વિકસાવવામાં આવી રહી છે. બાદમાં, રાષ્ટ્રપતિએ લિસ્બનમાં મહાત્મા ગાંધી અને કસ્તુરબા ગાંધીની પ્રતિમા પર પુષ્પાંજલિ અર્પણ કરી. તેમણે રાધા-કૃષ્ણ મંદિરની પણ મુલાકાત લીધી અને પ્રાર્થના કરી. લિસ્બનમાં અંતિમ કાર્યક્રમમાં, રાષ્ટ્રપતિએ પોર્ટુગલમાં ભારતના રાજદૂત દ્વારા આયોજિત સ્વાગત સમારંભમાં ભારતીય સમુદાયના સભ્યોને સંબોધિત કર્યા. તેમની સાથે રાજ્યમંત્રી શ્રીમતી નિમુબેન જયંતિભાઈ બાંભણીયા તેમજ સંસદ સભ્યો શ્રી ધવલ પટેલ અને શ્રીમતી સંધ્યા રે પણ આ પ્રસંગે હાજર રહ્યા હતા. પોર્ટુગલના તમામ ભાગોમાંથી આ પ્રસંગે લિસ્બનમાં આવેલા ભારતીય સમુદાયના સભ્યોના ઉત્સાહી મેળાવડાને સંબોધતા, રાષ્ટ્રપતિએ કહ્યું કે ભારતના ઘણા ભાગો અને વિવિધ સમુદાયોનું પ્રતિનિધિત્વ કરીને, તેઓ માત્ર ભારતની વિવિધતાને જ પ્રતિબિંબિત કરતા નથી પરંતુ આપણા દેશોને બાંધતા સહિયારા મૂલ્યો - લોકશાહી, બહુલતાવાદ, બંધુત્વની ભાવનાનું પણ પ્રતિનિધિત્વ કરે છે. રાષ્ટ્રપતિએ કહ્યું કે પોર્ટુગલમાં તેમનું યોગદાન અને ભારતીય સંસ્કૃતિને પ્રોત્સાહન આપવાના તેમના પ્રયાસો તેમને આપણા દેશના સાચા રાજદૂત બનાવે છે. તેમને એ જાણીને આનંદ થયો કે તેઓ તેમના સખત પરિશ્રમ દ્વારા સફળતા અને સિદ્ધિઓ પ્રાપ્ત કરી રહ્યા છે અને ભારતને ગૌરવ અપાવી રહ્યા છે. તેમણે ભારતીય ડાયસ્પોરાને આવકારવા અને તેમની સલામતી અને સુખાકારી સુનિશ્ચિત કરવા બદલ પોર્ટુગલની સરકાર અને લોકોનો આભાર માન્યો.

**મહાવીર જયંતિ એ જૈન ધર્મનો મુખ્ય ધાર્મિક તહેવાર છે, મહાવીર જયંતિનો તહેવાર ભારતમાં અને તે સ્થળોએ પણ ઉજવવામાં આવે છે**

# ચૈત્ર સુદ તેરસ એટલે ભગવાન મહાવીરની ૨૬૨૩મી જન્મ જયંતિ, આ દિવસને વીર તેરસ તરીકે પણ ઓળખાય છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**મહાવીર જયંતિ એ જૈન ધર્મના ચોવીસમા અને છેલ્લા તીર્થંકર ભગવાન મહાવીરની જન્મજયંતિ નિમિત્તે સમગ્ર વિશ્વમાં જૈનો દ્વારા ઉજવવામાં આવતો એક મહત્વ પૂર્ણ ધાર્મિક તહેવાર છે, આ તહેવાર સામાન્ય રીતે અંતમાં અથવા એપ્રિલની અંતમાં, ચૈત્ર મહિનાના હિંદુ મહિનાના તેરમા દિવસે આવે છે.**

ગઈકાલે એટલે કે નવમી એપ્રિલ બુધવારે વિશ્ર્વ નવકાર મહામંત્ર દિવસ ઉજવ્યા બાદ એ દિવ્ય શકિત મંત્ર થકી આજે વિક્રમ સંવત ૨૦૮૧ ચૈત્ર સુદ તેરસ ગુરૂવારના રોજ મહા વીર જન્મ કલ્યાણક અથવા મહાવીર જયંતિ જૈન ધર્મના અનુયાયીઓ માટે પવિત્ર દિવસ ગણાય છે. આ દિવસને તેઓ તહેવાર તરીકે મનાવે છે.આ દિવસને વીર તેરસ તરીકે પણ ઓળખવામાં આવે છે.આ દિવસે જૈન ધર્મના ચોવીસમા તેમજ છેલ્લા તીર્થંકર મહાવીર સ્વામીનો જન્મ થયો હતો.એમનો જન્મભારતીય વૈદિક પંચાગના વિક્રમ સંવત મુજબ ચૈત્ર સુદ તેરસના દિવસે થયો હતો આ દિવસે ભારતમાં રાષ્ટ્રીય સ્તરે જાહેર રજા હોય છે.મહાવીર જયંતિ દર વર્ષે ચૈત્ર શુક્લ પક્ષની ત્રયોદશી પર ઉજવવામાં આવે છે ભગવાન મહાવીરને જૈન ધર્મના ચોવીસ તીર્થંકરોમાંથી ચોવીસમા તીર્થંકર માનવામાં આવે છે. ભગવાન મહાવીરનો જન્મ ઈ.સ. પૂર્વે ૫૯૯ની આસપાસ બિહારમાં થયો હતો. ભગવાન મહાવીરનો જન્મ બિહારના કુંડલપુર રાજ પરિવારમાં થયો હતો. તેમના બાળકનું નામ વર્ધમાન હતું. ભગવાન મહાવીરે ત્રીસ વર્ષની ઉંમરે સંન્યાસ લઈ લીધો હતો. તો ચાલો મહાવીર જયંતિ તિથિ અને આ વર્ષે મહાવીર ભગવાનની પૂજા કઈ રીતે કરવી તેના વિશે વિગત વાર જાણીએ. મહાવીર જયંતિ ચૈત્ર મહિનાના શુક્લ પક્ષ ત્રયોદશીના રોજ ઉજવવામાં આવે છે. આ વર્ષે ભગવાન મહાવીરની ૨૬૨૩મી જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવશે. મહાવીર જયંતિ એ જૈન ધર્મનો મુખ્ય ધાર્મિક તહેવાર છે,મહાવીર જયંતિનો તહેવાર ભારતમાં અને તે સ્થળોએ પણ ઉજવવામાં આવે છે જ્યાં જૈન સમુદાય હાજર છે.તીર્થંકર મહાવીરે યોગ્ય જ્ઞાન,શ્રદ્ધા અને આચરણની જરૂરિયાત શીખવી. આમ, તેમના ઉપદેશો અને જૈન ફિલ સૂફીની યાદમાં દર વર્ષે મહાવીર જયંતિ ઉજવવામાં આવે છે. સમાજ સુધારક, પ્રેરક, અસાધારણ કાર્યો અને હિંમત માટે મહાન નાયકનું બિરુદ મેળવનાર ભગવાન મહાવીરની આજે જન્મ જયંતિ છે. મહાવીર જયંતિ, જૈન ધર્મનો મુખ્ય ધાર્મિક તહેવાર, દેશમાં અને તે સ્થળોએ પણ વ્યાપકપણે ઉજવવામાં આવે છે જ્યાં જૈન સમુદાયની હાજરી છે. મહાવીર જયંતિ આ વર્ષે એપ્રિલની અંતમાં તેમના અનુયાયીઓ અને ભક્તો દ્વારા ખૂબ જ ઉમંગ અને ઉત્સાહ સાથે ઉજવવામાં આવશે. આ વર્ષે મહાવીર જયંતિ (૧૦મી એપ્રિલ ૨૦૨૫ ગુરૂવારના રોજ ઉજવવામાં આવશે.આ દિવસે જૈન મંદિરોને ધ્વજથી શણગારવા માં આવે છે અને તેમની મૂર્તિઓને સ્નાન કરાવવામાં આવે છે જેને 'અભિષેક' કહેવામાં આવે છે. લોકો સુશોભિત રથ પર ભવ્ય સરઘસ કાઢે છે, પ્રાર્થના કરે છે અને ભગવાન મહાવીરના ઉપદેશો વાંચે છે.આ દિવસે જૈન સમુદાય ના સભ્યો ગરીબોને ભિક્ષા અથવા ભોજનના રૂપમાં પ્રસાદ પણ આપે છે.મહાવીરનું બિરુદ: જૈનના ચોવીસમાતીર્થંકર મહાવીરનો જન્મ



વૈશાલી(બિહાર માં રાજા સિદ્ધાર્થ અને રાણી ત્રિશલાને ત્યાં થયો હતો શ્વેતામ્બરો અનુસાર, ભગવાન મહાવીરનો જન્મ ૫૯૯ ઈ.સ.પૂર્વે થયો હતો,પરંતુ દિગમ્બરો જન્મનું વર્ષ ૬૧૫ ઈ.સ.પૂર્વે માને છે. મહાવીર દેશમાં જૈન ધર્મના છેલ્લા તીર્થંકર અને સ્થાપક હતા. તેમનો જન્મ ચૈત્ર તેરમી વૈશાલી (બિહાર)માં થયો હતો, જે હાલના પટણા શહેરથી થોડાક માઈલ દૂર છે. તેમના માતા-પિતા સિદ્ધાર્થત્રિશલા એ તેમનું નામ વર્ધમાન રાખ્યું હતું. પરંતુ પાછળથી તેમણે તેમના અસાધારણ કાર્યો અને હિંમત માટે મહાવીરનું બિરુદ મેળવ્યું હતું. મહાવીર જયંતિ એ જૈન ધર્મના ચોવીસમા અને છેલ્લા તીર્થંકર ભગવાન મહાવીરની જન્મજયંતિ નિમિત્તે સમગ્ર વિશ્વમાં જૈનો દ્વારા ઉજવવામાં આવતો એક મહત્વ પૂર્ણ ધાર્મિક તહેવાર છે.આ તહેવાર સામાન્ય રીતે અંતમાં અથવા એપ્રિલની અંતમાં, ચૈત્ર મહિનાના હિંદુ મહિનાના તેરમા દિવસે આવે છે. આજે ૧૦મી એપ્રિલને ગુરૂવાર રોજ ઉજવવામાં આવશે, ભગવાન મહાવીરનો જન્મ ૫૯૯ બીસીઈમાં વૈશાલી,બિહાર,ભારત ના રાજા સિદ્ધાર્થ-રાણી ત્રિશલા ના પુત્ર તરીકે થયો હોવાનું માનવા માં આવે છે.તેમનું નામ વર્ધમાન રાખવામાં આવ્યું અને પછીથી તેમને જ્ઞાન પ્રાપ્ત થયું હોવાથી, તેઓ મહાવીર અથવા "મહાન નાયક" તરીકે ઓળખાયા હતા. મહાવીર તેમના અહિંસા, કરુણા અને સાદગીપૂર્ણ જીવન જીવવાના મહત્વના ઉપદેશો માટે જાણીતા છે. મહાવીર જયંતિની ઉજવણીમાં સામાન્ય રીતે પ્રાર્થના,ધાર્મિક ગ્રંથોનું પઠન અને વિસ્તૃત શોભાયાત્રા નો સમાવેશ થાય છે. જૈનો મંદિરોની મુલાકાત લે છે અને પૂજા કરે છે, ભગવાન મહાવીરની મૂર્તિને ફૂલો,મીઠાઈઓ અને અન્ય પ્રસાદ ચઢાવે છે. તેઓ સખાવતી પ્રવૃત્તિ ઓમાં પણ જોડાય છે,જેમ કે જરૂરિયાતમંદોને ખોરાક અને કપડાંનું દાન કરવું.જૈનો"રથયાત્રા ઓ" તરીકે ઓળખાતી સરઘસનું પણ આયોજન કરે છે,જેમાં ભગવાન મહાવીરની મૂર્તિને સુંદર રીતે સુશોભિત રથમાં શેરી ઓમાં લઈ જવાનો સમાવેશ થાય છે, જેમાં ભક્તો ભજન ગાતા હોય છે અને પ્રાર્થના કરે છે. રથયાત્રાએ ઉજવણીનો એક મહત્વપૂર્ણ ભાગ છે અને તેને વિશ્વમાં શાંતિ,કરુણા અને અહિંસાનો સંદેશ ફેલાવવાના માર્ગ તરીકે જોવામાં આવે છે. જૈનો માટે મહાવીર જયંતિ મહત્વ પૂર્ણ છે કારણ કે તે તેમને ભગવાન મહાવીરના ઉપદેશો અને અહિંસા, સત્યતા અને તમામ જીવો પ્રત્યે કરુણાના તેમના સિદ્ધાંતોને અનુસરવાના મહત્વની યાદ અપાવે છે.આ એક વ્યક્તિની આધ્યાત્મિક યાત્રા પર ચિંતન કરવાનો અને ઉચ્ચ સ્તરના જ્ઞાન પ્રાપ્ત કરવા માટે પ્રયત્ન કરવાનો દિવસ છે. આ તહેવાર માત્ર ભારતમાં જ નહીં પરંતુ નેપાળ,યુનાઈટેડ સ્ટેટ્સ અને યુનાઈટેડ કિંગડમ જેવા નોંધપાત્ર જૈન વસ્તી ધરાવતા અન્ય દેશોમાં પણ ઉજવવામાં આવે છે. મહાવીર જયંતિ શાંતિ અને સુમેળને પ્રોત્સાહન આપે છે. જૈનો મહાવીર જયંતીની ધામધૂમ થી ઉજવણી કરે છે. આ દિવસે તેમના ભક્તો અનેક અનુષ્ઠાનોનું આયોજન કરે છે.ભગવાન મહાવીરની શોભાયાત્રા પણ કાઢવામાં આવે છે.કહેવાય છે કે કઠોર તપસ્યા પછી મહાવીરજી એ તેમની ઈન્દ્રિયો પર વિજય મેળવ્યો હતો. ભગવાન મહાવીરે વ્યક્તિનેજીવન માં અનુસરવાના મહત્વના પાંચ સિદ્ધાંતો આપ્યાછે.આને પંચશીલ સિદ્ધાંતો કહેવામાં આવે છે.આ સિદ્ધાંત સાચા અને શ્રેષ્ઠ જીવન માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે.સત્ય- મહાવીર ભગવાનનો પહેલો સિદ્ધાંતએ છે કે વ્યક્તિએ હંમેશા સત્ય બોલવું જોઈએ. તમારે પણ આ સિદ્ધાંતનું પાલન કરવું જોઈએ. અહિંસા- મહાવીરજીએ હંમેશા પોતાના અનુયાયીઓને અહિંસા નો સંદેશ આપ્યો છે. અપરિગ્રહ-વ્યક્તિને કોઈપણ વસ્તુ સાથે અતિ લગાવ ન હોવો જોઈએ. એક સમયે વ્યક્તિએ બધી વસ્તુઓનો ભોગ આપવા તૈયાર રહેવું જોઈએ. બ્રહ્મચર્ય- મહાવીરજીનો એક સિદ્ધાંતએ છેકે વૈભવથી દૂર બ્રહ્મચર્યનું પાલન કરવું જોઈએ. વિવાહિત વ્યક્તિએ પોતાના પાર્ટનર પ્રત્યે વફાદાર રહેવું જોઈએ. ક્ષમા-વ્યક્તિમાં ક્ષમા કરવાની ક્ષમતા હોવી જોઈએ. દરેક સાથે મિત્રતાનો ભાવ હોવો જોઈએ. તેણે લોકોને માફ કરી દેવા જોઈએ. વાચક ચાહક મિત્રો, ધર્મએ જીવન જીવવાની ઉત્તમ કળા છે. તેમાં કેટલાક સિધ્ધાંતો ને નજર સામે રાખી જીવન જીવવા પ્રયત્ન કરો ક્યારેય દુઃખી નહી થવાય.. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે અહિંસાના મસીહા મહાવીર સ્વામીની જન્મ જયંતિની શુભકામના પાઠવું છું. સાથે છેલ્લે નવકાર મહામંત્રની સાચી જોડણી ઉચ્ચાર જોઈએ, નમોઅરિહંતાણં નમો સિદ્ધાણં. નમો આયરિયાણં, નમો ઉવજઝાયાણં, નમો લોએ સવ્વસાહૂણં, એસો પંચનમુક્કારો સવ્વપાવપ્પણાસણોમંગલાણં ચ સવ્વેસિં પઢમં હવઈ મંગલં કોઈ પણ ધર્મ સંપ્રદાયનો મંત્ર શક્તિ દાયક જ બને જ્યારે તેની યોગ્ય ઉચ્ચાર સાથે આરાધના ઉપાસના કરવામાં આવે. આજે આપણે અહીં અટકીએ અસ્તુ.

**નવકાર મહામંત્ર પંચ પરમેષ્ઠીની પૂજાની સાથે સાથે યોગ્ય જ્ઞાન, દ્રષ્ટિ અને આચરણ અને મોક્ષ તરફ દોરી જતા માર્ગનું પ્રતીક છેઃ પ્રધાનમંત્રી**

# પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નવકાર મહામંત્ર દિવસનું ઉદ્ઘાટન કર્યું

**ભારતનાં પ્રયાસો અને પરિણામો પ્રેરણાનો સ્ત્રોત બનવાની સાથે દુનિયાનો ભારતમાં વિશ્વાસ વધારે ગાઢ બની રહ્યો છે એ બાબત પર ભાર મૂકીને શ્રી મોદીએ જણાવ્યું હતું કે, વૈશ્વિક સંસ્થાઓ હવે તેની પ્રગતિને કારણે ભારત તરફ જોઈ રહી છે, જે અન્ય લોકો માટે માર્ગ મોકળો કરે છે. તેમણે આ વાતને "પારસપારોપાગ્રહો જીવનમ"ની જૈન ફિલસૂફી સાથે જોડીને એ વાત પર ભાર મૂક્યો હતો કે જીવન પારસ્પરિક સહકાર પર ખીલે છે.**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે નવી દિલ્હીમાં વિજ્ઞાન ભવનમાં નવકાર મહામંત્ર દિવસનું ઉદ્ઘાટન કર્યું હતું અને તેમાં સહભાગી થયા હતા. જનમેદનીને સંબોધતા તેમણે મનમાં શાંતિ અને સ્થિરતા લાવવાની ક્ષમતા પર ભાર મૂકતાં નવકાર મંત્રના ગહન આધ્યાત્મિક અનુભવ પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે શાંતિની અસાધારણ લાગણી પર ટિપ્પણી કરી, જે શબ્દો અને વિચારોથી પર છે, જે મન અને ચેતનામાં ઊંડે સુધી ગુંજી ઉઠે છે. શ્રી મોદીએ નવકાર મંત્રનાં મહત્ત્વ પર ભાર મૂક્યો હતો, તેનાં પવિત્ર શ્લોકોનું પઠન કર્યું હતું તથા મંત્રને ઊર્જાનો એકીકૃત પ્રવાહ ગણાવ્યો હતો, જેમાં સ્થિરતા, સમતા અને ચેતના અને આંતરિક પ્રકાશનાં સંવાદી લયનો સમાવેશ થાય છે. પોતાના અંગત અનુભવનો ઉલ્લેખ કરતાં તેમણે જણાવ્યું હતું કે, તેઓ કેવી રીતે પોતાની અંદર નવકાર મંત્રની આધ્યાત્મિક શક્તિનો અનુભવ કરી રહ્યા છે. તેમણે વર્ષો અગાઉ બેંગલુરુમાં આ પ્રકારની સામૂહિક મંત્રોચ્ચારની ઘટનાને યાદ કરી હતી, જેણે તેમના પર કાયમી છાપ છોડી હતી. પ્રધાનમંત્રીએ દેશ અને વિદેશમાં વસતા લાખો સદ્ગુણી આત્માઓના એકજૂથ થયેલા અપ્રતિમ અનુભવને પ્રકાશિત કર્યો હતો, જેમાં તેઓ એકીકૃત ચેતનામાં એકસાથે આવ્યા હતા. તેમણે સામૂહિક ઊર્જા પર ટિપ્પણી કરી હતી અને શબ્દોનો સમન્વય કર્યો હતો અને તેને ખરેખર અસાધારણ અને અભૂતપૂર્વ ગણાવ્યું હતું. ગુજરાતમાં તેમનાં મૂળ વિશે વાત કરતાં પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, જૈન ધર્મનો પ્રભાવ દરેક શેરીમાં જોવા મળે છે, તેમણે જણાવ્યું હતું કે, કેવી રીતે તેમને નાની ઉંમરથી જ જૈન આચાર્યોની સાથે રહેવાનો લહાવો મળ્યો છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, "નવકાર મંત્ર એ માત્ર એક મંત્ર જ નથી, પણ શ્રદ્ધાનું હાર્દ છે અને જીવનનું હાર્દ છે." તેમણે તેના મહત્ત્વ પર પણ ભાર મૂક્યો હતો, જે આધ્યાત્મિકતાની બહાર પણ વિસ્તરે છે, જે વ્યક્તિઓ અને સમાજને એકસરખું માર્ગદર્શન આપે છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે નવકાર મંત્રના દરેક શ્લોક અને દરેક ઉચ્ચાર પણ ગહન અર્થ ધરાવે છે. તેમણે ઉમેર્યું હતું કે, મંત્રનું પઠન કરતી વખતે વ્યક્તિ પંચ પરમેષ્ઠીને વંદન કરે છે અને તેનું વિસ્તૃત વર્ણન કરે છે. શ્રી મોદીએ કહ્યું હતું કે, "કેવલ જ્ઞાન" પ્રાપ્ત કરનાર અને "ભવ્ય જીવ"નું માર્ગદર્શન કરનાર અરિહંતોએ ૧૨ દૈવી ગુણોનું પ્રતીક છે, જ્યારે આઠ કર્મોને નાબૂદ કરનારા સિદ્ધોને મોક્ષ પ્રાપ્ત થયો છે અને આઠ શુદ્ધ ગુણો ધરાવે છે. તેમણે ઉમેર્યું હતું કે, આચાર્યો મહાવ્રતને અનુસરે છે અને પથપ્રદર્શક તરીકે સેવા આપે છે, જેમાં ૩૬ સદ્ગુણો સમાયેલા છે, જ્યારે ઉપાધ્યાય ૨૫ ગુણોથી સમૃદ્ધ મોક્ષ માર્ગનું જ્ઞાન પ્રદાન કરે છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે સાધુઓ તપસ્યા અને




મોક્ષ તરફની પ્રગતિ દ્વારા પોતાને શુદ્ધ કરે છે, જેમાં ૨૭ મહાન ગુણો છે. તેમણે આધ્યાત્મિક ઊંડાણ અને આ દરેક પૂજ્ય જીવ સાથે સંકળાયેલા ગુણો પર પ્રકાશ પાડ્યો હતો. "કોઈ વ્યક્તિ ૧૦૮ દૈવી ગુણોને નમન કરે છે અને નવકાર મંત્રનું પઠન કરતી વખતે માનવતાના કલ્યાણને યાદ કરે છે." શ્રી મોદીએ જણાવ્યું હતું કે, આ મંત્ર આપણને યાદ અપાવે છે કે જ્ઞાન અને ક્રિયા એ જીવનની સાચી દિશાઓ છે, જેમાં ગુરુ માર્ગદર્શક પ્રકાશ છે અને અંદરથી માર્ગ ઉભરી રહ્યો છે. તેમણે નવકાર મંત્રનાં ઉપદેશો પર ભાર મૂક્યો હતો, જે આત્મવિશ્વાસને પ્રેરિત કરે છે અને પોતાની યાત્રાની શરૂઆત કરે છે. તેમણે કહ્યું હતું કે સાચો શત્રુ અંદર જ રહેલો છે - નકારાત્મક વિચારો, અવિશ્વાસ, શત્રુતા અને સ્વાર્થ - અને આ બધા પર વિજય મેળવવો એ જ ખરો વિજય છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે જૈન ધર્મ વ્યક્તિઓને બાહ્ય વિશ્વને બદલે પોતાને જીતવા માટે પ્રોત્સાહિત કરે છે. તેમણે ઉમેર્યું હતું કે, "સ્વ-વિજય વ્યક્તિને અરિહંત બનવા તરફ દોરી જાય છે." તેમણે ઉમેર્યું હતું કે, નવકાર મંત્ર એ કોઈ માંગ નથી, પરંતુ એક માર્ગ છે - એક એવો માર્ગ જે વ્યક્તિઓને અંદરથી શુદ્ધ કરે છે અને સંવાદિતા અને સદ્ભાવના તરફ માર્ગદર્શન આપે છે. "નવકાર મંત્ર એ ખરેખર માનવ ધ્યાન, વ્યવહાર અને આત્મ-શુદ્ધિકરણનો મંત્ર છે", તેના વૈશ્વિક પરિપ્રેક્ષ્ય અને તેના કાલાતીત સ્વભાવ પર પ્રકાશ પાડતા પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, જે અન્ય ભારતીય મૌખિક અને શાસ્ત્રોક્ત પરંપરાઓની જેમ, પેઢીઓથી પસાર થાય છે - પ્રથમ મૌખિક અને શાસ્ત્રોક્ત પરંપરાઓ દ્વારા, પ્રથમ મૌખિક રીતે, પછી શિલાલેખો દ્વારા, અને છેલ્લે પ્રાકૃત હસ્તપ્રતો દ્વારા - આજે પણ માનવતાને માર્ગદર્શન આપી રહી છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, "નવકાર મંત્ર, પંચ પરમેષ્ઠીનો આદર કરવાની સાથે સાથે યોગ્ય જ્ઞાન, સાચી સમજણ અને સાચા આચરણને મૂર્તિમંત કરે છે, જે મુક્તિના માર્ગ તરીકે સેવા આપે છે." જીવનનાં નવ તત્ત્વો કે જે પૂર્ણતા તરફ દોરી જાય છે, તેના મહત્ત્વ પર ભાર મૂકીને શ્રી મોદીએ ભારતીય સંસ્કૃતિમાં નવમા નંબરના વિશેષ મહત્ત્વની નોંધ લીધી હતી. તેમણે નવકાર મંત્ર, નવ તત્વો અને નવ ગુણોનો ઉલ્લેખ કરીને જૈન ધર્મમાં નવમાં અંકની મહત્તા વિશે વિસ્તૃત વર્ણન કર્યું હતું, તેમજ નવ ખજાના, નવ દ્વાર, નવ ગ્રહો, દુર્ગાના નવ સ્વરૂપો અને નવધા ભક્તિ જેવી અન્ય પરંપરાઓમાં તેની હાજરીનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે એ બાબત પર પ્રકાશ પાડ્યો હતો કે મંત્રોચ્ચારનું પુનરાવર્તન - પછી તે નવ વખત હોય કે ૨૭, ૫૪ કે ૧૦૮ જેવા નવ વખતના ગુણાકારમાં - નવની સંખ્યા દ્વારા રજૂ થતી પૂર્ણતાનું પ્રતીક છે. પ્રધાનમંત્રીએ સમજાવ્યું હતું કે, નવમો ક્રમાંક માત્ર ગણિત જ નથી, પણ એક ફિલસૂફી છે, કારણ કે તે પૂર્ણતાનું પ્રતિનિધિત્વ કરે છે. તેમણે નોંધ્યું હતું કે પૂર્ણતા પ્રાપ્ત કર્યા પછી, મન અને બુદ્ધિ સ્થિર થાય છે અને નવી વસ્તુઓ માટેની ઈચ્છાથી મુક્ત થાય છે. પ્રગતિ પછી પણ વ્યક્તિ તેના સત્ત્વમાં જ મૂળ રહે છે અને આ નવકાર મંત્રનો સાર છે, એમ તેમણે જણાવ્યું હતું. નવકાર મંત્રની ફિલસૂફી વિકસિત ભારતના વિઝન સાથે સુસંગત છે એ વાત પર ભાર મૂકીને પ્રધાનમંત્રીએ લાલ કિલ્લા પરથી પોતાના નિવેદનનો પુનરોચ્ચાર કર્યો હતો અને એ વાત પર ભાર મૂક્યો હતો કે, વિકસિત ભારત પ્રગતિ અને વારસા એમ બંનેનું પ્રતીક છે - એક એવો દેશ કે જે ન તો અટકશે કે ન તો ડગમગી જશે, નવી ઊંચાઈએ પહોંચશે, છતાં મૂળ તેની પરંપરાઓમાં જ રહેશે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, વિકસિત ભારત તેની સંસ્કૃતિ પર ગર્વ અનુભવશે. તેમણે તીર્થંકરોના ઉપદેશોની જાળવણી પર ભાર મૂક્યો. ભગવાન મહાવીરના ૨૫૫૦માં નિર્વાણ મહોત્સવની રાષ્ટ્રવ્યાપી ઉજવણીને યાદ કરીને શ્રી મોદીએ વિદેશથી તીર્થંકરો સહિત પ્રાચીન મૂર્તિઓ પરત આવવાની નોંધ લીધી હતી. તેમણે ગર્વથી કહ્યું કે તાજેતરના વર્ષોમાં ૨૦ થી વધુ તીર્થંકર મૂર્તિઓને ભારત પરત લાવવામાં આવી છે. તેમણે ભારતની ઓળખને આકાર આપવામાં જૈન ધર્મની અપ્રતિમ ભૂમિકા પર પ્રકાશ પાડ્યો હતો અને આ વારસાને જાળવવાની સરકારની પ્રતિબદ્ધતાની પુષ્ટિ કરી હતી. નવી દિલ્હીમાં સંસદની નવી ઈમારતનો ઉલ્લેખ કરીને તેને લોકશાહીનું મંદિર ગણાવતાં તેમણે જૈન ધર્મના દેખીતા પ્રભાવ તરફ ધ્યાન દોર્યું હતું. તેમણે શાર્દુલ ગેટ પ્રવેશદ્વાર પરની આર્કિટેક્ચરલ ગેલેરીમાં સમ્મેદ શિખરનું ચિત્રણ, લોકસભાના પ્રવેશદ્વાર પર તીર્થંકરની મૂર્તિ, જે ઓસ્ટ્રેલિયાથી પરત આવી હતી, સંવિધાન ગેલેરીની છત પર ભગવાન મહાવીરનું ભવ્ય પેઈન્ટિંગ અને દક્ષિણ ઈમારતની દિવાલ પર તમામ ૨૪ તીર્થંકરોના એક સાથે ચિત્રણનો ઉલ્લેખ કર્યો હતો. પ્રધાનમંત્રીએ નોંધ્યું હતું કે, આ ફિલસૂફીઓ ભારતની લોકશાહીને માર્ગદર્શન આપે છે અને સાચો માર્ગ પ્રદાન કરે છે. તેમણે "વત્થુ સહવો ધમ્મો", "ચરિતમ ખલુ ધમમો", અને "જીવના રકખાનામ ધમ્મો" જેવા પ્રાચીન આગમ શાસ્ત્રોમાં સમાવિષ્ટ જૈન ધર્મની ગહન વ્યાખ્યાઓ પર પ્રકાશ પાડ્યો હતો.

### સલમાન ખાન અને રશ્મિકાથી લઇને રજનીકાંત અને સોનાક્ષી સિંહા

# બોલિવૂડમાં ઘરડાં સુપરસ્ટાર અને યુવાન હિરોઇનની જોડી કાંઈ નવી નથી

સલમાન ખાન અને રશ્મિકા મંદાનાની સિકંદરની જાહેરાત થઈ ત્યારથી તેમની બંનેની ઉમરમાં મોટા તફાવત વિશે ચર્ચા થતી રહી છે, પરંતુ આ પહેલાં શાહરુખ ખાન અને રજનીકાંત જેવા સ્ટાર્સ પણ આ પ્રકારની જોડીમાં કામ કરી ચૂક્યા છે. બોલિવૂડમાં આ પ્રકારની જોડી કોઈ નવી નથી. સલમાને ફિલ્મના ટ્રેલર રિલીઝ ઈવેન્ટમાં મજાકમાં ટ્રોલર્સને જવાબ પણ આપ્યો હતો કે, હું તો રશ્મિકાના સંતાનો સાથે પણ હિરો તરીકે જ કામ કરીશ. બોલિવૂડમાં કોઈ પણ ઉમરે સુપરસ્ટાર હંમેશા યુવાન હિરો જ રહે છે. જોઈએ આવી કેટલીક ફિલ્મી જોડીઓ વિશે.



## સલમાન - રશ્મિકા

સલમાન ખાન ૫૯ વર્ષનો છે અને તેણે ૨૮ વર્ષની રશ્મિકા મંદાના સાથે સિકંદરમાં જોડી જમાવી છે. તેમની બનંનેની વચ્ચે ૩૧ વર્ષનો ફરક છે. આ બાબતે સલમાને મીડિયા પર આક્ષેપ કરતા કહ્યું હતું કે મીડિયા આ પ્રકારે એજગેપની વાતો કરીને ફિલ્મની મજા બગાડી નાખે છે.

## આમિર ખાન અને કરીના કપૂર



**આમિર ખાનની ઉમર ૬૦ વર્ષ છે અને કરીના કપૂર ખાનની ઉંમર ૪૪ વર્ષ છે. તેમણે ૨૦૦૯માં થ્રી ઇડિયટ્સમાં કામ કર્યુ હતું. એ વખતે આમિરની ઉંમર ૪૫ વર્ષ અને કરીનાની ઉંમર ૨૯ વર્ષ હતી. બંને વચ્ચે ૧૬ વર્ષના ફરક છતાં ફિલ્મ સુપર હિટ રહી હતી. બંનેએ ૨૦૧૨માં તલાશ અને ૨૦૨૨માં લાલ સિંઘ ચઢ્ઢામાં પણ કામ કર્યુ હતું.**



## અક્ષય - માનુષી

અક્ષય કુમારની ઉંમર ૫૭ વર્ષ છે અને માનુષી છિલ્લરની ઉંમર ૨૭ વર્ષ છે. તેમણે બંનેએ ૨૦૨૨માં આવેલી ફિલ્મ સમ્રાટ પૃથ્વીરાજમાં સાથે કામ કર્યું હતું. બંનેએ ૨૦૨૪માં આવેલી બડે મિંયા છોટે મિંયામાં પણ સાથે કામ કર્યું હતું. તેમની વચ્ચે ૩૦ વર્ષનો ફરક છે. આ અંગે એક કોન્ફરન્સમાં માનુષીએ ખુલાસો કર્યો હતો.



## રજનીકાંત - સોનાક્ષી સિંહા

રજનીકાંતની ઉંમર ૭૪ વર્ષ અને સોનાક્ષીની ઉંમર ૩૭ વર્ષ છે. તેમણે ૨૦૧૪માં લિંગામાં સાથે કામ કર્યું હતું. તેમની વચ્ચે ૩૭ વર્ષનો ફરક હતો. આ અંગે સોનાક્ષીએ કહ્યું, ‘‘મને એક વખત વિચાર આવ્યો હતો, પણ રોલ એવો હતો કે તેના કારણે અમને બે માંથી કોઈને અજૂગતું નહોતું લાગતું.’’

### વિજયએ કહ્યું કે હિન્દી સિનેમા એક મોટી સાઇકલનો ભાગ છે

# મુંબઇ બહારના ફિલ્મમેકર્સ જ હિન્દી સિનેમાને પુનર્જીવન આપી શકશે

ઘણા એક્ટર્સ, ફિલ્મ મેકર્સ અને એનાલિસ્ટ આજકાલ ફિલ્મ ઈન્ડસ્ટ્રીના બોક્સ ઓફિસ પર સંઘર્ષ અંગે વાત કરતા જોવા-સાંભળવા મળે છે. ત્યારે તાજેતરમાં જ તેલુગુ સ્ટાર વિજય દેવરકોંડાએ પણ આ અંગે પોતાના વિચારો રજૂ કર્યા છે. તેણે જણાવ્યું કઈ રીતે સાઉથની ઈન્ડસ્ટ્રી હાલ સફળતા સાથે દોડી રહી છે અને તેણે એમ પણ કહ્યું કે નવી જનરેશનના ફિલ્મ મેકર્સ જ ઈન્ડસ્ટ્રીને પુનિર્જિવીત કરશે.વિજય દેવરકોંડાએ કહ્યું કે હિન્દી સિનેમા એક મોટી સાઈકલનો ભાગ છે અને તેની ચિંતા કરવાની જરૂર નથી. વિજયે કહ્યું,‘‘સાઉથની ઈન્ડસ્ટ્રી હાલ કોઈના પણ સપનાસમાન સફળતાથી દોડી રહી છે. આ એક સાયકલ છે. એક સમય હતો, જ્યારે અમારા વિશે કોઈને ખબર નહોતી. એક સમય હતો જ્યારે ભારતીય સિનેમાની ગૂંજ વિશ્વભરમાં હતી અને ફિલ્મો સારી કમાણી પણ કરતી હતી કે વિશ્વકક્ષાએ પણ બોલિવૂડનાં ખુબ મોટી સંખ્યમાં દર્શકો હતા. આ એક સાયકલ છે. હવે સમય આવ્યો છે કે સાઉથની ફિલ્મો જોવાય છે અને લોકોનો પ્રેમ મળે છે. ૫-૧૦ વર્ષ પછી ફરી કશુંક નવું આવશે.’’વિજયે એવી પણ આગાહી કરી કે હિન્દી સિનેમામાં ફરી એક સર્જનાત્મક ક્રાંતિ આવશે, નવા ફિલ્મ મેકર્સ નવી વાર્તાઓ સાથે આવશે અને ઈન્ડસ્ટ્રીને નવી દિશામાં લઈ જશે. વિજયે કહ્યું,‘‘હાલ જે ખાલીપો સર્જાયો છે, તેમાં ફિલ્મ મેકર્સની નવી પેઢી આવશે જે આ સ્થિતિ સુધારી દેશે. હિન્દી સિનેમાને બહુ જલ્દી નવા ફિલ્મ મેકર્સ અને વાર્તા લખનારાઓ મળશે અને એ લોકો કદાચ મુંબઈથી બહારના હશે. આ મારી આગાહી છે. તેઓ કદાચ નાના શહેરોનાં હશે અને એ લોકો મોટા ભાગે હિન્દી બોલતાં વિસ્તારોમાંથી આવશે. એ લોકો અલગ રીતે ફિલ્મ બનાવશે અને કદાચ સાઉથની ફિલ્મોથી પણ એમની ફિલ્મો અલગ હશે.’’આ બાબતે વિજયે ‘બાહુબલી’નું ઉદાહરણ આપ્યું હતું. તેણે કહ્યું,‘‘તેલુગુ સિનેમાએ પણ બહોળા ઓડિયન્સ સુધી પહોંચવા માટે પોતાની લડત લડવી પડી છે. જેમકે, એસએસ રાજામૌલીએ બાહુબલી બનાવી. તેમણે બે એવા કલાકારો પર દાવ લગાવ્યો, જેને હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રી પહેલાં ઓળખતી પણ નહોતી, તેઓ આગળ વધ્યા અને આટલી મોટી ફિલ્મ બનાવી. જો એ ફિલ્મ ન ચાલી હોત તો, તેની સાથે ઘણા લોકોની કારકિર્દી ખતમ થઈ ગઈ હોત. પ્રોડ્યુસર્સ પણ મુશ્કેલીમાં મુકાઈ ગયા હોત. કલાકારોએ પણ આ એક ફિલ્મ માટે પાંચ વર્ષ જેટલો લાંબો સમય આપ્યો. તેથી દરેક જોખમમાં હતાં. તેથી તમારે તમારી જગ્યા માટે, લોકોનું ધ્યાન તમારા તરફ ખેંચવા માટે અને પ્રેમ મેળવવા માટે સંઘર્ષ કરવો જ પડે. મને લાગે છે હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રી પણ પોતાનો રસ્તો શોધી લેશે. આ જીવનનો એક ભાગ છે.’’



**સાઉથની ઇન્ડસ્ટ્રીના ડ્રીમ રન અને નવી જનરેશનના ફિલ્મ મેકર્સ વિશે આગાહી કરી....**

### ટીમ દ્વારા ફિલ્મનું ફર્સ્ટ લૂક પોસ્ટર શેર કરવામાં આવ્યું

# ‘છાવા’ની સફળતા પછી જાદુગરના રોલમાં દેખાશે

વિકી કૌશલની કરિયરમાં અત્યાર સુધીની સૌથી મોટી હિટ ફિલ્મ ‘છાવા’ છે. વિકી સાથે રણબીર કપૂર અને આલિયા ભટ્ટનો લીડ રોલ ધરાવતી આ ફિલ્મ ૨૦૨૬માં રિલીઝ થવાની છે ‘છાવા’માં છત્રપતિ સંભાજી મહારાજના રોલ માટે વિકીની ચોમેર પ્રશંસા થઈ રહી છે ત્યારે તેની આગામી ફિલ્મનું પ્રમોશન શરૂ થઈ ગયું છે. શૂજિત સરકારના ડાયેરક્શનમાં ‘એક જાદુગર’ બની રહી છે, જેમાં વિકી કૌશલનો લીડ રોલ છે. આ ફિલ્મની સ્ટોરી કે વિકીના કેરેક્ટર અંગે ખાસ માહિતી આપવામાં આવી નથી, પરંતુ તેને ફેન્ટસી ડ્રામા તરીકે ઓળખવામાં આવે છે. ‘એક જાદુગર’ની ટીમ દ્વારા ફિલ્મનું ફર્સ્ટ લૂક પોસ્ટર શેર કરવામાં આવ્યું છે. આ પોસ્ટરે દરેક ફિલ્મ રસિકનું ધ્યાન ખેંચ્યું છે. પોસ્ટરમાં વિકી કૌશલે જાદુગર જેવા ચમકદાર કપડાં પહેરેલા છે. હોલિવૂડ સ્ટાર જોની ડેપ જેવી હેટને વિકીએ પહેલેલી છે. આ હેટ પર લીલા રંગનું એક પીંછું છે. વિકીએ લીલા રંગનો સૂટ પહેર્યો છે અને તેના પર એમ્બ્રોઈડરી છે. બો ટાઈ અને તેની મરોડદાર મૂંછો અલગ જ લૂક છે. વિકીના ચહેરા પર તોફાની સ્મિત જોવા મળે છે. વિકીના હાથમાં એક ક્રિસ્ટલ બોલ છે, જેને તો ગોળ ફેરવી રહ્યો છે. સર્કસના સેટની જેમ પાછળના પડદા પણ લીલા રંગના છે, જે જાદુની અનોખી દુનિયામાં સફર કરાવવા તૈયાર જણાય છે.‘છાવા’ની સફળતા પછી વિકીની પહેલી ફિલ્મનું પ્રમોશન શરૂ થયું છે. ‘એક જાદુગર’ની રિલીઝ ડેટ હજુ જાહેર થઈ નથી. આ ઉપરાંત વિકી પાસે સંજય લીલા ભણસાલીની બિગ બજેટ ફિલ્મ ‘લવ એન્ડ વોર’ પણ છે. વિકી સાથે રણબીર કપૂર અને આલિયા ભટ્ટનો લીડ રોલ ધરાવતી આ ફિલ્મ ૨૦૨૬માં રિલીઝ થવાની છે.




### ક્લેશ ટાળવાના પ્રયત્નો અને ચર્ચાઓ પછી લેવાયેલો નિર્ણય

# રજનીકાંતની ‘કૂલી’ અને રિતિક-જુનિયર એનટીઆરની ‘વૉર’ વચ્ચે ટક્કર નિશ્ચિત

**રજનીકાંતની એક્શન ફિલ્મ કૂલી લોકેશ કનગરાજ દ્વારા ડિરેક્ટ કરવામાં આવી છે**






થલાઈવા રજનીકાંતની ફિલ્મ ‘કૂલી’ સ્વતંત્રતા દિવસે રિલીઝ થવા જઈ રહી છે. ફિલ્મના મેકર્સ દ્વારા ઓફિશિયલી હવે તારીખ જાહેર કરી દેવાઈ છે, તેમણે આ ફિલ્મ ૧૪ ઓગસ્ટે રિલીઝ થશે એવી જાહેરાત કરી દીધી છે.ફિલ્મનું નવું પોસ્ટર સોશિયલ મીડિયા પર રિલીઝ કરવામાં આવ્યું છે, તેની પોસ્ટની કૅપ્શનમાં લખાયું હતું, ‘‘સાઉડ-આહ યેથુ! દેવા વરારુ કૂલી વર્લ્ડ વાઇડ ૧૪ ઓગસ્ટથી.’’ તેથી તેની હવે રિતિક રોશન અને જુનિયર એનટીઆરની ફિલ્મ ‘વૉર’ સાથે ટક્કર નિશ્ચિત છે. રજનીકાંતની એક્શન ફિલ્મ કૂલી લોકેશ કનગરાજ દ્વારા ડિરેક્ટ કરવામાં આવી છે. જેમાં રજનીકાંત નેગેટિવ રોલમાં જોવા મળશે. આ ફિલ્મમાં રજનીકાંત ઉપરાંત નાગાર્જુન અક્કિનેની, ઉપેન્દ્ર રાવ, શ્રુતિ હસન, સથ્યરાજ, સૌબિન શાહિર જેવા જાણીતા કલાકારો મહત્વના રોલમાં છે. આમિર ખાન પણ આ ફિલ્મમાં કેમિયો કરી રહ્યો હોવાના અહેવાલો છે. બીજી તરફ જો વૉરની વાત કરવામાં આવે તો જૂનિયર એનટીઆર અન રિતિક રોશનની આ ફિલ્મ ૧૫ ઓગસ્ટે રિલીઝ થવાની છે. આયાન મુખર્જીએ ડિરેક્ટ કરેલી આ ફિલ્મમાં રિતિક ફરી એક વાર મેજર કબીર ધાલીવાલના રોલમાં જોવા મળશે, જે વધુ એક વખત દેશને ખતરમાંથી બચાવવા જીવના જોખમે લડશે. આ ફિલ્મમાં જુનિયર એનટીઆર મુખ્ય વિલનના રોલમાં જોવા મળશે, તેનાથી ‘આરઆરઆર’નો આ સુપરસ્ટાર વાયઆરએફના સ્પાય યુનિવર્સમાં ડેબ્યુ કરશે. આ ફિલ્મમાં રિતિક સાથે કિઆરા અડવાણીની જોડી જોવા મળશે. રજનીકાંત હાલ તેમની ‘જેલર ૨’ના શૂટિંગમાં વ્યસ્ત છે, આ ૨૦૨૩માં આવેલી જેલરનો જ બીજો ભાગ છે. જે નેલ્સન દીલિપકુમાર દ્વારા ડિરેક્ટ કરવામાં આવી છે. જોકે, આ ફિલ્મની બાકીની કાસ્ટ વિશે હજુ કોઈ જાહેરાત કરવામાં આવી નથી.

# મારે મારો પ્રચાર કરવા માટે કોઈ કાકા, મામા, પિતા, બહેન કે ગર્લફ્રેન્ડ નથીઃ કાર્તિક

**‘તું મેરી મેં તેરા મેં તેરા તું મેરી’ નામની એક રોમેન્ટીક કોમેડી ફિલ્મની જાહેરાત કરી હતી**

કાર્તિક આર્યન હાલ કરણ જોહરની ફિલ્મ ‘તું મેરી મેં તેરા મેં તેરા તું મેરી’માં કામ કરી રહ્યો છે. ત્યારે તેણે આ ફિલ્મ માટે ૫૦ કરોડ ફી વસુલી છે, તેવી ચર્ચા છે. ત્યારે કાર્તિક આર્યને એક ઈન્ટરવ્યુમાં ઈન્ડસ્ટ્રીના સહકાર તેમજ તેની ફી મુદ્દે વાત કરી હતી. કાર્તિકે ૫૦ કરોડ જેટલી ફી વસૂલી હોવાની વાતથી ઘણાં લોકોના ભ્મંવા ચડી ગયાં છે. કાર્તિકે આ અંગે કહ્યુ કે, ‘‘આટલી રકમ લેનારો હું એકમાત્ર કલાકાર છું ?’’ તેણે એમ પણ કહ્યું કે તેનું નામ કોઈ આંકડા સાથે જોડાય ત્યારે જ આવી ચર્ચાઓ થાય છે, બીજા લોકો તો એમાંથી સિફતથી છટકી જાય છે.જ્યારે મોટી રકમની ફી અંગે વાત કરતા કાર્તિકે કહ્યું,‘‘કેટલાંક લોકોને પચતું નથી કે કોઈએ પોતાની રીતે પોતાની જગ્યા બનાવી લીધી છે. તેથી આવા લોકો એ વ્યક્તિ વિશે બને એટલી વાતો ઘડી કાઢે છે.’’ કાર્તિકે ઈન્ડસ્ટ્રીની સપોર્ટ સિસ્ટમ વિશે કહ્યું,‘‘મુદ્દો એ છે કે, મારા કોઈ પ્રવક્તા નથી. અહીં મારો કોઈ પરિવાર નથી. મારે લેખોથી કે પછી ઈન્સ્ટ્રીનાં મારો પ્રચાર કરવા માટે કોઈ કાકા, મામા, પિતા, બહેન કે ગર્લળેન્ડ નથી.’’ કાર્તિકે કહ્યું કે આ પ્રકારની વાતો બહારથી જ શરૂ થાય છે. જ્યારે કોઈ પોતાનો અલગ રસ્તો બનાવી લે છે ત્યારે ઘણા લોકોના ભ્મંવા ચડી જાય છે. તેના કારણે આવી અતિશ્યોક્તિભરી વાતો શરૂ થાય છે. કાર્તિકે ક્રિસ્મસ પર કરણ જોહરની ફિલ્મ ‘તું મેરી મેં તેરા મેં તેરા તું મેરી’ નામની એક રોમેન્ટીક કોમેડી ફિલ્મની જાહેરાત કરી હતી. આ ફિલ્મ ૨૦૨૬માં લેસેન્ટાઈન્સ ડે પર રિલીઝ થશે. આ ફિલ્મ સાથે સંકળાયેલાં સૂત્રોના જણાવ્યા અનુસાર,‘‘આ એક એડવેન્ચર અને લવસ્ટોરી પ્રકારની ફિલ્મ છે. જેમાં ફિલ્મની લીડ જોડી દુનિયાના પ્રવાસે જાય છે.’’ આ ફિલ્મ ધર્મા પ્રોડક્શન્સ દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવી છે અને સમીર વિદ્વાન દ્વારા ડિરેક્ટ કરવામાં આવી છે. જોકે, હજુ આ ફિલ્મની સ્ટોરી અંગે કશું જ જાહેર કરવામાં આવ્યું નથી. આ સાથે કાર્તિકે ‘ભુલભુલૈયા ૨’માં વિદ્યા બાલન સાથે કામ કરવાના અનુભવ વિશે પણ વાત કરી હતી. કાર્તિકે કહ્યું,‘‘સેટ પર હુંફાળો અને આનંદી માહોલ બનાવી દેવાની એમની ક્ષમતા ખરેખર નોંધપાત્ર છે. તેમની આસપાસ બધાં જ સહજ અને સરળ અનુભવે છે. તેમની સાથે ભુલભુલૈયા ૨માં કામ કરવાનો અનુભવ ખુબ યાદગાર રહ્યો.




# અમારી ઇન્ડસ્ટ્રીમાં નેપો કિડ્ઝને બહુ ગ્લોરીફાય કરે છેઃ નીલ નિતિન મુકેશ

**સ્ટારના સંતાન હોવાનું પ્રેશર બહુ વધારે હોય છેઃ નીલ નિતિન મુકેશ**

નેપોટીઝમની ચર્ચા બોલિવૂડમાં શરૂ થઈ ત્યાર પહેલાંથી નીલ નિતિન મુકેશ ઈન્ડસ્ટ્રીમાં કામ કરી રહ્યો છે. ત્યારે તાજેતરમાં તેણે નેપોટીઝમ મુદ્દે પોતાના વિચારો રજૂ કર્યા હતા. તેણે કહ્યું હતું કે કોઈ પણ કલાકારની સફળતા તેના ટેલેન્ટ પર આધારીત હોય છે.નીલે એએનઆઈને આપેલા એક ઈન્ટરવ્યુમાં નેપોટીઝમ વિશે વાત કરતા જણાવ્યું, ‘‘જો નેપોટીઝમનો કોઈ ફાયદો થતો હોત તો હું કોઈ અલગ જગ્યાએ હોત. માફ કરજો પણ જુઓ, નેપો કિડ્ઝને અમારી ઈન્ડસ્ટ્રીમાં બહુ ગ્લોરીફાય કરવામાં આવે છે. એક કલાકાર તરીકે અમે જે પણ કરીએ તેને નેપોકિડ ગણીને ગ્લોરીફાય કરી દેવાય છે. અણે જે કંઈ કરીએ એ તરત જ ધ્યાનમાં આવી જાય છે. જો ડોક્ટરનો દિકરો ડોક્ટર બને તો ત્યાં પણ નેપોટીઝમ લાગુ પડવું જોઈએ. જો મારી દિકરી મોટી થઈને એક્ટર, ફિલ્મમેકર કે લેખક બનવા માગતી હોય તો, હવે મારામાં એ કળા છે, મારી અંદર છે. એક બિઝનેસ તરીકે હું એને સોંપી ન શકું. હું માત્ર એને શીખવી શકું અને આશા રાખી શકું કે કોઈ મારો વારસો આગળ વધારશે, મારું નામ આગળ વધારશે.’’નીલે આગળ જણાવ્યું, ‘‘હું મુકેશજીનો પૌત્ર છું, હું નીલ નિતિન મુકેશનો દિકરો છું, હું ત્રીજી પેઢી છું અને હું એ બંનેનો વારસો આગળ વધારી રહ્યો છું. મારો પ્રેમ એક્ટિંગ માટે હતો અને એ હું બાળપણથી કરતો આવ્યો છું. તેથી મારે આ ફિલ્ડમાં આવવું જ હતું. મારા દાદા અને પિતા બિલકુલ આ ક્ષેત્રમાં હતા. આ જ મારી દુનિયા છે. પરંતુ આજે પણ હું જાણું છું કે દરેક ફિલ્મ પછી મારો શું સંઘર્ષ રહ્યો છે? ઊલટું કોઈ સ્ટારના સંતાન હોવામાં વધારે પ્રેશર હોય છે, કારણ કે તેમની સતત સરખામણી થયા કરે છે.’’કાર્તિક આર્યન, રાજકુમાર રાવ અને વિક્રાંત મેસ્સીનું ઉદાહરણ આપતા નીલે કહ્યું, ‘‘મને નથી લાગતું કે એમના કોઈ ફિલ્મી કનેક્શન કે ઓળખ હોય. પણ જુઓ એ લોકો કેટલું આલા દર્જાનું કામ કરે છે, એમની ટેલેન્ટના કારણે. એટલે મને ખ્યાલ છે કે એક કલાકાર તરીકે મારે ઘણા સંઘર્ષનો સામનો કરવો પડ્યો છે.



**જો નેપોટીઝમ નો કોઈ ફાયદો થતો હોત તો હું કોઈ અલગ જગ્યાએ હોત : નીલ નિતિન મુકેશ**



# ચિનાબ બ્રિજ સાથે કાશ્મીરની સફરને એલિવેટીંગ

। અમદાવાદ, તા.૯ ।

જ્યાં બરફથી ઢંકાયેલા શિખરો આકાશને મળે છે અને ચિનાબ નદી પૃથ્વીમાં ઊંડાણમા વહે છે, ત્યાં ભારતે સ્ટીલમાં પોતાનો સંકલ્પ કોતર્યો છે. ચેનાબ બ્રિજ, જે હવે વિશ્વનો સૌથી ઊંચો રેલ્વે બ્રિજ છે, જે નદીના તળિયાથી ૩૫૯ મીટર ઊંચો છે, તે એન્જિનિયરિંગ શ્રેષ્ઠતા અને રાષ્ટ્રીય મહત્વાકાંક્ષાનું પ્રતીક છે.

ઉધમપુર-શ્રીનગર-બારામુલ્લા રેલ લિંક (USBRL) પ્રોજેક્ટનો ભાગ, આ પુલ ફક્ત જમીનને જ નહીં પરંતુ આકાંક્ષાઓને પણ જોડે છે - આ કાશ્મીર ખીણ ને શેષ ભારત થી દરેક ઋતુમા વિશ્વસનીય રેલ માર્ગ થી જોડે છે.

સલાલ ડેમ નજીક ચેનાબ નદી પર ૧,૩૧૫ મીટર સુધી ફેલાયેલો આ પુલ ૪૬૭ મીટર નો શાનદાર મુખ્ય કમાન ની વિષેશતા રાખે છે, અને તે ૨૬૬ કિમી પ્રતિ કલાકની પવનની ગતિનો સામનો કરી શકે છે. તે ઊંચાઈમાં એફિલ ટાવર કરતાં પણ વધુ છે અને નદીના સ્તર થી રેલ સ્તર સુધી કુતુબ મિનાર કરતાં લગભગ પાંચ ગણું ઊંચો છે.

આ એન્જિનિયરિંગ અજાયબીના નિર્માણમાં ૨૮,૦૦૦ મેટ્રિક ટનથી વધુ સ્ટીલનો ઉપયોગ



કરવામાં આવ્યો હતો અને ભારતીય રેલ્વેમાં તેના પ્રકારની પ્રથમ કેબલ ક્રેન સિસ્ટમ શરુ કરવામાં આવી હતી જેનો ઉપયોગ ૯૧૫ મીટર પહોળા ખાઈમાં સામગ્રી લઈ જવા માટે કરવામાં આવ્યો હતો, જેમાં બે વિશાળ કેબલ કાર અને ૧૦૦ મીટરથી વધુ ઊંચા થાંભલાઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

હિમાલયના ભૂસ્તરીય રીતે જટિલ અને અસ્થિર ભૂપ્રદેશ પર બનેલો, ચિનાબ પુલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ની એક ઉપલબ્ધી થી વધુ છે - તે ભારતની હિંમત, નવીનતા અને સૌથી દૂરના ખૂણા સુધી પણ પ્રગતિ પહોંચાડવાના અતૂટ સંકલ્પનું પ્રતીક છે. ચિનાબ નદી પર ઊભો આ પુલ ફક્ત બે પર્વતોને જ જોડતો નથી - તે જમ્મુ અને કાશ્મીર માટે સપના, વિકાસ અને નવા યુગને પણ જોડે છે.

# ઝાલોદ તાલુકાના રાજપુર ગામનાં ડીંડોડ ફળિયામાં ૨ કાચાં મકાનોમાં આગની ઘટના



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૯ ।

ઝાલોદ તાલુકાના રાજપુર ગામનાં ડીંડોડ ફળિયામાં ૨ કાચા મકાનમાં આગ લાગતાં ૨ મકાનોમાં નુકસાન સાંજના અરસામાં આગની ઘટના બની હતી જેમાં સગા બે ભાઈના ૨ મકાનમાં લાગી હતી આગ જેમાં ૧. ડીંડોડ મનુભાઈ ધુળાભાઈ ૨. ડીંડોડ સોમસિંગભાઈ ધુળાભાઈ નાઓના કાચાં મકાનોમાં આગ લાગી. ઘર વખરીનું સમાન આગમાં બળીને ખાખ ઘરમાં મુકેલ ગાદલા, કપડાં, વાસણો, અનાજ સહિતની વસ્તુઓ બળીને ખાખ ઘરની બહાર પશુઓના આહાર માટે રાખેલ ઘાસ ગોતું બળીને ખાખ. આગ ઓલવવા જતા ઘરના સભ્યોને સામાન્ય ઈજા પહોંચી હતી. તેવી પ્રાથમિક માહિતી મળી હતી સદનસીબે કોઈપણ જાનહાનિ થઈ નથી ઝાલોદ પોલીસ પણ ઘટના સ્થળે પહોંચી. આજુબાજુમાં ઉપસ્થિત લોકો દોડી આવતા પાણી નો મારો ચલાવ્યો હતો અને ઝાલોદ ફાયર વિભાગની ટીમ પણ ઘટનાં સ્થળે પહોંચી પાણી નો માંરો ચલાવી આગને કાબુમાં લીધી હતી.

# ઝાલોદ એ.પી.એમ.સી ખાતે ભાજપનું સક્રિય કાર્યકર્તા સંમેલન ધારાસભ્ય મહેશ ભૂરીયાની ઉપસ્થિતિમાં યોજાયું

## ગુજરાત પ્રદેશમાંથી રાજેન્દ્રસિંહ ચાવડા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા





તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૯ ।

ઝાલોદ એ.પી.એમ.સી ખાતે ભાજપના ૪૬મા સ્થાપના દિનની ઉજવણી પ્રસંગે સક્રિય સદસ્ય સંમેલન ધારાસભ્ય મહેશ ભૂરીયાની ઉપસ્થિતિમાં યોજાયું હતું. આજના વિશેષ પ્રોગ્રામ પ્રસંગે ગુજરાત ભાજપના પ્રતિનિધિ તરીકે રાજેન્દ્રસિંહ ચાવડા વિશેષ ઉપસ્થિત રહેલ હતા. સહુ પ્રથમ દિપ પ્રાગટ્ય તેમજ વંદે માતરમ્ ગાન ગાઈ પ્રોગ્રામની શરૂઆત કરવામાં આવી હતી.

ધારાસભ્ય મહેશ ભૂરીયા દ્વારા ઉપસ્થિત સહુ મહેમાનોનુ શાબ્દિક સ્વાગત કર્યું હતું. ધારાસભ્ય મહેશ ભૂરીયાએ કહ્યું કે ભાજપ પાર્ટીમા સન્નીષ્ટ તેમજ નિષ્ઠાવાન કાર્યકર્તાઓ છે તેથી ભાજપ પાર્ટી વિશ્વની સૌથી મોટી પાર્ટી છે. ભાજપના ભવિષ્યને ઊજળું કરવામાં આ સક્રિય કાર્યકર્તાઓ સિંહ ફાળો છે. ભાજપના સક્રિય સદસ્યો સદસ્ય નહીં પરંતુ પાર્ટીના વફાદાર સૈનિકોની જેમ સતત કાર્ય કરતા રહે છે. કોઈ પણ ચૂંટણી હોય ભાજપનો કાર્યકર્તા જીતે કે હારે પણ ભાજપ પ્રત્યે સદસ્યોની વફાદારી થી પાર્ટી આગળ છે. ભાજપનો દરેક સક્રિય સદસ્ય ભાજપ થી જ ઓળખાય છે એટલે દરેક સદસ્યો વફાદારી પૂર્વક ભાજપ સાથે જોડાયેલ છે એટ-લે જ ભાજપમાં નાના થી લઈ મોટા સંગઠન સુધી પાર્ટીને ઉંચાઈએ લઈ જવામાં સહુ કોઈ કાર્યકર્તાઓનો સિંહ ફાળો છે. ભાજપના ધારાસભ્ય તરીકે કરેલ કાર્યોની વિકાશગાથા થી સહુ કાર્યકર્તાઓને અવગત કર્યા હતા. ૧૦-૧૧-૧૨ એપ્રિલમાં ગામ ચલો અભિયાનમા જોડાવવા સહુ કાર્યકર્તાઓને હાકલ કરી હતી તેમજ ૧૪ એપ્રિલના રોજ આંબેડકર જયંતીની ઉજવણી આન બાન શાન થી કરવાની હોઈ કંબોઈ ધામ ખાતે સહુ કોઈ કાર્યકર્તાઓને મોટી સંખ્યામાં હાજર રહેવા સૂચન કરેલ હતું. ગુજરાત પ્રદેશમાંથી ભાજપના પ્રતિનિધિ તરીકે વિશેષ મહેમાન તરીકે રાજેન્દ્રસિંહ ચાવડાએ ભાજપના કાર્યકર્તાઓ ને કેમ ભાજપ પાર્ટી સતત કાર્યક્રમો આપી સક્રિય રાખે છે તેના વિશે જણાવતાં કહ્યું હતું કે જો કાર્યકર્તા સતત પ્રવૃત્તિશીલ ન હોય તો તેના પર જાળા બાઝી જાય છે એટલે કે તે કાર્યકર્તા આળસુ થઈ જાય છે. પંચાયત થી પાર્લામેન્ટ સુધીનુ શાસન એ ભાજપના સક્રિય સદસ્યોની દેન છે. ભાજપ સતત આઝાદી પછી પ્રથમ જનસંઘ સાથે જોડાયું અને પોતાના વિચારો તેમજ સતત આગળ વધવાની પદ્ધતિને લઈ અલગ અલગ પાર્ટીઓ સાથે જોડાણ કરી સતત સકારાત્મક ભૂમિકા સાથે સતત આગળ વધતું રહેલ છે. ભાજપ પાર્ટી સતત કાર્યકર્તાઓને વિશ્વાસમાં લઈ મજબૂત વિચારધારા સાથે આગળ વધતી ગયેલ છે તેના ફળ સ્વરૂપે આજે ભાજપ આખા દેશમાં મોટું વટવૃક્ષ બની ઉભું છે. પાર્ટી સાથે સતત વફાદારી રાખી ભાજપ કાર્યકર્તાઓ દ્વારા ૨૦ રાજ્યોમાં ભગવો લહેરાવ્યો છે. ભાજપના કોઈપણ કાર્યકર્તા જો સતત પાર્ટી સાથે વફાદારી થી કાર્યરત રહી આગળ વધતો રહે તો ચોક્કસ તેને નામના મળતી જ હોય છે. ભાજપ પાર્ટી દ્વારા પોતાના કાર્યકાળ દરમિયાન અનેક વિકાસના મોટા મોટા કાર્યો કરી દેશ વિદેશમાં નામના મેળવેલ છે. ભાજપ પાર્ટી દ્વારા અયોધ્યામાં રામ મંદિર, પાવાગઢ મંદિર, સોમનાથ મંદિર, દ્વારકા કાશી વિશ્વનાથ, અં-બાજી જેવા અનેક મોટા મંદિરોનુ નવીનીકરણ કરેલ છે. આજે ભાજપ તેમજ દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશે વિકાશની અનોખી હરણફાળ ભરેલ છે. છેલ્લે તાલુકા પંચાયત સદસ્યો, સરપંચો, કાર્યકર્તાઓ, જિલ્લા પંચાયત સદસ્યોનો મોટી સંખ્યામાં હાજર રહેવા માટે ઉપસ્થિત સહુનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# ઝાલોદથી ફતેપુરા જતો ડામર રસ્તો નવિન બનાવવા મુખ્યમંત્રી પાસે જાગૃત નાગરિક દ્વારા માંગ કરાઈ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૯ ।

દાહોદ જિલ્લામાં આવેલ ઝાલોદ નગરમાંથી ફતેપુરા પસાર થતો ડામર રસ્તો સંપૂર્ણપણે તૂટી ગયેલ છે. આ રસ્તા ઉપર મોટા મોટા ખાડાઓ પડી ગયેલ છે જેથી આ રોડ પરથી પસાર થનાર રાહીગીરોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહેલ છે. આ માર્ગ પર કાયમ પસાર થતા વાહનોની હાલત પણ ભંગાર થઈ ગયેલ છે તેથી અંદાજીત ઝાલોદ થી ૨૫ કિલોમીટરના આ રસ્તાને નવીનીકરણની જરૂર છે. ઝાલોદ અને ફતેપુરામા નિયમિત રીતે વ્યાપારી વર્ગ તેમજ લગ્નસરા પ્રસંગે તેમજ કોઈ પણ સામાજિક પ્રસંગે આ રોડ પરથી અવરજવર સતત થતી રહેતી હોય છે. હાલ નગરમાં લગ્નની સીઝન ચાલી રહેલ છે તેથી લગ્ન પ્રસંગે વાહન દ્વારા આ રોડ પર થી અવરજવર વધી ગયેલ છે.ફતેપુરા અને ઝાલોદ મોટા સેંટર હોવાથી અભ્યાસ અર્થે પણ વિદ્યાર્થી વર્ગની અવરજવર વધુ થતી હોય છે. આ રોડ સંપૂર્ણ તૂટી ગયેલ છે તેમજ મોટા મોટા ખાડાઓ પણ પડી ગયેલ છે. જેથી અહીંયા થી પસાર થતા લોકોને સતત અકસ્માતનો ભય પણ સતાવતો રહે છે. જેથી જવાબદાર તંત્ર સફાળે જાગી આ રોડના નવીનીકરણ માટે પ્રયાસ કરે તે માટે ઝાલોદ નગરના જાગૃત નાગરિક ભરત શ્રીમાળી દ્વારા મુખ્યમંત્રીને એક લેટર લખી કાર્યવાહી કરવા વિનંતી કરેલ છે.

# ઝાલોદ નગરના બામણીયા કૂવાની હાલત દયનીય : પાલિકા સત્વરે કામગીરી કરે તેવી લોકમાંગ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૯ ।

ઝાલોદ નગરના સોમનાથ મહાદેવ મંદિરે થી આગળ વધતા તેમજ ખોડીયાર મંદિરની નજીક નગરનો સહુ થી પ્રાચીન મીઠા પાણીનો બામણીયો કુવો આવેલ છે. આજે નગરપાલિકા દ્વારા ભલે દરેક ઘરમાં નળ કનેક્શન આપેલ છે પણ નગરના અમુક લોકો તો હજુ પણ આ કૂવાનું પાણી લેવા નિયમિત આવતા હોય છે.

આ કૂવો અંદર થી પોલો થઈ ગયેલ છે એટલેકે કૂવાની અંદરની દિવાલો પડી ગયેલ છે. આ કુવામાં અંદરથી નુકશાન થયેલ હોવાથી પાણી ભરવા આવનાર કોઈ પણ વ્યક્તિ સાથે કોઈ કોઈ ગંભીર ઘટના બની શકે તેમ છે. જો કૂવાની અંદરની દિવાલો સતત ઘસાતી જતી હોય તો અનાયાસે કોઈ દિવસ પાણી ભરવા આવનાર વ્યક્તિ જો પાણી



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

ભરતો હોય તો કોઈ દિવસ માટી બેસી જવાથી તે વ્યક્તિ સાથે કોઈપણ જાતની જાનહાનિ સર્જાઈ શકે તેમ છે. પાલિકા તંત્ર આ અંગે સફાળે જાગી આ અંગે સર્વે કરાવી તેની કામગીરી કરે તેવી લોકમાંગ ઉઠવા પામી છે. હવે જોવું રહ્યું પાલિકા તંત્ર આ અંગે ક્યારે કેવા પગલાં લે છે.

# સખી મંડળો દ્વારા નિર્મિત ૭૨ વસ્તુઓ હવે આકર્ષક પેકિંગમાં મળશે

। (માહિતી બ્યુરો) વડોદરા, તા.૯ ।

વડોદરા જિલ્લામાં ગ્રામ વિકાસ એજન્સીના માધ્યમથી ગૃહ ઉદ્યોગની આર્થિક પ્રવૃત્તિ કરતા ૪૪થી વધુ સખી મંડળોના ઉત્પાદનોને સ્માર્ટ પેકેજિંગ કરી વેચાણ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. નાયકા, ટાટા લક્ઝરી, એમેઝોન કે ફ્લિપકાર્ટમાં મળતી આકર્ષક પેકેઝ્ડ વસ્તુઓની જેમ જ સખી મંડળ દ્વારા નિર્મિત ઉત્પાદનો પણ હવેથી બજારમાં મળતા થશે. વિપણન માટે ઉત્પાદનોને કેવી રીતે પેક કરવામાં આવ્યા છે ? એ પણ મહત્વ રાખે છે. જે તે ઉત્પાદનની ગુણવત્તા સાથે તેનું પેકેજિંગ પણ ગ્રાહકોને આકર્ષવામાં સફળ રહે છે. સખી મંડળો દ્વારા નિર્મિત ઉત્પાદનો ઉચ્ચ ગુણવત્તાના તો હોય છે, પણ તેમાં માત્ર પેકેજિંગની કમી હોવાનું જિલ્લા વિકાસ અધિકારી શ્રીમતી મમતા હિરપરાના ધ્યાને આવતા તેમણે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીને સૂચના આપી આ દિશામાં લોકભાગીદારીથી કામ કરવા કહ્યું હતું. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી હિમાંશુ પરીખે એપોલો ફાઉન્ડેશનની મદદ લઈ સારા પેકેજિંગની ડિઝાઈન કરાવવાનું અભિયાન ઉપાડ્યું અને આ માટે જિલ્લામાં ઉત્તમ કામગીરી કરતા ૪૪ જેટલા સખી મંડળોના ઉત્પાદનોને આવરી લેવામાં આવ્યા. આ ઉત્પાદનોની ઈન્ડસ્ટ્રીયલ ફોટોગ્રાફી કરાવવામાં આવી. એ બાદ પેકેજિંગ માટેની ડિઝાઈન તૈયાર કરવામાં આવી છે. આ સખી મંડળની બહેનોને ત્રણ તબક્કામાં તાલીમ પણ આપવામાં આવી.

# ગીગ પ્લેટફોર્મ પર કામ કરતા જિલ્લાનાં તમામ વર્કરને મળશે PM-JAYનું કવચ

। (માહિતી બ્યુરો) વડોદરા, તા.૯ ।

ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬ના કેન્દ્રીય બજેટમાં ઈ-શ્રમ પોર્ટલ પર નોંધાયેલ પ્લેટફોર્મ-ગીગ વર્કરને આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાનો લાભ આપવાની જાહેરાત કરવામાં આવી છે. જે બાબતે વડોદરા જિલ્લા ખાતે વિવિધ પ્લેટફોર્મ-ગીગ વર્કરની નોંધણી માટે તા.૦૭/૦૪/૨૦૨૫ થી તા.૧૭/૦૪/૨૦૨૫ સુધી નાયબ શ્રમ આયુક્તની કચેરી, વડોદરા દ્વારા સ્પેશિયલ રજીસ્ટ્રેશન ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું છે.

આ નોંધણી માટે પ્લેટફોર્મ એગ્રિગ્રેટર્સ કંપનીઓ જેવી કે, ઝોમેટો, સ્વીગી, ઝેપ્ટો, બ્લીક્ક-ઈટ, રેપીડો, જુગનુ, ઓલા, ઉબેર વગેરે ખાતે કામ કરતા વર્કર નાયબ શ્રમ આયુક્તની કચેરી, સી-બ્લોક,૫ મો માળ, નર્મદા ભવન, વડોદરા અથવા શ્રમયોગી કલ્યાણ કેંદ્ર/શ્રમિક સેવા કેન્દ્ર ભુતડી ઝાંપા બસ સ્ટેન્ડ પાસે, ગરનાળા પોલીસ ચોકીની સામે, ફતેપુરા રોડ, વડોદરા. ખાતે રૂબરૂ જઈ નોંધણી કરાવી શકે છે અથવા https://register.eshram.gov.in/#/user/platform-worker-regist®aion લિંક પર જાતે નોંધણી કરી શકે છે. આ નોંધણી માટે અરજદારે આધારલીંક મોબાઈલ નંબર, આધારકાર્ડ તથા પાનકાર્ડ સાથે રાખવા મદદનીશ શ્રમ આયુક્ત, વડોદરાની એક યાદીમાં જણાવાયું છે.

### પ્રથમ રાષ્ટ્રીય સ્પર્ધામાં બે ગોલ્ડ અને બે સિલ્વર મેડલ જીત્યા...

# DLSSના ખેલાડી આરુષ લાંજેવાર રાષ્ટ્રીય બધિર તરણ ચેમ્પિયનશિપમાં ઝળક્યા !!!

। (માહિતી બ્યુરો) વડોદરા, તા.૯ ।


વડોદરાના ૧૬ વર્ષિય તરવૈયા આરુષ લાંજેવારે તિરુવનંતપુરમમાં ૨૬ થી ૨૯ માર્ચ દરમ્યાન યોજાયેલી રાષ્ટ્રીય બધિર તરણ ચેમ્પિયનશિપમાં પોતાની પ્રથમ જ રાષ્ટ્રીય ઉપસ્થિતિમાં ઉલ્લેખનીય સફળતા મેળવી છે. DLSS (ડિસ્ટ્રિક્ટ લેવલ સ્પોર્ટ્સ સ્કૂલ) ના ખેલાડી આરુષે ૫૦ મીટર અને ૧૦૦ મીટર બટરફલાય સ્ટ્રોકમાં ગોલ્ડ મેડલ જીતીને સ્વિમિંગ જગતમાં પોતાનું નામ રોશન કર્યું, જ્યારે ૨૦૦ મીટર ઈન્ડિવિજયુઅલ મેડલી (IM) અને ૨૦૦ મીટર ફ્રીસ્ટાઈલ સ્પર્ધામાં સિલ્વર મેડલ મેળવતાં પોતાની સર્વાંગી પ્રતિભા પણ સાબિત કરી.

આરુષની આ સિદ્ધિના પાયામાં 'સમા ઈન્ડોર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ' ખાતે મળતી આધુનિક તાલીમ તથા તેનાં કોચ વિવેક સિંહ બોરલિયા, ક્રિષ્ણા પંડ્યા, બિપિન કુમાર અને સુબોધ કુમારના માર્ગદર્શનની ભૂમિકા મહત્વપૂર્ણ રહી છે. DLSS દ્વારા રાજ્યભરના કાબિલ યુવા ખેલાડીઓને વૈજ્ઞાનિક તાલીમ, પોષણ અને ટુર્નામેન્ટ એક્સપોઝર સાથે સારા શિક્ષણની સુવિધા આપવામાંઆવેછે.જન્મથીબધિરઅનેછતાંરમતના ક્ષેત્રે ઉન્નતિ કરવાની દૃઢ ઈચ્છાશક્તિ ધરાવતા આરુષે ખૂબ જ નાની વયમાં તરવાનું શરૂ કર્યું હતું. હૈદરાબાદમાં તાલીમ લીધા બાદ, છેલ્લા ચાર વર્ષથી વડોદરામાં તે વ્યાવસાયિક તાલીમ લઈ રહ્યા છે. ૨૦૨૩માં DLSSમાં પ્રવેશ મેળવ્યા



બાદથી તેની રમતગમતની યાત્રાએ ઝડપ પકડેલી છે. તે જ વર્ષે તેણે બેંગ્લોર ખાતે બ્રાઝિલ માટે પસંદગી ટ્રાયલમાં ભાગ લીધો હતો અને ભોપાલમાં આયોજિત CBSE ઝોનલ સ્પર્ધામાં 4x100 IM રિલેમાં સિલ્વર મેડલ પણ મેળવ્યો હતો. ૨૦૨૪ દરમિયાન, દિલ્હી ખાતે ઈરાન માટે પસંદગી ટ્રાયલમાં ભાગ લઈ, ઈન્દોર CBSE ઝોનલમાં ૮૦૦ મીટર ફ્રીસ્ટાઈલ અને ૨૦૦ મીટર ેંસ માટે બ્રોન્ઝ મેડલ જીત્યા હતા. ત્યારબાદ રાજકોટ ખાતે આયોજિત SFI સ્પર્ધામાં ૫૦ મીટર ફ્રીસ્ટાઈલ અને ૨૦૦ મીટર ેંસ માટે પણ બ્રોન્ઝ મેડલ જીત્યા હતા. આરુષના માતા કાદમ્બિનીના જણાવ્યા મુજબ, "આરુષે નાની ઉંમરથી જ પાણીમાં રસ દર્શાવ્યો હતો. DLSSમાં પ્રવેશ મળ્યા બાદ તે રમત પ્રત્યે વધુ ગંભીર બન્યો છે. તેના કોચ વિવેક સિંહના માર્ગદર્શન હેઠળ તે ઝડપથી ઊભરી રહ્યો છે. તેની પ્રથમ રાષ્ટ્રીય ચેમ્પિયનશિપ માં બે ગોલ્ડ અને બે સિલ્વર મેડલ જીતવાથી તે સંઘર્ષ અને પ્રતિબદ્ધતાનું જીવંત ઉદાહરણ બની ગયો છે."

# આજનું રાશિ ભવિષ્ય.....



**મેષ (અ,લ,ઇ) :**

આજે તમારા ખભા પર ઘણી જવાબદારી આવી પડી છે અને નિર્ણય લેવા માટે મગજની સ્પષ્ટતા તમારી માટે મહત્વની સાબિત થશે. ધન ના મહત્વ ને તમે ઘણી સારી રીતે સમજો છો તેથી આજ ના દિવસે તમારા વડે બચાવેલું ધન તમારા ઘણું કામ આવી શકે છે અને તમે કોઈ મોટી મુશ્કેલીમાંથી બહાર આવી શકો છો, પરિવારના સભ્યો સાથે શાંતિભર્યો દિવસ માણો.



**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે શારીરિક પીડા સહન કરવાની શક્યતા છે. તમારા શરીર પર વધુ તાણ લાવે તેવો કોઈપણ પ્રકારનો શારીરિક થાક ટાળવાનો પ્રયાસ કરો. પૂરતો આરામ લેવાનું યાદ રાખજો. આજે તમને સમજ પડી શકે છે કે સમજ્યા વિચાર્યા વગર ધન ખર્ચવું તમને કેટલું નુકસાન કરી શકે છે. અન્યોને પ્રભાવિત કરવાની તમારી આવડત તમને વળતર અપાવશે.



**મિથુન (ક,છ,ઘ) :**

આજે તમે નિરાંત અનુભવશો તથા મોજ-મજા માટે યોગ્ય મૂડમાં હશો. જે બાબત ખાસ હશે એવી કોઈપણ બાબત માટે નાણાં ધીરવા મહત્વના લોકો તૈયાર હશે. કોઈક જૂની ઓળખાણ તમારી માટે સમસ્યા ઊભી કરી શકે છે. પ્રેમમાં સહન કરવાની હિંમત રાખો તથા ખુશખુશાલ રહો. તમારા સહકર્મચારીઓ આજે તમને અન્ય દિવસોની સરખામણીમાં વધુ સારી રીતે સમજશે.



**કર્ક (ડ,હ) :**

આજે તમે આશાવાદના જાદુઈ તબક્કા હેઠળ છો. આ રાશિ ના મોટા વેપારીઓ ને આ ના દિવસે ઘણું સોચી અને સમજી ને પૈસા નિવેશ કરવા ની જરૂર છે. મિત્રો તથા સંબંધીઓ તમારા તરફથી વધુ ધ્યાનની અપેક્ષા રાખશે, પણ બહારના વિશ્વ તરફ દરવાજા બંધ કરી તમારી જાતને રાજવી રીતે ટ્રીટ કરવા માટેનો આ શ્રેષ્ઠ સમય છે.



**સિંહ (મ,ટ) :**

જે લોકો ઘણા સમય થી નાણાકીય મુશ્કેલી માં થી પસાર થયી રહ્યા હતા તેમને આજે ક્યાંક થી ધન પ્રાપ્ત થયી શકે છે જેથી જીવન માં ઘણી મુશ્કેલીઓ દૂર થયી જશે. દિવસના ઉત્તરાર્ધ માટે કશુંક ઉત્તેજનાસભર અને મનોરંજક વિચારી રાખો. આજે તમે કોઈકનું દિલ તૂટતા અટકાવશો. વધારાનું જ્ઞાન તથા કૌશલ્ય પ્રાપ્ત કરવા માટે જો તમે તમારો વધારાનો સમય તથા શક્તિ રોકશો તો તમને તેનાથી ખૂબ લાભ થશે.



**કન્યા (પ,ઠ,ણ) :**

આજે ઝળહળતો અને ખડખડાટ હાસ્યથી ભરેલો દિવસ જ્યારે મોટા ભાગની ઘટનાઓ તમારી ધારણા મુજબ આકાર લેશે. સમય અને ધન ની કિંમત કરતા શીખો નહીંતર આવનારા સમય માં તમને તકલીફ પડી શકે છે. કોઈપણ અંતિમ નિર્ણય લેતા પૂર્વે તમારા પરિવારના સભ્યોનો અભિપ્રાય લો. તમારા દ્વારા એકલપંડે લેવાયેલો નિર્ણય કોઈક સમસ્યા ઊભી કરી શકે છે.



**તુલા (ર,ત) :**

આજે બાળકો સાથે રમવાથી તમને દર્દ દૂર કરનાર અદભુત અનુભવ થશે. તમારી પાસે પૈસા પણ પર્યાપ્ત માત્રા માં હશે અને આની સાથેજ મન માં શાંતિ પણ હશે. તમારા જીવનસાથી સાથે સારી સમજ ઘરમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિ લાવશે. લાંબા સમયથી તમને ઝકડી રાખનારો એકાંતભર્યો તબક્કો પૂરો થાય છે-લાગે છે કે તમને તમારો સાચો સાથી મળી ગયો છે. ક



**વૃશ્ચિક (ન,ય) :**

આજે તમારું આરોગ્ય સ્વસ્થ રહેવા ની અપેક્ષા છે. પોતાના સારા સ્વાસ્થ્ય ના લીધે તમે આજે મિત્રો સાથે રમતગમત ની યોજના બનાવી શકો છો? ખાસ લાભદાયક દિવસ જણાતો નથી-આથી તમારી આર્થિક સ્થિતિ તપાસો અને તમારા ખર્ચને ઘડાટો. સૌને તમારી મોટી પાર્ટી માટે બોલાવો-આજે તમારામાં એ વધારાની ઊર્જા હશે જે તમારા ગ્રુપ માટે કાર્યક્રમનું આયોજન કરવા પ્રેરશે.



**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે તમારૂં શારીરિક સાર્મથ્ય જાળવવા માટે તમે રમતગમતમાં તમારો સમય ખર્ચ કરો એવી સંભાવના છે. જો તમે પરિણીત છો તો આજે પોતાના બાળકો નું વિશેષ ખ્યાલ રાખો કેમકે જો તમે આવું નહિ કરો તો તેમની તબિયત બગડી શકે છે અને તમને તેમના સ્વાથ્ય પર તમારે ઘણા પૈસા ખર્ચ કરવા પડી શકે છે. તમે જાણતા હો એવા લોકો પર જો આજે તમે કોઈપણ નિણર્ણય થોપવાનો પ્રયાસ કરશો.



**મકર (ખ,જ) :**

આજે પત્નીના કામકાજમાં ચંચૂપાત કરશો નહીં, કેમ કે તેનાથી તમે તેનો ગુસ્સો નોતરશો.તમારા કામથી કામ રાખો એ જ સારૂં છે. હસ્તક્ષેપ જેટલો ઓછો એટલું સારૂં અન્યથા તેનાથી પરાધીનતા આવી શકે છે. તમે જો અન્યોના શબ્દો પર ધ્યાન આપીને રોકાણ કરશો તો આજે આર્થિક નુકસાનની શક્યતા જોવાય છે. તમારી મુલાકાતે આવનારા મહેમાનો તમારી સાંજ પર કબજો જમાવશે.



**કુંભ (ગ,શ,સ) :**

આજે તમારું આરોગ્ય સ્વસ્થ રહેવા ની અપેક્ષા છે. પોતાના સારા સ્વાસ્થ્ય ના લીધે તમે આજે મિત્રો સાથે રમતગમત ની યોજના બનાવી શકો છો? જો આજે તમે પોતાના મિત્રો સાથે ક્યાંક ફરવા જાયી રહ્યા હો તો પૈસા સોચી વિચારી ને ખર્ચ કરો નહીંતર ધન હાનિ થયી શકે છે. આજે તમે નવા જોમ તથા ઉત્સાહ સાથે બહાર નીકળશો કેમ કે તમને તમારા પરિવારના સભ્યો તથા મિત્રો તરફથી સહકાર મળશે.



**મીન (દ,ચ,ઝ,થ) :**

આઉટડૉર રમતો તમને આકર્ષશે-ધ્યાન તથા યોગ લાભ લાવશે. પોતાનું ધન સંચય કેવી રીતે કરવું છે તે હુનર તમે આજે શીખી શકો છો અને આ હુનર ને શીખી તમે પોતાનું ધન બચાવી શકો છો. તમારો ભાગીદાર સહકારપૂર્ણ તથા મદદરૂપ હશે. સઘન પ્રયત્નો કરો તમે ચોક્કસ જ નસીબવાન પુરવાર થશો કેમ કે આજનો દિવસ તમારો છે.

## ન્યૂઝ બ્રિફ

### ૨૬/૧૧ હુમલાના આરોપી તહવ્વુરનું અમેરિકાથી પ્રત્યાર્પણ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

૨૬/૧૧ મુંબઈ આતંકી હુમલાનો આરોપી તહવ્વુર રાણાને ગુરૂવારે (૧૦એપ્રિલ) પ્રત્યાર્પણ કરવામાં આવશે. રાણાએ પ્રત્યર્પણ પહેલાં ભારતની અનેક એજન્સીઓની ટીમ હાલ અમેરિકામાં છે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, હાલ આરોપી રાણા સાથે ઈન્ટેલિજન્સ અને ઈન્વેસ્ટિગેટિવ અધિકારીની વિશેષ ટીમ હશે. રાણાના પ્રત્યર્પણની તમામ કાયદાકીય કાર્યવાહી પૂરી કરી લેવાઈ છે અને વિશેષ વિમાનમાં ભારત આવવા રવાના થઈ ગયા છે. અમેરિકન કોર્ટના નિર્દેશ મુજબ, તહવ્વુર રાણા માટે દિલ્હી અને મુંબઈની જેલોમાં ગોપનીય રૂપે સુરક્ષાની ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, ભારત લાવ્યા બાદ રાણાને શરૂઆથના થોડા અઠવાડિયા સુધી NIA ની કસ્ટડીમાં રાખવામાં આવ્યો છે. આ આખુય ઓપરેશન NSA અજીત ડોભાલ, NIA અને ગૃહ મંત્રાલયના અમુક ટોચના અધિકારીઓની દેખરેખમાં થશે. આ પહેલાં અમેરિકાની સુપ્રીમ કોર્ટે તહવ્વુર રાણાની અરજીને ફગાવી દીધી છે જેમાં તેના પ્રત્યાર્પણ પર રોક લગાવવાની માંગ કરી હતી. ૨૬/૧૧ મુંબઈ હુમલાના દોષિત તહવ્વુર રાણાએ ભારત પ્રત્યાર્પણ ટાળવા માટે કોર્ટમાં અરજી કરી હતી. રાણાએ અમેરિકાની સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરીને તેમના પ્રત્યાર્પણ પર તાત્કાલિક રોક લગાવવાની માંગ કરી હતી. અરજીમાં તહવ્વુર રાણાએ કહ્યું હતું કે, જો મને ભારત પ્રત્યાર્પણ કરવામાં આવશે તો મને ત્રાસ આપવામાં આવશે. હું ભારતમાં વધુ સમય ટકી નહીં શકું. રાણાએ અમેરિકાની કોર્ટ સમક્ષ કરેલી અરજીમાં કહ્યું હતું કે, પાકિસ્તાની મૂળના મુસ્લિમ હોવાને કારણે તેમને ભારતમાં ખૂબ હેરાન કરવામાં આવશે

### મુસ્લિમ દેશોમાં સૌથી વધુ મૃત્યુદંડ અપાય છેઃ અહેવાલ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

પાછલું વર્ષ સમગ્ર વિશ્વમાં મૃત્યુ દંડ માટે સૌથી ક્રૂર વર્ષ રહ્યું છે. છેલ્લા દાયકામાં ૨૦૨૪માં સૌથી વધુ મૃત્યુદંડની સજા ાપવામાં આવી હતી. એમ્નેસ્ટી ઈન્ટરનેશનલના એક અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે ૨૦૨૪માં કુલ ૧,૫૧૮ લોકોને મૃત્યુદંડની સજા આપવામાં આવી હતી. આ આંકડો ૨૦૧૫ પછીનો સૌથી વધુ છે. ૨૦૨૩ની સરખામણીમાં આ સંખ્યામાં ૩૨%નો વધારો થયો છે. ઈરાન, ઈરાક અને સાઉદી અરેબિયામાં સૌથી વધુ મૃત્યુદંડની સજા આપવામાં આવી હતી. ઈરાનમાં જ કુલ ૯૭૨ લોકોને ફાંસી આપવામાં આવી હતી, જે વિશ્વભરમાં આપવામાં આવેલી મૃત્યુદંડની સજાના ૬૪% છે. સાઉદી અરેબિયામાં, મૃત્યુદંડની સજામાં સર ધડથી અલગ કરવામાં આવે છે. અહીં ગયા વર્ષે મૃત્યુદંડની સંખ્યા બમણી થઈને ૩૪૫ જ્યારે ઈરાકમાં ચાર ગણી વધીને ૬૩ થઈ ગઈ છે. એમ્નેસ્ટીના અહેવાલ મુજબ ચીન, ઉત્તર કોરિયા અને વિયેતનામ જેવા દેશોમાં પણ હજારોની સંખ્યામાં મૃત્યુદંડની સજા આપવામાં આવે છે પરંતુ આનો કોઈ સત્તાવાર રેકોર્ડ નથી. રિપોર્ટ અનુસાર મૃત્યુદંડ લાદતા દેશોની સંખ્યા સતત ઘટી રહી છે અને ૨૦૨૪માં તે ઘટીને ફક્ત ૧૫ દેશો થવાની ધારણા છે, જે અત્યાર સુધીનો સૌથી ઓછો આંકડો છે. એમ્નેસ્ટીના સેક્રેટરી જનરલ એગ્નેસ કેલામાર્ડે જણાવ્યું હતું કે, મૃત્યુદંડ એક અમાનવીય અને ઘૃણાસ્પદ સજા છે જેનું આજની દુનિયામાં કોઈ સ્થાન નથી.

### ટ્રમ્પ ભારતને આપશે સૌથી મોટો ઝટકો

# ફાર્મા કંપનીઓ પર મસમોટો ટેરિફ ઝીંકવાનું ટ્રમ્પે કર્યું એલાન

### નિકાસમાં ફાર્માનો કુલ હિસ્સો ૧૧ ટકા છે, વાર્ષિક આશરે ૭૬૦૦૦ કરોડ રૂપિયાના ફાર્મા ઉત્પાદનની અમેરિકામાં નિકાસ થાય છે



**દરરોજ ૨ બિલિયન ડોલરની આવક થઈ : ડોનાલ્ટ ટ્રમ્પ**

**અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જાહેરાત કરી હતી કે અમેરિકાને ટેરિફ વોરથી ફાયદો થઈ રહ્યો છે અને દરરોજ લગભગ ૨ બિલિયન ડોલર એટલે કે લગભગ ૧૭૨૦૦ કરોડ રૂપિયાની આવક થઇ રહી છે. જોકે ટ્રમ્પે આવકમાં વધારો કરવાના તેમના દાવાની પુષ્ટી કરતી કોઈ માહિતી આપી ન હતી. વ્હાઇટ હાઉસથી સંબોધન કરતાં ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું, ‘ અમેરિકાને દરરોજ લગભગ ૨ બિલિયન ડોલર ટેરિફ તરીકે મળી રહ્યા છે... અને અમે ખૂબ સારું કરી રહ્યા છીએ, હું તો આને ટેલર્ડ ડીલ ગણાવીશ.’ અત્યારે જાપાન અહીં ડીલ કરવા આવી રહ્યું છે, દક્ષિણ કોરિયા અહીં ડીલ માટે તૈયાર છે અને અન્ય દેશો પણ તૈયારી બતાવી રહ્યા છે. જોકે ટ્રમ્પે તેમના દાવાઓને સમર્થન આપે તેવી કોઈ માહિતી આપી ન હતી.**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વધુ એક આંચકો આપવા જઈ રહ્યા છે. ટ્રમ્પે જાહેરાત કરી કે ટૂંક સમયમાં ફાર્માસ્યુટિકલ્સ કંપનીઓ પર ભારે ટેરિફ લાદવામાં આવશે.ટ્રમ્પે કહ્યું કે અમે ફાર્માસ્યુટિકલ્સ પર ટેરિફ લાદવા જઈ રહ્યા છીએ. ટૂંક સમયમાં ફાર્મા પર ખૂબ જ ભારે ટેરિફ લાદવામાં આવશે. મારું કામ અમેરિકન સ્વપ્રનું રક્ષણ કરવાનું છે. મારે અમેરિકન નાગરિકોની સુરક્ષા કરવી છે, એ મારું કામ છે.ભારત દ્વારા અમેરિકા કરાતી નિકાસમાં ફાર્માનો કુલ હિસ્સો ૧૧ ટકા છે અને વાર્ષિક આશરે ૭૬૦૦૦ કરોડ રૂપિયાના ફાર્મા ઉત્પાદનની અમેરિકામાં નિકાસ થાય છે. ભારતીય ફાર્મા કંપનીઓમાંથી ગ્લેન્ડ ફાર્મા તેની કુલ આવકનો ૫૦% હિસ્સો અમેરિકાથી કમાય છે. જ્યારે અરબિંદો ફાર્મા ૪૮%, ડૉ. રેડ્ડીઝ લેબ ૪૭%, ઝાયડસ લાઈફ ૪૬%, લ્યુપિન ૩૭%, સન ફાર્મા ૩૨%, સિપ્લા ૨૯% અને ટોરેન્ટ ફાર્મા ૯% ની આવક અમેરિકા નિકાસ કરીને મેળવે છે. આ આંકડાઓ પરથી સ્પષ્ટ થાય છે કે ભારતીય ફાર્મા કંપનીઓની અમેરિકા પર ભારે નિર્ભરતા તેમને વૈશ્વિક સ્પર્ધામાં મજબૂતી આપે છે. આ પહેલા ટ્રમ્પે ચીન પર ૫૦ ટકા વધારાનો ટેરિફ લાદ્યો હતો, જેના કારણે ચીન પર કુલ ટેરિફ ૧૦૪ ટકા થઈ ગયો છે. વ્હાઈટ હાઉસના રોઝ ગાર્ડનમાં મીડિયાને સંબોધિત કરતી વખતે ટ્રમ્પે ૨ એપ્રિલને અમેરિકા માટે મુક્તિ દિવસ તરીકે ઓળખાવ્યો હતો. ટ્રમ્પે કહ્યું કે અમેરિકાને ઘણા સમયથી આ મુક્તિ દિવસની જરૂર હતી.

### ચીનમાં મોટી દુર્ઘટના ઘટી

## નર્સિંગ હોમમાં આગ લાગતાં ૨૦ લોકો જીવતા બળી ગયા, અનેકને બચાવાયા

। (એજન્સી) બેઈજીંગ, તા.૯ ।



ચીનથી એક ચોંકાવનારા અહેવાલ સામે આવ્યા છે. ઉત્તર ચીનમાં આવેલા એક નર્સિંગ હોમમાં આગ લાગવાથી ૨૦ લોકો મૃત્યુ પામી ગયા હતા. જોકે હજુ સુધી આગ કેમ લાગી તેનું કારણ જાણી શકાયું નથી. મળતી માહિતી મુજબ, શિન્હુઆના સ્થાનિક અધિકારીઓના જણાવ્યા અનુસાર, ૮ એપ્રિલે રાત્રે ૯ વાગ્યે હેબેઈ પ્રાંતમાં ચેંગડે શહેર સ્થિત એક નર્સિંગ હોમમાં આગ લાગી હતી. હજુ સુધી આગ લાગવાનું ચોક્કસ કારણ જાણી શકાયું નથી. તંત્ર દ્વારા સમગ્ર સ્થિતિની તપાસ કરવામાં આવી રહી છે નર્સિંગ હોમમાં આગ લાગ્યા બાદ સુરક્ષિત બહાર કાઢવામાં આવેલા લોકોને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. હાલ કુલ કેટલાં લોકો ઈજાગ્રસ્ત થયાં તેની ચોક્કસ માહિતી સામે નથી આવી. જોકે, અત્યાર સુધી ૨૦ લોકોના આગમાં બળીને મોત થયાની માહિતી સામે આવી છે. ફાયરની ટીમ દ્વારા હજુ આગ લાગવાના કારણ વિશે તપાસ કરવામાં આવી રહી છે. હજુ સુધી આગ લાગવાનું ચોક્કસ કારણ જાણી શકાયું નથી. તંત્ર દ્વારા સમગ્ર સ્થિતિની તપાસ કરવામાં આવી રહી છે.

### ભારત, સિંગાપોર સહિતના ઈન્ટરનેશનલ રેસ્કયુઅર્સ સ્વદેશ પરત ફર્યા

## મ્યાનમાર ભૂકંપમાં મૃત્યુઆંક વધીને ૩૫૦૦ને પાર, રેસ્ક્યુ ઓપરેશાન પૂર્ણ

। (એજન્સી) બેંગકોક, તા.૯ ।



મ્યાનમારમાં ૨૮ માર્ચના રોજ આવેલા વિનાશક ભૂકંપમાંથી બચી ગયેલા લોકોને શોધવા માટે લાંબા સમયથી ચાલી રહેલા રેસ્ક્યુ ઓપરેશન્સ ૧૦ દિવસ પછી પૂર્ણ થયા છે. આ દુર્ઘટનામાં અત્યાર સુધી ૩૫૦૦થી વધુ લોકોને મોત થઈ ચૂક્યા છે. ભૂકંપ માં ઘાયલ લોકો સારવાર હેઠળ છે અને મૃત્યુઆંક હજુ પણ વધી રહ્યો છે. મ્યાનમાર ફાયર સર્વિસ વિભાગે જણાવ્યું હતું કે બચાવ ટીમોએ મ્યાનમારના બીજા સૌથી મોટા શહેર મંડલેમાં એક ધરાશાયી થયેલી ઈમારતના કાટમાળમાંથી ૧૦ મૃતદેહો બહાર કાઢ્યા છે. એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, સિંગાપોર, મલેશિયા અને ભારતના ઈન્ટરનેશનલ રેસ્ક્યુઅર્સ શોધ અને બચાવ કામગારી પૂર્ણ કર્યા બાદ તેમના દેશોમાં પરત ફર્યા છે. ઉલ્લેખનીય છે કે, ૭.૭ની તીવ્રતાનો ભૂકંપ દેશના વિશાળ ભાગમાં આવ્યો હતો, જેના કારણે છ પ્રદેશો અને રાજ્યોમાં નોંધપાત્ર નુકસાન થયું હતું. રાજધાની નાયપીતાવના રહેણાંક વિસ્તારોમાં કાર્યરત બચાવ ટીમોની સંખ્યા સતત ઘટી રહી છે.

### સાત એજન્ટ ઝડપાયા

## મણિપુર, નાગાલેન્ડમાંથી હથિયાર લાઇસન્સ ઇશ્યૂ કરવાનું કૌભાંડ




। (એજન્સી) અમદાવાદ, તા.૯ ।

તમે ભલે કોઈ દિવસ નાગાલેન્ડ કે મણિપુર ગયા ના હોય પરંતુ ગુજરાતના ચોક્કસ દલાલો ગોઠવણ કરીને તમને મણિપુર કે નાગાલેન્ડમાંથી હથિયાર લાઈસન્સ ઈશ્યૂ કરાવી શકે છે અને હરિયાણાની એક આર્મ્સ શોપમાંથી હથિયાર પણ અપાવી શકે છે. આ હથિયારનું લાઈસન્સ મળી જાય એટલે પછી અસામાજિક તત્ત્વો કમરે હથિયાર ભરાવીને દાદાગીરી કરતા થઈ જાય. આ દૂષણ અંગે મોડે મોડે પોલીસને જાણ થઈ અને ગુજરાત ATSની ટીમે અમદાવાદ અને સુરત ક્રાઈમ બ્રાંચની મદદથી હથિયારોના ૭ સોદાગરોને ઝડપી લીધા છે અને ૧૦૮ લોકોના નામ સાથેની ફરિયાદ દાખલ કરીને વધુ તપાસ આદરી છે. જોકે આ લોકોના નામ ગુપ્ત રાખવામાં આવ્યા છે. ગુજરાતમાં જે લોકોને ક્યારેય હથિયારના લાઈસન્સ મળી શકે નહી તેવા રીઢા ગુનેગારોને ૭ લાખથી લઈને ૨૦ લાખમાં મણિપુર નાગાલેન્ડથી હથિયાર લાઈસન્સ ઈશ્યૂ કરાવાતા હતા.અમદાવાદ જિલ્લાથી લઈને રાજકોટ આજુબાજુના વિસ્તારમાં અસામાજિક લોકોમાં હથિયારનો ખૂબ જ ક્રેઝ છે. તેમને હથિયાર અપાવવાનું કામ ચોક્કસ ટુકડીએ સંભાળી લીધું હતું. તેઓ છ વર્ષથી ગેરકાયદે હથિયારનો વેપલો કરતા હતા. તેમણે ગોઠવણ કરીને નાગાલેન્ડ-મણિપુરથી હથિયારના લાઈસન્સ ઈશ્યૂ કરાવવાનું કૌભાંડ શરૂ કર્યું. ઘાટલોડિયાના એક ટપોરીને હથિયાર સાથે ક્રાઈમ બ્રાંચે ઝડપી લીધો તે મામલે હથિયાર તે ક્યાંથી લાવ્યો તેની તપાસ ચાલતી હતી. બીજી તરફ ATSના ACP શંકર ચૌધરીની ટીમને પણ બાતમી મળી હતી કે ચોક્કસ ટુકડી મણિપુર અને નાગાલેન્ડના બોગસ હથિયાર લાઈસન્સ ઈશ્યૂ કરાવી રહી છે. જેને પગલે ATSએ પણ તેની તપાસ શરૂ કરી આખરે ૭ દલાલને ઝડપી લેવામાં પોલીસને સફળતા મળી. અઠવાડિયા સુધી તેમની પૂછપરછ કરતાં એવી ચોંકાવનારી વિગતો ખૂલી કે આ ૭ દલાલ સાથે સંકળાયેલા ૪૨ લોકોએ ઘણા લોકોને લાઈસન્સ અને હથિયાર આપ્યા હતા. તપાસમાં આ આંકડો ૧૦૮ને પહોંચી ગયો. હવે તેમની તપાસ શરૂ કરવામાં આવી છે. પોલીસે આ ૭ દલાલ પાસેથી કુલ ૬ હથિયાર અને ૧૩૫ રાઉન્ડ કબજે લીધા છે. પ્રાથમિક પૂછપરછમાં એવી વિગતો જાણવા મળી છે કે આ દલાલો હરિયાણાના હથિયારના વેપારીની મદદથી મણિપુર નાગાલેન્ડમાં ગોઠવણ કરતા હતા.

## અમેરિકામાં આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ માટે ઓપ્શનલ પ્રેક્ટિકલ ટ્રેનિંગ તરીકેનો વિકલ્પ દૂર કરવામાં આવશે

### OPT સમાપ્ત થયું તો ભારતીય વિદ્યાર્થીઓનું અમેરિકામાં ભણવાનું, કરિયર બનાવવાનું સ્વપ્ન અધૂરું રહી જશે

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૯ ।



ટેરિફ વચ્ચે અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વધુ એક ઝટકો આપવાની તૈયારીમાં છે, જેના કારણે લગભગ ૩ લાખ ભારતીય વિદ્યાર્થીઓ ચિંતામાં મુકાયા છે. હકીકતમાં, યુ.એસ.માં એક નવું બિલ રજૂ કરવામાં આવ્યું છે જેમાં આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ માટે ઓપ્શનલ પ્રેક્ટિકલ ટ્રેનિંગ (OPT) વિકલ્પને દૂર કરવાનો પ્રસ્તાવ મુકાયો છે. આ સુવિધા હાલમાં STEM (વિજ્ઞાન, ટેકનોલોજી, એન્જિનિયરિંગ અને ગણિત)ના વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ છે, જે તેમને અભ્યાસ પૂર્ણ કર્યા પછી ૩ વર્ષ સુધી યુએસમાં રહેવા અને કામ કરવાની મંજૂરી આપે છે. જો બિલ પસાર થઈ જાય તો વિદ્યાર્થીઓએ H-1B વિઝા ન મેળવ્યા સિવાય અભ્યાસ પૂર્ણ કર્યા પછી તરત જ દેશ છોડવો પડશે. આ નિર્ણય એવા સમયે લેવામાં આવી રહ્યો છે જ્યારે ટ્રમ્પ સરકારની ટેરિફ નીતિઓને કારણે ઘણા દેશોને મોટો ફટકો પ ડ્યો છે.અમેરિકામાં આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓમાં ભારતીય વિદ્યાર્થીઓ સૌથી વધુ છે. ઓપન ડોર્સ રિપોર્ટ અનુસાર ૨૦૨૩-૨૪માં અમેરિકામાં ૧૧ લાખ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓમાંથી ૩.૩૧ લાખ ભારતીય હતા. આ વિદ્યાર્થીઓ મુખ્યત્વે STEM અભ્યાસક્રમોનો અભ્યાસ કરે છે અને OPT દ્વારા વ્યાવસાયિક અનુભવ મેળવે છે. આનાથી H-1B વિઝા મેળવવામાં તેમની દાવેદારી મજબૂત બને છે. હવે નવા ફેરફારો તેમના કરિયર પર ગંભીર અસર કરી શકે છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે આ પગલું ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્રની કડક ઈમિગ્રેશન નીતિઓનો એક ભાગ છે. તેમણે પોતાના ચૂંટણી પ્રચાર દરમિયાન મોટા પાયે દેશનિકાલ અને વિઝા નિયમો કડક બનાવવાનું વચન આપ્યું હતું.નવા પ્રસ્તાવથી ફક્ત ભારતીય વિદ્યાર્થીઓ જ નહીં પરંતુ અન્ય દેશોના વિદ્યાર્થીઓને પણ અસર થશે. એક્સપર્ટ્સનું કહેવું છે કે, આના કારણે ઘણા વિદ્યાર્થીઓ હવે કેનેડા અને યુરોપ જેવા વૈકલ્પિક દેશો તરફ વળી શકે છે, જ્યાં ૨૦૨૫-૨૬ માટે ભારતીય અરજીઓમાં ૨૦%નો વધારો જોવા મળી રહ્યો છે.

## કેનેડામાં લઘુતમ વેતનમાં વધારો લાખ્ખો ભારતીયોને ફાયદો થશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

કેનેડા સરકારે ખાનગી ક્ષેત્રમાં કામ કરતા લોકો માટે ફેડરલ લઘુત્તમ વેતન પહેલી એપ્રિલથી પ્રતિકલાક ૧૭.૩૦ કેનેડિયન ડોલરથી વધારી ૧૭.૭૫ કેનેડિયન ડોલર કરવાનો નિર્ણય કર્યો છે. સરકારના આ નિર્ણયથી કેનેડામાં અભ્યાસ કરતા અને રહેતા લાખ્ખો ભારતીયોને વધી રહેલા જીવનનિર્વાણ ખર્ચ વચ્ચે થોડી રાહત મળશે. રોજગાર અને શ્રમ પ્રધાન સ્ટીવન મેકકિનને એક નિવેદનમાં જણાવ્યું હતું કે ફેડરલ લઘુત્તમ વેતન કેનેડિયન કામદારો અને વ્યવસાયો બંને માટે સ્થિરતા અને નિશ્ચિતતા લાવે છે અને સમગ્ર દેશમાં આવક અસમાનતા ઘટાડવામાં મદદ કરે છે. આજનો વધારો આપણને વધુ ન્યાયી અર્થતંત્રના નિર્માણ તરફ એક પગલું નજીક લાવે છે. નોકરીદાતાઓને તેમની પગાર પ્રણાલીને અપડેટ કરવા તથા ઈન્ટર્ન સહિત તમામ કર્મચારીઓને અપગ્રેડેડ દરે વેતન ચુકવવાની તાકીદ કરાઈ છે. કેનેડામાં વાર્ષિક કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સને આધારે દર વર્ષે પહેલી એપ્રિલે ફેડરલ લઘુતમ વેતનમાં સુધારો કરવામાં આવે છે. કેનેડામાં મોંઘવારીમાં વધારો ૨૦૨૫ની ચૂંટણીમાં એક મહત્ત્વનો મુદ્દો બનશે. કેનેડાની કુલ વસ્તીમાં ભારતીયોનું પ્રમાણ ૩.૭ ટકા છે અને ૨.૪ ટકાના આ વેતનવધારાથી તેમને લાભ થશે. ૨૦૨૪માં કેનેડામાં કુલ કામચલાઉ શ્રમિકો અથવા ગિગ વર્કર્સમાં ભારતીયોનો હિસ્સો ૨૨ ટકા હતો.

**વિશેષ** શિક્ષણ રાજ્ય મંત્રી પ્રફુલભાઇ પાનશેરીયા સહિત રાજ્યની તમામ સરકારી યુનિવર્સિટીઓના વાઇસ ચાન્સેલર આ સર્વગ્રાહી સમીક્ષા બેઠકમાં સહભાગી બન્યા

# GCAS પોર્ટલ મારફતે કોલેજમાં એડમિશન મેળવવા રાજ્યના કોઇપણ વિદ્યાર્થીને હાલાકી ન પડે તેનું ખાસ ધ્યાન રાખવા મંત્રી ઋષિકેશ પટેલની સૂચના

। (માહિતી) ગાંધીનગર ।





આજે ગાંધીનગર ખાતે ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ મંત્રીશ્રી ઋષિકેશ પટેલની અધ્યક્ષતામાં GCAS (ગુજરાત કોમન એડમિશન સર્વિસિઘ) એડમિશન પોર્ટલની સર્વગ્રાહી સમીક્ષા બેઠક યોજાઇ હતી.

આ બેઠકમાં શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરીયા, અધિક મુખ્ય સચિવ શ્રીમતી સુનયના તોમર, રાજ્યની તમામ સરકારી યુનિવર્સિટીઝના વાઈસ ચાન્સેલર પણ જોડાયા હતા. ગત્ વર્ષે રાજ્યની સરકારી યુનિવર્સિટીઝમાં એડમિશન માટે લોન્ચ કરવામાં આવેલ GCAS પોર્ટલ મારફતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માટેની એડમિશન પ્રક્રિયા ધોરણ-૧૨ ગુજરાત બોર્ડના પરિણામ બાદ હાથ ધરવામાં આવનાર છે. જેમાં પ્રો-એક્ટિવલી તમામ તૈયારીના ભાગરૂપે આજે યોજાયેલ સમીક્ષા બેઠકમાં ગત્ વર્ષે ધ્યાનમાં આવેલ ત્રુટિઓ, પ્રવેશ સલાહકાર સમિતિની ભલામણો તેમજ મંત્રીશ્રીની સૂચનાને પગલે વિભાગને સમગ્ર પ્રક્રિયા સઘન અને સરળ બનાવવા માટે સોંપવામાં આવેલી કામગીરીની વિગતવાર સમીક્ષા કરાઈ હતી. આ બેઠકમાં ઉપસ્થિત તમામ વાઈસ ચાન્સેલરશ્રીઓને સ્થાનિક સ્તરે તેમની વિવિધ કૉલેજમાં એડમિશન માટે આવતા એકપણ વિદ્યાર્થીને હાલાકી ન પડે તે પ્રકારની વ્યવસ્થા હાથ ધરવા મંત્રીશ્રી ઋષિકશ પટેલે સૂચના આપી હતી. રાજ્યના તમામ સરકારી યુનિવર્સિટીઘ સંચાલિત કૉલેજમાં ફી ફોર્મ ફિલીંગ અને વેરીફેકશન સેન્ટર્સ કાર્યરત કરવાની અગાઉ આપવામાં આવેલી સૂચનાનું પણ રીવ્યું કરવામાં આવ્યું હતુ. આ યુનિવર્સિટીઝમાં કુલ ૧૮૩૮ જેટલા ફી ફોર્મ ફિલીંગ સેન્ટર અને કુલ ૧૭૯૬ જેટલા વેરિફિકેશન સેન્ટર્સ કાર્યરત થનાર છે. તદ્ઉપરાંત અન્ય ૧૨ થી ૧૪ જેટલા માંપદંડો અને એડમિશન પોર્ટલ સંલ્ગન કામગીરીનું રીવ્યું કરીને બાકીની કામગીરીને ૧૫ એપ્રિલ સુધી પુર્ણ કરવા મંત્રીશ્રીએ સૂચના આપી હતી.

GCAS મારફતે એડમિશન મેળવવા માટે માહિતી મેળવવા કે પડતી મુશકેલીઓની રજુઆત કે ફરિયાદ કરવા માટે રાજ્ય સ્તરીય તેમજ યુનિવર્સિટી સ્તરે હેલ્પલાઈન પણ કાર્યરત કરવામાં આવનાર છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સરકારી યુનિવર્સિટીઝની કૉલેજમાં એડમિશન મેળવવા માટે વન સ્ટોપ સોલ્યુશન સેન્ટર તરીકે GCAS પોર્ટલનો ગત્ વર્ષે શુભારંભ કરવામાં આવ્યો છે.જેમાં ગત્ વર્ષે યુ.જી. અને પી.જી.માં થઈને કુલ ૪.૫૫ લાખ જેટલા વિદ્યાર્થીઓએ એડમિશનનો લાભ લીધો હતો.

# સત્રના બીજા દિવસે કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જૂન ખડગેએ મોદી સરકાર પર આકરા પ્રહારો કર્યા

### ખડગેએ લોકસભા સ્પીકરની ભૂમિકા પર સવાલ ઉઠાવતા કહ્યું કે રાહુલ ગાંધીને બોલવા દેવામાં આવ્યા ન હતા



**। (એજન્સી) અમદાવાદ, તા.૯ ।**

ગુજરાતના અમદાવાદમાં કોંગ્રેસ પાર્ટીનું ૮૪ મું અધિવેશન ચાલી રહ્યું છે. આ પ્રસંગે દેશભરમાંથી ૧,૭૦૦ થી વધુ કોંગ્રેસના પ્રતિનિધિઓ ભાગ લઈ રહ્યા છે. સત્રના બીજા દિવસે કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જૂન ખડગેએ કેન્દ્રની મોદી સરકાર પર આકરા પ્રહારો કર્યા. તેમણે કહ્યું કે સરકારે તાજેતરમાં પૂર્ણ થયેલા સંસદના બજેટ સત્રમાં મનમાનીથી કામ કર્યું. ખડગેએ લોકસભા સ્પીકરની ભૂમિકા પર સવાલ ઉઠાવતા કહ્યું કે રાહુલ ગાંધીને બોલવા દેવામાં આવ્યા ન હતા, જે લોકશાહી માટે ખૂબ જ શરમજનક બાબત છે.

મલ્લિકાર્જૂન ખડગેએ મોદી સરકાર પર જોરદાર નિશાન સાધ્યું. તેમણે કહ્યું, "સંસદ સવારે ૫ વાગ્યા સુધી ચાલુ હતું, પરંતુ સરકાર પાસે મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા કરવાનો સમય નહોતો. આ બતાવે છે કે આ લોકો લોકશાહીને કેટલી ગંભીરતાથી લે છે." ખડગેએ કહ્યું કે અમેરિકાએ ભારત પર ૨૬ ટકા ટેરિફ લાદ્યો, પરંતુ સંસદમાં તેની ચર્ચા થવા દેવામાં આવી નહીં. તેમણે એવો પણ આરોપ લગાવ્યો કે દેશની સરકારી સંપત્તિ ધીમે ધીમે ખાનગી કંપનીઓને વેચાઈ રહી છે.

ખડગેએ પોતાની વાત આગળ વધારતા કહ્યું, "જો આ પરિસ્થિતિ ચાલુ રહેશે, તો એક દિવસ એવો આવશે જ્યારે મોદી સરકાર અને મોદીજી પોતે દેશની સંપત્તિ વેચીને ચાલ્યા જશે. હું આ સ્પષ્ટપણે કહી રહ્યો છું." કોંગ્રેસ અધ્યક્ષે વધુમાં કહ્યું, "એરપોર્ટ હોય, ખાણકામ હોય, મીડિયા હાઉસ હોય કે ટેલિકોમ, આ સરકાર તે તેના ઉદ્યોગપતિ મિત્રોને આપી રહી છે. આ આપણી રાષ્ટ્રીય સુરક્ષા માટે પણ ખતરો છે." તેમણે આગળ કહ્યું, "તેઓ કોંગ્રેસને ગાળો આપવા સિવાય કંઈ કરતા નથી. ચૂંટણી સંસ્થાઓ પણ તેમના નિયંત્રણમાં છે. ચૂંટણીમાં કૌભાંડો થઈ રહ્યા છે. વિશ્વના વિકસિત દેશો ઈફ્સ છોડીને બેલેટ પેપર તરફ આગળ વધી રહ્યા છે. પરંતુ આપણે ઈફ્સ પર ચાલી રહ્યા છીએ. આ બધું છેતરપિંડી છે, હું આ કહીશ. તમે એવી ટેકનોલોજી બનાવી છે જેનો ફાયદો ફક્ત તમને જ થાય છે. જો તમે આવી ટેકનોલોજી બનાવીને વિપક્ષને દબાવવા માંગતા હો, તો કાલે દેશના યુવાનો ઉભા થશે અને કહેશે કે અમને બેલેટ પેપર જોઈએ છે, ઈફ્સ નહીં."

ખડગેએ વધુમાં કહ્યું, "૧૧ વર્ષમાં, વિપક્ષે રાજ્યો સાથે સાવકી માતા જેવું વર્તન કર્યું છે. કેન્દ્ર-રાજ્ય સંબંધો એટલા સારા હતા કે કોઈ પણ આવીને કંઈપણ માંગી શકે છે. મોદીજીની સરકારમાં જે કંઈ સાચું છે, બજેટમાં જે કંઈ પણ જાહેર કરવામાં આવ્યું છે, તે મોદી ક્યારેય આપ તા નથી. આપણા મુખ્યમંત્રીઓ નરેગા માટે ભંડોળ માટે ઝંખે છે, પરંતુ મોદી સરકાર તેના પર ધ્યાન આપતી નથી કારણ કે તેમના મિત્રો ધનવાન છે. જે ધનવાનોનો મિત્ર છે તે ગરીબોનો મિત્ર ન હોઈ શકે."

ભાજપ ૧૫૦ બેઠકો પર ચૂંટણી લડે છે, ૧૩૮ બેઠકો જીતે છે. મહારાષ્ટ્રમાં જે છેતરપિંડી થઈ તે લોકશાહીનો નાશ કરવા માટે કરવામાં આવી હતી. અમારા વકીલો અને નેતાઓએ મતદાર યાદીમાં થયેલી ભૂલો પર કામ કર્યું. ચોરી કરનાર ચોર કોઈ ને કોઈ દિવસ પકડાઈ જાય છે. આજે ૧૫ લાખ લોકો વિદેશમાં સ્થાયી થયા છે. રોજગાર માટે વિદેશ ગયેલા યુવાનોને અમેરિકાથી સાંકળોથી બાંધીને ભારત પાછા મોકલવામાં આવી રહ્યા છે. પણ આપણા પીએમ ચૂપ રહે છે. જ્યારે લોકો સાથે અન્યાય થાય છે, ત્યારે પીએમ ચૂપ થઈ જાય છે. શાસક પક્ષ વારંવાર કહેવાનો પ્રયાસ કરી રહ્યો છે કે ભારતનો વિકાસ ૨૦૧૪ પછી થયો છે. ચંદીગઢ પછી, દેશનું સૌથી આધુનિક શહેર, ગાંધીનગર, કોંગ્રેસના સમયમાં બનાવવામાં આવ્યું હતું.

પીએમ મોદી પર કટાક્ષ કરતા ખડગેએ કહ્યું, "તમે ૧૧ વર્ષથી પીએમ છો, ૧૩ વર્ષથી મુખ્યમંત્રી છો, શું તમે અહીં ગરીબી દૂર કરી? એક દલિત વ્યક્તિ, જે તેમના સમયમાં રામનવમી પર મંદિર ગયો હતો, જ્યારે તે બહાર આવ્યો, ત્યારે ત્યાંના લોકો તેને શુદ્ધ કરવા માટે ગંગાજળ લાવ્યા. જે દલિત છે તે પણ હિન્દુ છે."






## મલ્લિકાર્જુન ખડગેએ કોંગ્રેસ નેતાઓને આપ્યો ઠપકો

**કોંગ્રેસે આગામી ચૂંટણીઓ માટે અગાઉથી જ તાડામાર તૈયારીઓ શરૂ કરી દીધી છે. પહેલાં બિહાર અને હવે ગુજરાતમાં ચૂંટણી માટે પોતાના કાર્યકરો અને નેતાઓમાં જુસ્સો જગાડવા પ્રયાસો કરી રહ્યું છે. ગુજરાતમાં ૬૪ વર્ષ બાદ યોજાયેલા કોંગ્રેસ અધિવેશનને સંબોધિત કરતાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ પક્ષના નેતાઓને કડક ભાષામાં સંદેશ આપ્યો છે. તેમણે પક્ષના નેતાઓ અને કાર્યકરોને કામ ન થતું હોય તો રિટાયરમેન્ટ લઈ લેવા કહ્યું છે.ખડગેએ કહ્યું કે, સંગઠનમાં જિલ્લા કોંગ્રેસ કમિટીના અધ્યક્ષોની ભૂમિકામાં વધારો કરવામાં આવશે. તેમજ તેમની નિમણૂક અખિલ ભારતીય કોંગ્રેસ કમિટી દ્વારા જારી દિશા-નિર્દેશો અનુસાર, કડક અને નિષ્પક્ષતાથી કરવી જોઈએ. જિલ્લા અધ્યક્ષે પોતાની નિમણૂકના એક વર્ષની અંદર સવર્શ્રેષ્ઠ લોકો સાથે જોડાઈ બૂથ સમિતિ, મંડલ સમિતિ, બ્લોક સમિતિ અને જિલ્લા સમિતિ બનાવી છે. જેમાં કોઈ પક્ષપાત કરવામાં આવશે નહીં. ખડગેએ પક્ષમાં નિષ્ક્રિય ભૂમિકા ભજવતાં લોકોને આકરા શબ્દોમાં કહી દીધું છે કે, જે લોકો પક્ષમાં કામ કરી શકતા નથી. તેમણે આરામ કરવાની જરૂર છે. તેઓ પોતાની જવાબદારી નિભાવી શકતા નથી, તો તેમણે હવે રિટાયરમેન્ટ લઈ લેવું જોઈએ. પક્ષ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી અને સરદાર વલ્લભભાઈ પટેલના સિદ્ધાંતોને આધિન કામ કરે છે. આજે આપણે સાબરમતીના તટ પરથી દેશને આગળ વધારવાનો પ્રયાસ શરૂ કરીશું. ખડગેએ સરદાર પટેલની વાતોને યાદ કરાવતાં કહ્યું કે, એકતા વિના સંખ્યા કોઈ કામની નથી. સંખ્યા વાસ્તવિક શક્તિ નથી, એકતા છે. સૂતરના દોરા પણ અલગ-અલગ હોય તો તે ઝડપથી તૂટી જાય છે. પરંતુ જ્યારે તે એકસાથે ભેગા થઈ જાય તો તેને તોડવા અશક્ય છે. તે જાડું કાપડું બને છે. ત્યારે તેની શક્તિ, સુંદરતા અને ઉપયોગિતા અદ્ભૂત બની જાય છે. કોંગ્રેસ અધ્યક્ષે જણાવ્યું કે, આપણે ફરી ભારતની આઝાદી માટે લડવાનું છે. આ વખતે આઝાદીની લડાઈ અન્યાય, અસમાનતા, ભેદભાવ, ગરીબી અને સાંપ્રદાયિકતા વિરૂદ્ધ છે.**

## AICC ના મંચ પર કોંગ્રેસ નેતાની વેદના
## એક દીકરો સપામાં અને બીજો ભાજપમાં અને બાપ કોંગ્રેસનો શહેર પ્રમુખ

**। અમદાવાદ, તા.૯ ।**

ગુજરાતમાં કોંગ્રેસના રાષ્ટ્રીય અધિવેશનનું આયોજન કરવામાં આવ્યું છે. બુધવારે (૯ એપ્રિલ) બીજા દિવસે પ્રસ્તાવ પર ચર્ચા દરમિયાન AICC સભ્યોએ જાહેર મંચ પર પાર્ટીની ખામીઓ પર વાત કરી અને પોતાનો પક્ષ મૂક્યો. ઉત્તર પ્રદેશના કોંગ્રેસ નેતા આલોક મિશ્રાએ સંગઠનમાં નિયુક્તિ પર સવાલ ઊભા કર્યા હતા. તેમણે કહ્યું કે, પાર્ટીએ એક એવો શહેર પ્રમુખ બનાવ્યો, જેનો એક દીકરો સપા છે અને બીજો ભાજપમાં કામ કરે છે. તેઓ મંચ ઉપરથી ગરજી રહ્યા હતાં, ત્યારે પાર્ટી હાઈકમાન્ડે પણ તાળીઓથી તેમની વાતને વધાવી હતી. કોંગ્રેસ નેતા આલોક મિશ્રાએ કહ્યું કે, એક કાર્યકર્તા જે ૧૯૮૨થી કોંગ્રેસમાં છે તે આજે કોંગ્રેસને અપીલ કરે છે, આપણે ભાજપ સાથે પછી લડીએ છીએ, પહેલાં કોંગ્રેસી અંદરોઅંદર લડે છે. એકવાર નક્કી કરી લો કે, કોઈપણ નિર્ણય જે ઉપરથી નક્કી થશે, તેને આપણે સહર્ષ સ્વીકારીશું. ત્યાં સુધી એકબીજા સાથે નહીં લડીએ, જ્યાં સુધી કોંગ્રેસ પાર્ટીને સત્તામાં ન લાવી દઈએ. આપણે પાર્ટીને સત્તામાં લાવીને જ જંપીશું. આલોક મિશ્રાએ આગળ કહ્યું કે, રાહુલજી અને ખડગેજી, હું તમને કહેવા આવ્યો છું કે, તમારે ભાજપને દૂર કરવી હોય અને કોંગ્રેસની અંદર જે ભાજપના લોકો છે, તેને દૂર કરવા હોય તો હું તમને પૂછવા ઈચ્છું છે કે, જો કોઈ શહેર અધ્યક્ષ છે, જેનો એક દીકરો સપામાં હોય અને બીજો ભાજપમાં... શું તે પ્રમુખ બનવા લાયક છે? જો તે શહેર પ્રમુખ બનવા લાયક છે તો અમે પણ તેનો સ્વીકાર કરીએ છીએ. વધુમાં મિશ્રાએ કહ્યું કે, કાનપુરમાં આપણે ૪ લાખ ૨૨ હજાર મત હાંસલ કર્યા. આ તક મને મળી, જે ઈતિહાસમાં ઈ.સ ૧૯૪૭થી કોઈને નથી મળી.

## ૫૦ ટકા અનામતની દિવાલ તોડી દઇશું : રાહુલ ગાંધી



**અમદાવાદમાં આયોજિત કોંગ્રેસ અધિવેશનમાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ પોતાની પાર્ટીના ઇતિહાસ વિશે જણાવ્યું. તેમણે કહ્યું કે '૧૦૦ વર્ષ પહેલાં મહાત્મા ગાંધી કોંગ્રેસ પાર્ટીના અધ્યક્ષ બન્યા હતા અને ૧૫૦ વર્ષ પહેલાં સરદાર પટેલજીનો જન્મ થયો હતો. આ બંને કોંગ્રેસ પાર્ટીનો પાયો છે. હું પછાત લોકો માટે કામ રહ્યો છું.' કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ વધુમાં કહ્યું કે 'તેલંગાણામાં જાતિ ગણતરી કરવા માટે અમે એક ક્રાંતિકારી પગલું ભર્યું છે. અમારે જાણવું હતું કે આ દેશમાં કોની કેટલી ભાગીદારી છે. મેં સંસદમાં પીએમ મોદીને કહ્યું હતું કે તમે જાતિ ગણતરી કરાવો. દેશને ખબર હોવી જોઇએ કે કેટલા દલિત છે, કેટલા પછાત છે, ગરીબ જનરલ વર્ગના લોકો કેટલા છે.' પીએમ મોદી અને આર.એસ.એસ.એસએ સ્પષ્ટ કરી દીધું કે અમે જાતિ આધારિત વસતી ગણતરી કરાવવા માંગતા નથી. અમે સંતાડવા માંગીએ છીએ. મેં કહ્યું કે, તમે છુપાવવું હોય એટલું છુપાવો.**

## ગાંધી આશ્રમ ખાતે પ્રાર્થના સભામાં પી. ચિદમ્બરમની તબિયત બગડી



**અમદાવાદમાં બે દિવસીય રાષ્ટ્રીય કોંગ્રેસ અધિવેશન યોજાયું છે. અમદાવાદના સરકાર વલ્લભભાઈ પટેલ રાષ્ટ્રીય સ્મારકમાં આયોજિત બેઠકમાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, પાર્ટી સંસદીય દળના પ્રમુખ સોનિયા ગાંધી, લોકસભામાં નેતા વિપક્ષ રાહુલ ગાંધી, સંગઠન મહાસચિવ કેસી વેણુગોપાલ, મહાસચિવ જયરામ રમેશ, મુકુલ વાસનિક, પી. ચિદમ્બરમ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ કમિટીના અધ્યક્ષ શક્તિસિંહ ગોહિલ અને કેટલાક અન્ય વરિષ્ઠ નેતાઓ સામેલ થયા હતા.આ રાષ્ટ્રીય અધિવેશનની ઈવેન્ટમાં એક કાર્યક્રમ દરમિયાન પ્રાર્થના સભામાં પી. ચિદમ્બરમની તબિયત બગડી હોવાની માહિતી મળી રહી છે. રાજ્યસભા સાંસદ પી. ચિદમ્બરમ સાબરમતી આશ્રમમાં ગરમીને કારણે બેભાન થઈ ગયા હતા.**

### ધારાસભ્યોની ગ્રાન્ટમાં કરાયો ધરખમ વધારો

## ૧.૫ કરોડની ગ્રાન્ટ વધારીને ૨.૫ કરોડ કરાઈ, ૧ કરોડ વધી

### પીએમ મોદીએ કરેલા વિકસિત ભારતના નિર્માણના આહવાનને ગુજરાતમાં વિકસિત ગુજરાતથી ઝિલી લેવાની દિશામાં એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે

**। (એજન્સી) ગાંધીનગર, તા.૯ ।**

ગુજરાત સરકારે આજે એક મોટો નિર્ણય લીધો છે, રાજ્યમાં ધારાસભ્યને મળતી ગ્રાન્ટમાં ધરખમ વધારો કર્યો છે. ધારાસભ્યોને મત વિસ્તાર દીઠ અપાતી ગ્રાન્ટમાં એક કરોડનો વધારો કરવામાં આવ્યો છે. ધારાસભ્યોને અગાઉ અપાતી દોઢ કરોડની ગ્રાન્ટ વધારીને અઢી કરોડની કરવામાં આવી છે. ધારાસભ્યોએ પોતાની ગ્રાન્ટમાંથી ૫૦ લાખના કામો કેચ ધ રેન માટે કરવા પડશે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કરેલા વિકસિત ભારતના નિર્માણના આહવાનને ગુજરાતમાં વિકસિત ગુજરાતથી ઝિલી લેવાની દિશામાં એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રીએ દેશના વિકાસ માટે રાજ્યના વિકાસને વેગવંતો બનાવવા તથા વિકાસના રોલ મોડેલ તરીકે ગુજરાતની પ્રસ્થાપિત ઓળખ વધુ ઉન્નત બને તે માટે રાજ્યના ધારાસભ્યઓને મતવિસ્તારના વિકાસ કામો માટે ફાળવવામાં આવતી ગ્રાન્ટમાં માતબર વધારો કર્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના આ નિર્ણય અનુસાર ધારાસભ્યઓને સ્થાનિક અગત્ય ધરાવતા સામૂહિક વિકાસના કામો માટે ફાળવાતી હાલની વાર્ષિક ૧.૫૦ કરોડ રૂપિયાની ગ્રાન્ટમાં ૧ કરોડ રૂપિયાનો વધારો કરીને હવે આવી વાર્ષિક ગ્રાન્ટ ૨.૫૦ કરોડ રૂપિયા પ્રમાણે અપાશે. મુખ્યમંત્રીએ રાજ્યના ધારાસભ્યો પોતાના વિસ્તારોમાં વરસાદી પાણીના સંગ્રહ અને સંચય માટેના કામો હાથ ધરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી પ્રેરિત 'કેચ ધ રેઈન' અભિયાનને વેગ આપે તેવો અભિગમ પણ આ ગ્રાન્ટ ફાળવણીમાં રાખ્યો છે. વરસાદી પાણીના સંગ્રહથી ભવિષ્યની જળ સુરક્ષા સુનિશ્ચિત કરવા અને ભૂગર્ભ જળ સ્તર ઊંચા લાવવાના હેતુંથી રાજ્યમાં ૨૦૧૮થી દર વર્ષે સુજલામ સુફલામ જળ અભિયાન યોજાય છે.

## પશ્ચિમ રેલ્વે ચલાવશે વટવા અને હુબલી વચ્ચે ઉનાળુ સ્પેશિયલ ટ્રેન

**। અમદાવાદ, તા.૯ ।**

પશ્ચિમ રેલ્વે દ્વારા મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને વટવા અને હુબલી વચ્ચે વિશેષ ભાડા પર સાપ્તાહિક ઉનાળુ વિશેષ ટ્રેન ચલાવવાનો નિર્ણય લીધો છે. આ ટ્રેનની વિગતો નીચે મુજબ છેઃ

ટ્રેન નંબર ૦૭૩૩૪ /૦૭૩૩૩ વટવા-હુબલી-વટવા સ્પેશિયલ ટ્રેન (કુલ ૨૦ ટ્રીપ્સ)

ટ્રેન નંબર ૦૭૩૩૪ વટવા-હુબલી સ્પેશિયલ ૧૪ એપ્રિલ ૨૦૨૫ થી ૧૬ જૂન ૨૦૨૫ સુધી દર સોમવારે વટવાથી ૨૧:૪૫ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૧૯:૪૫ કલાકે હુબલી પહોંચશે. તેવી જ રીતે, ટ્રેન નંબર ૦૭૩૩૩ હુબલી-વટવા સ્પેશિયલ ૧૩ એપ્રિલ ૨૦૨૫ થી ૧૫ જૂન ૨૦૨૫ સુધી દર રવિવારે હુબલી થી ૧૯:૩૦ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૧૮.૪૫ કલાકે વટવા પહોંચશે.

માર્ગમાં, બંને દિશાઓ માં આ ટ્રેન આણંદ, વડોદરા, સુરત, વાપી, બોઈસર, વસઈ રોડ, કલ્યાણ, લોનાવાલા, પુણે, સાંગલી, મિરજ, કુડાલ, રાયબાગ, ઘટપ્રભા, ગોકાક રોડ, બેલગામ, લોંડા, અલનાવર અને ધારવાડ સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં ફર્સ્ટ એસી, સેકન્ડ એસી, થર્ડ એસી, સ્લીપર અને જનરલ ક્લાસ કોચ હશે.

ટ્રેન નંબર ૦૭૩૩૪ નું બુકિંગ ૧૧ એપ્રિલ ૨૦૨૫ થી પીઆરએસ કાઉન્ટર અને આઈઆરસીટીસી વેબસાઈટ પર શરૂ થશે. ટ્રેનોના સ્ટોપેજ સમય અને સંરચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

### સુરતની લાજપોર મધ્યસ્થ જેલ, બની શિક્ષણ મંદિર

## બંદીવાન શિક્ષકોએ બંદીવાન વિદ્યાર્થીઓને ભણાવી આપ્યું ૧૦૦ ટકા રીઝલ્ટ

### જેલમાં પાકા કામના કેદીઓ જે ભણવાની જિજીવિષા ધરાવતા હોય તેવા કેદીઓ માટે મહાત્મા ગાંધી વિદ્યાલય બનાવવામાં આવી

**। (એજન્સી) સુરત, તા.૯ ।**

ગુજરાત આજે શિક્ષણ ક્ષેત્રે આગળ વધી રહ્યું છે, ત્યારે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં ગુજરાતનો કોઈ પણ નાગરીક શિક્ષણથી વંચિત ન રહે તેવું રાજ્ય સરકારનું હરહંમેશ આયોજન રહ્યું છે. તેવી જ રીતે કેદીઓ પણ શિક્ષણના અધિકારથી વંચિત ન રહે તે માટે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીના નેતૃત્વમાં બંદીવાન કેદીઓને શિક્ષણ આપવાનું ઉમદા કાર્ય જેલોમાં થઈ રહ્યું છે. જેલમાં પાકા કામના કેદીઓ જે ભણવાની જિજીવિષા ધરાવતા હોય તેવા કેદીઓ માટે લાજપોર મધ્યસ્થ જેલ, સુરત ખાતે મહાત્મા ગાંધી વિદ્યાલય બનાવવામાં આવી છે. જેમાં અશિક્ષિત કુલ ૨૬૭ બંદીવાનોને બંદીવાન શિક્ષકો દ્વારા અક્ષરજ્ઞાન આપી સાક્ષર કરવામાં આવ્યા છે, સાથોસાથ જેલમાં રહેલ તણાવયુક્ત અને માનસિક સહકારની જરૂર હોય તેવા નિરક્ષર કુલ ૧૬ બંદીવાનોનું કાઉન્સેલીંગ કરી બંદીવાન દ્વારા શિક્ષા આપી તેમણે સાક્ષર કરવામાં આવ્યા છે. મહાત્મા ગાંધી વિદ્યાલયમાં પાકા પાયાના કેદીઓને ગુણવત્તાયુક્ત અને સ્માર્ટ શિક્ષણ મળી રહે તે માટે વર્ષ – ૨૦૨૪માં એલ એન્ડ ટી કંપનીના સહયોગથી રૂ.૧૮ લાખના ખર્ચે "ડિજિટલ સ્માર્ટ ક્લાસ રૂમ" તૈયાર કરવામાં આવ્યા. ડિજિટલ સ્માર્ટ ક્લાસનું અનાવરણ ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે કરવામાં આવ્યું હતું. આ જેલ ખાતે વર્ષ – ૨૦૨૪-૨૫માં ધો-૧૦ના ૧૬, ધો- ૧૨ના ૯અને ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના સર્ટીફીકેટ કોર્ષમાં ૩૨ કેદીઓઓ મળીને કુલ ૫૭ બંદીવાનોએ અભ્યાસ પૂર્ણ કર્યો હતો. આ જેલની શાળામાં વર્ષ ૨૦૨૨-૨૩ અને વર્ષ ૨૦૨૩-૨૪માં ધો ૧૦માં અને ધો ૧૨માં પરીક્ષાનું પરિણામ ૧૦૦% આવ્યું હતું.

### અમદાવાદ ગ્રામ્ય જિલ્લાની

## શાળાઓમાં શોર્ટ સર્કીટની સંભવિત ઘટનાઓ નિવારવા જરૂરી પગલાં લેવા સૂચના અપાઇ

**। અમદાવાદ, તા.૯ ।**



હાલમાં ઉનાળાની ઋતુમાં સમગ્ર રાજ્યની સાથે અમદાવાદ જિલ્લામાં પણ હિટવેવની અસરો જોવા મળી રહી છે ત્યારે જિલ્લા શિક્ષણાધિકારી અમદાવાદ ગ્રામ્ય દ્વારા અમદાવાદ ગ્રામ્ય જિલ્લાની શાળાઓમાં શોર્ટ સર્કીટની સંભવિત ઘટનાઓ નિવારવા જરૂરી પગલાં લેવા સૂચના આપવામાં આવી છે. ઈલેક્ટ્રિક શોર્ટ સર્કીટ સહીત વિવિધ કારણોસર આગ લાગવાના બનાવો બનવાની સંભાવનાઓને ધ્યાનમાં રાખીને જિલ્લાની સરકારી અનુદાનિત અને ખાનગી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓને અગમચેતીના ભાગરૂપે શાળાના તમામ વીજ ઉપકરણો તેમજ સંપૂર્ણ વાયરીંગની ચકાસણી કરી લેવા અને શોર્ટ સર્કીટનો કોઈ બનાવ બનવા ન પામે તે માટે આગોતરી ચકાસણી કરી લેવા સૂચના આપવામાં આવી છે. વધુમાં, શાળાઓમાં શોર્ટ સર્કિટ અટકાવવા માટે યોગ્ય વિદ્યુત પ્રણાલીની જાળવણી, સર્કિટ બ્રેકર અને ફ્યુઝનો ઉપયોગ, સારું ઈન્સ્યુલેશન અને ઓવરલોડિંગ સર્કિટ ઈત્યાદિ બાબતોની ચકાસણી કરીને જો કોઈપણ પ્રકારની ક્ષતિ જણાય તો તાત્કાલિક યોગ્ય રીપેરીંગ કરાવી લેવા પણ જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા જણાવવામાં આવ્યું છે. સાથે જ, શાળામાં ફાયર સેફટી સાધનો ચાલુ હાલતમાં હોય તેમજ તેની એક્સપાયરી તારીખની પણ ખાસ ચકાસણી કરી લેવા જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા શાળાઓને સૂચના આપવામાં આવી છે. 'સલામત શાળા, સુરક્ષિત ભવિષ્ય'ને ધ્યેયમંત્ર તરીકે સ્વીકારીને કામગીરી કરવા શાળાઓને અનુરોધ કરવામાં આવ્યો છે.

### ટેકનિકલ ખામી કે વીજ કંપનીની સ્માર્ટ કામગીરી

## સુરતના પાલનપોરમાં બપોરે લોકોએ સ્માર્ટ મીટરનો વિરોધ કર્યો

**। (એજન્સી) સુરત, તા.૯ ।**

સુરતના પાલનપોર વિસ્તારમાં આવેલી રહેણાંક સોસાયટીમાં વીજ કંપનીના કર્મચારી-અધિકારીએ કોઈ પણ મંજૂરી વિના દાદાગીરીથી સ્માર્ટ મીટર લગાવવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ વિરોધ થતા વીજ કંપનીએ મીટર લગાવવાની કામગીરી અટકાવવી પડી હતી. જોકે, ગઈખાલે બપોરે પાલનપોર વિસ્તારમાં વીજ કંપનીના અધિકારીઓ સાથે ઘર્ષણ થયાં બાદ મોડી રાત્રે પાલનપોર વિસ્તારમાં વીજળીના ધાંધીયા શરુ થયાં હતા. મોડી રાત્રીએ કલાકો સુધી પાવર ગયો હતો અને આજે પણ બપોરે થોડા સમય માટે પાવર કટ થયો હતો. જેના કારણે લોકોમાં એવી ચર્ચા છે કે, લોકોના વિરોધ બાદ ટેકનિકલ ખામી કે વીજ કંપનીની સ્માર્ટ કામગીરી છે ?સુરતના સૌરાષ્ટ્રીયન વિસ્તારમાં સ્માર્ટ વિરોધના આક્રમક વિરોધ બાદ કામગીરી પડતી મુકી વિરોધ ન થાય તેવા પાલનપોર વિસ્તારમાં સ્માર્ટ મીટર માટે કામગીરી શરૂ કરી હતી. પરંતુ પાલનપોરમાં પણ વીજ કંપનીના અધિકારી-કર્મચારીઓની દાદાગીરીના કારણે લોકોમાં ભારે આક્રોશ છે. રાજહંસ એપલ કેમ્પસમાં દાદાગીરીથી મીટર લગાવવાની કામગીરી કરવામાં આવી હતી જેનો લોકોનો વિરોધ થતા અધિકારીઓએ પોલીસ બોલાવી હતી. જોકે, લોકોએ પહેલા ફરજીયાત મીટરનો પરિપત્ર બતાવો પછી વિચારીશું તેવો જવાબ આપ્યો હતો. જોક, આ વિવાદ દરમિયાન કેટલાક લોકોએ આ કેમ્પસની કોઈ પણ ફરિયાદ હોય તો ધ્યાન ન આપવું તેવી વાત કરી હોવાનો આક્ષેપ કર્યો હતો. જોકે, અધિકારીઓ દ્વારા આ પ્રકારની વાત બપોરે કરી હતી અને હાલ યલો એલર્ટ માં આકરી ગરમી પડી રહી છે અને લોકો ગરમીમા શેકાઈ રહ્યાં છે તેવામાં રાત્રી દરમિયાન પાલનપોર વિસ્તારમાં પાવર કટ થઈ ગયો હતો. આકરી ગરમીમાં પાવર કટ થતા લોકો હેરાન થઈ ગયા હતા અને અનેક લોકો ગરમીથી બચવા માટે ઘરની બહાર નીકળી ગયા હતા.

### ગેસના બાટલાના પોસ્ટરો સાથે કલેક્ટર કચેરીએ સૂત્રોચ્ચાર

## રાજકોટમાં ગેસના ભાવ વધારાને પગલે આમ આદમી પાર્ટીનો વિરોધ

**। (એજન્સી) રાજકોટ, તા.૯ ।**

ગેસના ભાવવધારા સામે આમ આદમી પાર્ટીએ વિરોધ નોંધાવ્યો છે. જેમાં રાજકોટમાં આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓ ગેસના બાટલાના પોસ્ટરો સાથે કલેકટર કચેરી ખાતે પહોંચ્યા હતા અને ભાજપ સરકાર વિરૂદ્ધ સૂત્રોચ્ચાર પોકાર્યા હતા. જ્યાં ગેસનો ભાવ વધારો પરત ખેંચવાના બેનરોમાં ભાજપનાં કમળના નિશાનને ઉલટું બતાવવામાં આવ્યુ હતું. કેન્દ્ર સરકાર દ્વારા ભાવ વધારો પરત ખેંચવામાં આવે અથવા તો સબસિડી આપવામાં આવે તેવી માગ કરી હતી. આ સાથે દેશભરમાં રસ્તા રોકો આંદોલનની ચિમકી ઉચ્ચારવામાં આવી હતી. આમ આદમી પાર્ટીના રાજકોટ શહેર પ્રમુખ દિનેશ જોશીએ જણાવ્યું હતું કે, રાજકોટ કલેકટર કચેરીમાં મોંઘવારી વિરુદ્ધ અમે પ્રદર્શન કરવા માટે આવ્યા છીએ. કેન્દ્ર સરકારના પુરવઠા અને પેટ્રોલિયમ વિભાગ દ્વારા ગેસના બાટલાના ભાવમાં રૂ. ૫૦નો વધારો કરવામાં આવેલો છે, જેનો અમે વિરોધ કરી રહ્યા છીએ. ભય, ભ્રષ્ટાચાર અને મોંઘવારીની આ સરકાર પાસે બીજી અપેક્ષા આપણે શું રાખી શકીએ. આંતરરાષ્ટ્રીય ભાવ વધારો થયો નથી, પરંતુ કેન્દ્ર સરકાર દ્વારા ગેસના બાટલાના ભાવમાં વધારો કરી દેવામાં આવ્યો છે.ગૃહિણીઓને બે છેડા ભેગા કરવા મુશ્કેલ પડી રહ્યા છે, જેથી સરકાર ભાવ વધારો પરત ખેંચે અથવા તો સબસીડી આપે. જો આ માગણીઓ સંતોષવામાં નહીં આવે તો આમ આદમી પાર્ટી દ્વારા રસ્તા રોકો અને ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવામાં આવશે. ગેસના બાટલાના ભાવમાં વધારો થતા બહેનોને લાકડાથી રસોઈ કરવી કે શું તેવો સવાલ ઉપસ્થિત થયો છે. ગુજરાત રાજ્યમાં ગેસના બાટલાનો ભાવ વધારે છે. કારણ કે, અહીં લોકોએ ભાજપને મત આપેલા છે, જ્યારે અન્ય રાજ્યોમાં આ જ ભાજપ સરકાર રૂ. ૫૦૦માં ગેસનો બાટલો આપવાની વાતો કરે છે.જ્યારે આમ આદમી પાર્ટીની મહિલા કાર્યકર્તા રાજલ બારોટે જણાવ્યું હતુ કે, કેન્દ્રની ભાજપ સરકાર દ્વારા ગેસના બાટલાના ભાવમાં રૂપિયા ૫૦નો વધારો કરવામાં આવ્યો છે.